એક પરણેતરનો પ્યાર—પૈસા?

એક વારતા.

૬૫૫૩

એક પરણેતરનો પ્યાર-પૈસા?

એક વારતા.

(ઇંગ્રેજી ઉપરથી)

બનાવનાર,

બહેમનજી નવરોજી કાબરાજી,

"ફુરસદ" ના અધીપતી; "દેલજંગ દલેર," "સિપાહુબચ્ચાની સજની," "ધીરજનું ધન યાને સંકટ અને સબુરી," "પાકીજેહ પ્યાર યાને ખુશરો અને પરીચેહર," "ફરાંમરઝ," "કાચા કાનની ખરાબી યાને એબનેઝર અને શીરીન," "જુગાર," "કાવલાની કાંહાંણી,"—ભાગ ૧ લો, ૨ જો, ૩ જો, તથા ૪ થો, "સંસાર," "વફા પર જફા યાને ખુશબખ્ત અને ખુશચેહેર," "અંધારી રાતરે મગ કાલા," "બેહેરા બેહેલાકાકા," "એક પથરના પ્રતાપ," "સુખલાજીનાં સંકટો," "ભુલો પડેલો ભીખભાઈ," "ગામરેની ગોરી," "રંજનો બદલો ગંજ યાને સદગુણી શીરીનનાં સંકટો," ભાગ ૧લો, ૨જો, ૩જો, તથા ૪થો, "રસીકવારતા સંગ્રહ," ભાગ૧લો, "ભોલી ગુલ યાને ગુલની ભુલ," "કલજુગ," "ભુલનો ભોગ" ઈત્યાદીના કરતા.

મુંબઇ:

"સાક્ષર સહાયક-પ્રજાપ્રબોધક," છાપખાનાના પ્રીંટર રાધોબા સદોજીએ છાપ્યું છે.

૧૮૯૭.

એક પરણેતરનો પ્યાર—પૈસા?

અર્પણ.

આ વિશાલ સૃષ્ટી વિષે સંસારની અનુપમ શોભા એવી જે સહસ્ત્ર
સકલ ગુણસંપન્ન પરણેતરો, તેમની પવિત્ર સફની

મારી અસીલ અને ભલી મોહોરદાર

જરબાંનુ,

કે જેણે છેલ્લાં તેર વરસની પોતાની પરણી જીંદગીની પવિત્ર
કારકીરદીમાં સદા મારા સાચા પ્રેમને તુચ્છ પૈસાથી લખો વાર
જ્યાદા જાણ્યો છે, અને જેણે મારી રંક સ્થીતી છતાં એક
મોટાં કુટુંબપરિવારનાં મારાં ગરીબ ઘરને સંપમેલનાં
દરેક સુખમાં સદા આબાદ, ખુશાલ ને તરંતુ રાખ્યું છે,

તેને

તેવા મારા પ્રત્યેના તેના અખંડ પ્યાર ને અચુક ભક્તિભાવની
મારી દીલસોજ વખાણમાં,

આ એક વારતારૂપી અસરકારક અને ચાનક
આપનારૂં ચિત્ર,

કે જે

એક પરણી પ્રિયાનાં સુખને સારૂ ભર્તારનો પ્યાર પૈસા કરતાં
લખો વાર વધારે કીંમતી ને અવસ્ય જરૂરનો છે એમ
બેતકરાર સિધ્ધ કરી આપે છે તે

ઘણા પ્યાર ને મોહોબતમય લાગણીઓ સાથ
અર્પણ કરૂં છું.

બ. ન. કાબરાજી.

સપટેંબર ૧૮૯૭.

" But what strange art, what magic can dispose,
The troubled mind to change its native woes?
Or lead us willing from ourselves to see
Others more wretched-more undone than we?
This books can do; nor this alone; they give
New views to life, and teach us how to live;
They soothe the grieved-the stubborn they chastise,
Fools they admonish, and confirm the wise;
Their aid they yield to all; they never shun
The man of sorrow, nor the wretch undone;
Unlike the hard, the selfish and the proud,
they fly not sullen from the suppliant crowd;
Nor tell to various people various things,
But show to subjects what they show to kings."

દીબાચો.

આદમી કરતાં વેલા વધારે બળવાંન છે. ગુલજાર મુંબઇ નગરી પર આવી પડેલી છેલ્લી મોટી આફત જે નેહેસ્ત મરકી, તેણે લીધેલા કીંમતી ભોગો ને કરેલા સેંહેકડો બિગાડો ને અનર્થોની હરોલમાં, અમે પોતે વરસમાં એકાદ બે વાર આવાં પુસ્તકો સમેત અમારાં શોકીન વાંચ-નારાંઓની સેવામાં જીપલાવાનો અમારો સરેસ્તાનો દેખાવ નહીં કરી શકવા ખાતર અગત કરીને દલગીર છીએ. એવી રીતે છેલ્લાં સત્તર વરસના દરમ્યાનમાં એટલી હદ સુધી અસુરા થવા કે પછાત પડવાનો અમને કદી કમભાગ્ય પ્રસંગ થયોજ નથી! અમો દર વરસે આવાં એકાદ બે પુસ્તકો સાથે જાહેરમાં જાથુકનો દેખાવ કરતા રહયા છીએ, અને ફક્ત આએજ વખત એમ દોઢ વરસ મોડા થયા, કે જેના સબબમાં આ ખુલાસો અત્રે લખી વાલવો અમો જરૂરનો સમજીએ છીએ. એ જીવલેણ આફતની નાહાસભાગને લીધે અમારી આ "શોખની સેવા"નું કામ ઘણું ચઢી ગયું. અમારાં "ફુરસદ" ચોપાંન્યાંમાં બી આજ તુલક અમો અસુરા ને અનિયમીત છીએ, કે જે સઘળું પછાત પડેલું કામ આટોપી સેવાની મકસદથીજ અમને વળી આ વખ્તે એક નાનકડી વારતા સાથે દેખાવ કરી સંતોશ માની લેવો પડે છે.

ખુદ આ વારતા વિશે અમોએ અગતકરીને કેહવા જેવું કશું નથી. અમારી આગલી વારતાઓ પેઠે પારસી સંસારને લાગુ પાડી ઉપજાવી કાઢેલી આ એક સાદી સંસારી વારતા છે, જે તેની ચાનક ને અસરમાં અમારી આગલી સઘલી વારતાઓ પર સરસાઈ નહીં તો સરો-બરી ભોગવશે એમ માનવાનો અમને વિશ્વાસ છે. આ વારતામાં એક

દીબાચો.

પરણેતરના પ્યારનું શ્રેષ્ઠપણું પુરવાર કરવાને અમોએ પરિશ્રમ કરયો છે, ને અમારી અદના વારતાઓ જે બલવાંન અને પ્રમાણીક લોકમતને આધારે શોકીન સાહીત્યમાં એક સારી અગત્યતા પામવાને ભાગ્યશાલી નિવડી છે તે માટે અમારાં કદરદાન વાંચનારાંઓનો ઉપકાર માનતાં, આસપાસની માંગીને મેલવેલી રાઇ બી મતલબી કે ચાપલુસીખોર સીફારસોની કશી બી વ્યર્થ ઉમેદ કરયા વના, અમો આ અમારી નવી વારતા તેવાજ વિશ્વાસ ને સંતોષથી, તેજ ઇનસાફી વાંચકવર્ગની કદરસનાસ ખીદમતમાં રજુ કરવાને માન સમજીએ છીએ.

બ. ન. કાબરાજી,
રચનાર.

સપટેંબર ૧૮૯૧.

સાંકળીઉં.

એક પરણેતરનો પ્યાર—પૈસા?

એક વારતા.

પ્રકરણ ૧ લું.

પારસી નવરોઝનો મુબારક દીવસ હતો, અને પરેલની પારસી કામદારોની એક ચાલીને નાકેના ગાળાની એક બારીમાંથી એક મનોહર મુખડો સાંમેના રસ્તાની સીધી સરહદ સુધી આતુર આંખ્યોએ ટીકતો ઉભેલો દેખાતો હતો. તે મુખડો એક મનમોહન ચેહરાની જવાંન અબલાનો હતો એમ કહયા વિના ચાલશે, કે જે અબલા પોતાના વહાલા ભરથારને દુરથી આવતો જોતી ખોતી હતી. તેની ચતુર ચશ્મો આતુરતાભરી ઉલટ સાથે જેટલું દુર જોઈ શકે એટલે દુર સુધી જોતી એ બારીમાં તે ઉમંગી ઉભી હતી, અને બાજુમાં જમીન ઉપર એક ખીલતા તાજા ગોલાબની સુરાખીનો એક બાલક છોકરો તેની આસપાસ વેર વિખેર પડેલાં રમકડાંઓ વચ્ચે તેની તોતરી મીઠી પ્યારી પટપટ સાથે રમતો ફસડાઈને બેઠેલો હતો.

તે સામટું એક કોઈ કવિ ચીતારાની પીછીને માટે એક નાદર અને દીલકસ ચિત્ર હતું. તે તરૂણ અબલા જુવાંનીના જોબનના બાહારમાં ખીલતી એક કલી હતી. તેણીની ઉંમર પુરાં વીસ વરસની બી હતી નહીં. તે સીધાં સરોવર જેવાં કદની, હંસની ડોક જેવી લાંબી ગરદનની, પતલી અને ઉંચી એક નૌજવાંન નાજનીન હતી, કે જેના ગુલાબી ગાલ, લાલમલાલ હોઠ, અણીઆલાં નાખ ને રૂપેરી કપાલ સાથનો અફતાબ પેરે

ઝલકતો મુખડો એક આકાશી હુરીનોજ કોઇ બી જોનારને આગત કરી-ને અભ્યાસ કરાવનો હતો!

અને એમ છતાં તે જે ઓરડાની બારીમાંથી બાહેર લાંબે નજર ફેંકતી ખડી અને ખોતી હતી તે આખો ઓરડો તેની સઘલી સફાઇ અને સુઘડતા છતાં ત્યાં રેહનારાંઓની અતીઘણી ગરીબી ને દલિદ્રતાનો ખ્યાલ ઝટ પેદા કરાવી શકતો હતો. તે જવાંન બાંનુનો પેહેરવેસ અને તેણીની બાજુમાં ખેલતાં બેઠેલાં તે નિરદોશ બાલકનો પોશાક એ ગરી-બીની ગુવાહ પુકારવામાં ખાસ મદદ કરતાં હતાં, અને જોકે તેઓ બંને પારસી નઉરોઝ ને નવાં વરસના મુબારક દીવસની ખુશબખ્ત ખુશાલીમાં હાલ બનીઠનીને તૈયાર થયલાં હતાં, તે છતાં તે પોશાક છેક કંગાલ નહીં તો અતીઘણો સાદો, અને સુઘડ છતાં અતીઘણો ગરીબ હતો. તે અબ-લાનાં દીલમાં એક ફલાવર મજલીનની સુતરાઉ સાડી હતી, અને જોકે સફાઇથી હોરેલા માથાંના ગઝગઝતા બાલ ઉપર ખેંચેલી એવી એક સા-ડીની સોર સાથે બી તે અબલા પોતાની અજબ જેવી દીલકસ ખુબસુ-રતીનાં તેજમાં જોનારાંઓને અજાયબીમાં છક કરી મેલે એવી મનોહર દેખાતી હતી, તોપણ એ એક ગરીબ કુટુંબ હતું એમ અનુભવની આંખે ઝટ જોઇ વલવાનું અને સમજી લેવાનું કેવલ સેહલ હતું.

અને ત્યારે એ અબલા કોણ હતી?

તે એક ગરીબ કામદારની મોહરદાર હતી. તેના ભરથારનું નામ મનચેરશાહ માકાપેસીના હતું કે જેને તેની એ મોહરદાર "મીનોચેહેર" કાં "મીનુ"નાં મીઠાં ને લાડલાં નામથી બોલાવતી હતી, પણ તે-ની સામાન્ય ઓલખાંણપીછાંણવાલાંઓ તો, તેની ગરીબીના તુચ્છકારમાં હોય તેમ, તેને "માકાપેસીના મટલા"ને નામે ઓલખતાં ને તેડબોલાવ કરતાં હતાં.

તે એજ તરફની એકાદ મીલનાં સંચાખાતાંમાં એનજીન ડ્રાયવ-રની નોકરીપર હતો. તે જરૂરજોગો કામચલાઉ તોબી ઠીક ઇંગ્રેજી અ-ભ્યાસ કરી રહયો ત્યારે જે સગાંવ્હાલાંઓની ઓથે એ માબાપ વનાનો નાવારેસ છોકરો ઉછરયો હતો તેઓએ તેને તેની વલાંણ જોઇને એ તેના શોખ ને સ્વભાવને અનુકુલ આવતા ધંધામાં ઝોંકાવ્યો, કે જ્યાં તે પરણીને

ફર પડયા કેડે પોતાની મોહરદાર ને એકપુરાં બચ્ચાંનું પેટપુરૂં પેદા કરી લાવતો હતો.

તે ભલો, રાંક, પ્રમાણીક હેતુનો અને સરયાંમ ગ્રહસ્થ વર્તનનો એક અસીલ અને લાયકીવાલો જવાંન હતો, કે જે પોતે આવી ટુંક આવકનો ગરીબ ને કંગાલ છતાં એક ધનવાંન ઉમરાવના મેહેલને શોભા આપે એવી મનોહર મોહરદારને જીતી અને પરણી આવવા માટે જાબજા મગરૂર હતો, અને તે પોતાની મગરૂરીનાં હેસાંનમાં હોય તેમ તે આ સુંદરી ઉપર જાંણે પોતાનો પ્યારો જાંન વટીક લખ્ખો ખુશાથી સદકે કરે તે રવેસે તેણીને તે જાનોનિસાર શીદાગીરીથી ચાહતો હતો.

તે એક દીલકસ જોડું હતું, અને ખુદરતે જાંણે પોતાની ટાપટીપની હાકહીકથી તેમને એકમેકને માટેજ ઘડીને નિર્માણ કરયાં હોય એવું સહજ દેખાતું હતું.

મીનુ, અમોએ ઉપર કહયું તેમ, તે તરફની એક મીલમાં એક ગરીબ કામદાર—એક સાદો એનજીનડ્રાઈવર હતો, અને આ એક મજલાની નાહથી ચાલીનો એક આખો ગાલો બાર રૂપ્યાનાં ન્હાનાં ભાડાંમાં માંથે રાખી એ ગરીબ ધણી ધણ્યાંણી હાલમાં પોતાનાં એકપુરાં બકલ્યાં (બચ્ચાં) સાથે રહેલાં હતાં. સારાં નસીબે તે ગાલો છેક છેલ્લો (નાકેનોજ) હતો માટે હવાવાલો, ઉજાસવાલો અને ખુલ્લો હતો, અને તેમાં મંચીની મોહેરદાર માંણેકે પોતાના ઉંચા ટેસ્ટને અનુસરતી રીતે ગરીબ સંસાર જે ફરનીચર તેઓ વસાવી શકયાં હતાં તે ફરનીચર સફાઈની કાંઈક રોણક સાથે ગોઠવી તથા સુઘડતાથી જાળવીને તે ઘણો સુખદાયક બનાવ્યો હતો.

મંચીને આજે રજા હતી. પારસીઓની “પોપાટી”ના મોટામાં મોટા મહત્સવને લીધે તેને તેના હીંદુ શેઠયાઓએ રજા આપી હતી,—જોકે ગરીબ બિચારાને આખી મીલ તે દીવસે બંધ ન હોવાના સબબે એનજીન ચાલુ કરવા સરેસ્તા મુજબ આજે સહવારે બી જવું તો પડયુંજ હતું; અને હાલમાં એ ત્રણ કલાકની તે અગતજોગી નોકરી આપીને જ્યારે તે ઘેર પાછો ફરતો હતો ત્યાંરે તેની ભારે આતુરતા સાથે વાટ જોતી મોહરદાર માંણેક બારીમાં ખાશ ખોટી થઇ ઉભી હતી.

એ દરમ્યાંનમાં તે હરણીની ચપલતાની ચાલાક અબલા પોતાનાં કામકાજથી પરવાર પાંમી ચુકી હતી. તેણીએ તે શુભ દીવસની ખુશાલીમાં રોજ કરતાં એક બે અદકી વાંણીનો ગરીબ સંસારને અનુકુલ આવતો એક મનપસંદ નાસ્તો તૈયાર કરી મેલ્યો હતો, અને પોતાનો ભરથાર ઘર પાછો ફરે તે પેહેલાં પોતાની એ પાક ફરજોથી પરવાર પાંમી નાહી ધોઈ બનીઠની તથા પોતાના એકપુરા બેટા "રૂસી"ને તૈયાર કરી તે બારી આગલ આવી પોતાના મીનુની વાટ જોતી ઉભી હતી.

અને તેને લાંબો વખત તક તપવું પડવું નહીં. તેના ઓરડાની દક્ષીણ બાજુની બારીએથી સાંમેનો સરલ રસ્તો લાંબે સુધી દેખાતો હતો માટે તેણે લાંબી નજર રાખી જલદીજ પોતાના ભરથારને ઉમંગી અને ઉતાવલે કદમે ઘર તરફ પાછો ધસ્યો આવતો જોયો. બીજી થોડીક પલો—અને તે પોતે પોતાના નાધલા નાજુક પગોનાં ફુલ જેવાં હલકાં કદમે સરસર નીચે ઉતરી ગઈ, અને પોતાના મીનુને એસ્તેકબાલ સાંમી જઈ મલી. તે પછી તે ધણી ધણ્યાંણી હાથમાં હાથ મેલવી હસતે ચેહરે ને ખુશાલ દીલે પાછાં ઉપર આવ્યાં, કે જ્યાં આવતાં સાથે મંચીએ પોતાના બાલક બેટા રૂસીને રમતો ઉપાડી લીધો, ને તે ચીસ પાડીને રડયો ત્યાં સુધી તેને પોતાના ખોલામાં ખેલાવ્યો, ઉછાલ્યો, રમાડયો, પેટમાં દાબ્યો, અને મીઠી બકીઓ લીધી !

"મકું મને તો આજે સપરમો દાહડો સહવાર પછીથી જરા બી સોહવાયું નથી જો, મીનુ," કેટલીક વગર અગતની વાતચીત કરયા પછીથી માંણેકે હોઠ ચઢાવીને કહયું. "શું તમે બી મને દુન્યાને આએ છેક છહડે ખુણે નાંખી મુકાછ જો ?"

"પ્યારી, ત્યારે તું હવે કેહવા ને કરવા તે શું માંગેછ ?" પોતાના દીકરા સાથની રમત ગમતમાંથી ધ્યાંન કાઢી મીનુએ, જાંણે તેને પોતાની મોહદારનો આ પરયારો પસંદ ન આવ્યો તેમ, કાંઈક કરાજીથી કહયું.

"તમે જલદી જલદી પૈસાવાલા થાઓ એજ મારૂં કેહવું ને ચાહવું છે," માંણેકે હસીને અરધું મશ્કેરીમાં અરધું ખરાં દીલથી કહયું. "મને અહીં આએ કંગાલ્યતમાં રેહવા ને જીવવા તો બા હવે જરા નથી ગમતું તે હું શું કરૂં ?"

"તારા પ્યાર સાથે અહીં વસવાનું મારે મનથી તો એક મોટા રાજાના મેહેલમાં વસવા જેવું છે, ને લખો રૂપ્યાની મારા પાસ દોલત હોય તેમ હું તો તારા પ્યારા પ્યારમાં સુખી ને સંતોશી છેઉં. તું શું મને તેજ કીસમે ચાહતી નથી ?" મનચીએ કરાજીના વધતા ઓછા કડવાસ ને નારાજીથી સવાલ કરયો.

"તમોને ચાહવા ને નહીં ચાહવાની વાતને પૈસાથી સુખી થવાના સવાલ સાથે શું વાસ્તો હોય વારૂ, મીનુ ?" માંણેકે અસંતોષી જવાબ કરયો; અને મંચીનું મન કાંઇક વધારે ખાતું થયલું જણાયું.

"મારી વ્હાલી માણેક," તેણે તે પછી ગંભીરાઇથીજ નહીં પણ ગમખારીથી કહયું, "ખોદાને ખાતર તું એટલી અસંતોશી ના થા. તું જાણેછ કે પૈસાવાલો થવાનું મારા જેવા એક મીસ્કીન મુફ્લેશનાં કરમમાં સરજેલું નથી હોતુ. હું હાલ તો એક એનજીન ડરાઇવર છું, અને હજી તો થર્ડ કલાસ એનજીન્યરની પરીક્ષા વટીક મેં આપી નથી. એમ કરતાં હું ગધ્ધાઇ મેહેનતથી ને ખરી ખંતથી કદીને પેહેલા વર્ગમાં પાસ થવા બી પાંમશ તોબી તું જે કીસમે પૈસાવાલી થવાના ઉમંગ ને ઉમેદમાં જીવેછ તે તારો સ્વપ્નો તો કદી બી સાચો પડવાનો નથી એ સત જાણવાનું છે."

"પણ તમે મને તે દાહડે કેહતાતા કે એનજીનોના સંબંધમાં તમે જે એક નવો સુધારો સોધી કાઢયોછ તે યોજના બાહાલ રેહે તો આપણે નેહાલ થઇ જઇએ તેનું શું ?" માંણેકે આ એક અતીઘણી ઘાટકી નાઉમેદી પેદા કરનારા જવાબથી નારાજ થઇ અરધું રડી દેતાં પુછયું.

"તે તો હું ફક્ત તારી સાથ હસ્યો હતો, વ્હાલી," મનચીએ સમજાવ્યું. "અલબત હું તો હજી ખરાં દીલથી માંનુછ કે મારી યોજના સરકારે અને મીલવાલાઓએ ધ્યાનપર લેવા જોગ છે, ને એ યોજના જો અમલમાં આવે તો બેશક આપણે બે પૈસા ખાટયે બી ખરાં, પણ એવાં તારાં ને મારાં નસીબજ કયાંથી લાવ્યે ? વાસ્તે આટલું હાલમાં આપણું જે ગરીબ સંસારે થોડું ઘણું સુખ છે તેટલું બી જો તું સાચવવા ને સંઘરવા માંગતી હોય તો તુને મારી મજબુત સલ્લાહ છે કે એ હવાઇ ઉમેદોને તારાં મનમાંથી બીલકુલ રૂખસદ આપ."

માંણેકે કશો જવાબ દીધો નહીં. તે નાસ્તો કાઢવાની તૈયારી, કરતી હતી તે કામ આ સલ્લાહ સાંભલતાં ગમગીન ખામોશીમાં તેણીએ કરયા કીધું.

"હું આજે મારી ઘણી ગરીબી છતાં તારાં સુખમાં સુખી છું, ને તે સુખને ખાતર ચાહુંછ, માંણેક, કે ખુદા મને પૈસાવાલો નહીંજ બનાવે," મંચીએ વલી પાછું ખુશ મિજાજમાં આવી જતાં કાંઇક હસીને કહ્યું. "હાલમાં હું એકલોજ તારી આજે મીઠી માનીતી ને મનમોહન મુરતનો પરસ્તાર પુંજારી છેઉં, પણ જો આપણે પૈસાવાલાં થઇને પેહલે વાંધેનાં લોકોમાં ફરતાં થશું તો જરૂર તારા પગ તલેની ખાકનું ચુંબન ચાહવાવાલાઓ ઢગલે ઢગલે તારી પુઠે પડશે, ને તેઓ આજે મારાં શાંત સુખનું સત્યાનાશ કાઢી નાંખશે."

"તમારૂં તો બરી ગયું બધા દાહરાનું એજ રહી ગીયું," રીસાયલી અદાથી તોબી હસ્તે ચેહરે રમુજ કરતી હોય તેમ માંણેકે કહ્યું. "'તારો પ્યાર તે મારૂં સુખ છે' એ તો જાણે તમે મોંહોને ગોખી મેલ્યુંછ."

"અને ખરેખર તેમજ છે, માંણેક," મીનુએ તેણીના બંને હાથ પ્યારથી પોતાના હાથમાં દાબતાં કહ્યું. "તારા પ્યાર વગર હું લખ્ખોપતી થાઉં તે કરતા તારા પ્યાર સાથે હું મીસ્કીનમાં મીસ્કીન મુફલેસ રેહું એ ખરાં અંતકરણથી મારૂં લખોવાર વધારે ચાહવું છે."

"અરેરે, મીનુ, તમે તો નરો જાણે નાટક કરોછ," માંણેક આ કીમતી સદબોધની અસર હેઠલ હવે જરા વધતી જંખવાણી પડતાં ખુશ મિજાજે હસી પડીને ટેબલ બીછાવતાં બીછાવતાં નાખતી કરી બોલી,– અને મીનુ કે જે તેને દીલનાં કેટલી હદ સુધીનાં પ્રમાણીક જોશથી ચાહતો હતો તે આપણે જોયું તે તેણીનાં આ દીલજીત હસવાથી પોતાનો તમામ કડવાસ ભુલી જઈ પાછો સરેસ્તા પ્રમાણે ખુશાલ બન્યો, ને તે લોકે તે પછી તે દીવસના તેમની ગુજાસને મુકાબલેના નાદર નાસ્તાને બીજી તહરેવાર મનપસંદ ગુફતેગો દરમ્યાંન જોઇતો અને પુરતો ઇનસાફ આપ્યો.

પ્રકરણ ૨ જું.

"માકા પેસીનો મટલો" નિર્ધન માબાપથી અવતરેલો હતો, પણ તેનાં વાલીઓએ તેને ઉપર કેહવા મુજબ વધતી ઓછી કેલવણી આપવાની કદરદાનીથી કાલજી કરી હતી, અને તે પોતે વલી સ્વભાવીક તેજ બુધ્ધીનો ને ચાલાક ઝેહનનો હોવાથી તેણે તેને બતાવામાં અને શીખવવામાં આવ્યું તેથી વિશેશ લાભ મેલવી લીધો હતો એ તો ખરૂં. તે ઇંગ્રેજી સારૂં લખતો ને બોલતો હતો, અને વધારે તો એ કે સાંચાકામ તરફ તેનું મન છેક નાધલી વયથીજ કાંઈ અજબ જેવી રીતે ખેંચાઇને દોરવાયું હતું. તે જે બી 'મશીનરી' જોતો તેનું ઝટ ધ્યાંનથી અવલોકન કરવા પડતો, ને તેમાં કઈ મરતબે લાભકારક સુધારા થઇ શકે તેની ખંત અને ખુશીથી યોજના કરતો કલાકના કલાક સુધી રોકાઈ રેહતો. એ તેની વલાંણુ જોઇનેજ તેનાં વાલીઓએ તેને વગ લગાડીને આ એક મીલના સાંચાખાતામાં ગોઠવી આપ્યો હતો, કે જ્યાં તે ઇમાનદારીથી કામ લઇ વધ્યો જતો હતો, અને વલી પરીક્ષાઓમાં રજુ થવા જોગો પોતાનો અભ્યાસ પણ આગલ વધારયો જતો હતો.

પણ એ ફીસમે તે નોકરીમાં થર પડ્યો તેની લગોલગજ તે પરણીને પણ પાર પડ્યો, ને જુદું ઘર બાર માંડી સ્વતંત્ર થવા પાંમ્યો હતો. વલી તે જે ફીસમે આ આકાશની હુરી જેવી હેરત પમાડનારી એક સુંદરતાને પોતાની મોહરદાર તરીકે જીહીતી આવ્યો તે પણ એક નહીં ધારેલા સંજોગ માત્રનું પરીણામ થયું હતું. તે એક વખત એક પોતાના દોસ્તને ત્યાં સેહેલગા અરથે વાંદરે ગયો, જ્યાં તેણે એક ગરીબ ઘરના ઓટલા ઉપર ઉભેલી માંણેકને પેહેલવેહલ્લી જોઇ, અને તેણીને જોઈ ને જોઈ તે તેની એ હદ વનાની ને અજબ જેવી ખુબસુરતીથી છક થઈ જખમાયો!

એ જખમ જબુન હતો. તે એ મનોહર મધુરીને જોઇ તેના તાપમાં બેતાબ થયો ને તેનાં ધ્યાંનમાં બેધ્યાંન બન્યો! તે પોતે પોતાને ભુલી ગયો, અને પોતાની ગરીબી અને ટુંક પુંજીની હાલત ને જોખમનો ખ્લાલ વટીક કરવાને થોબવા વના તે એ છોકરી પર ફીદા થયો—

બલકે ઘેલો થયો! એ ખરા પ્યારનુ પ્રબલ થયું. તેનીજ ખરી અસ-રની એ તાસીર હતી—પ્યાર કે જેમાં પાપ વસતું નથી ને ગૂલીચીનો એક આલો અવલો બોલો વટીક પ્રગટતો નથી.

ત્યાર પછીથી તેણે તે છોકરીની ખબર કઢાવી, અને તે બી પોતાના જેવીજ ગરીબ પંકતીની—કોઇ ગરીબ માબાપની અને સારી ચાલચલણુની છોકરી હતી એમ ખાત્રી થતાં તેણે તેનાં માતપીતાને પોતાની એ માનીતી ઉમેદવારી કહી મોકલાવી. તેના જવાબમાં તેઓએ તેને મલવા તેડાવ્યો, અને તેની સભ્યતા, સાલેસાઈ અને વાત કરવાની અદબ તેમજ હુસ્યારીથી તેઓ જલદીજ રાજી થયલાં દેખાયાં. તે પ-છીથી તેઓએ તેને ભેદ ભાંજીને ખરો ખુલાસો કરયો. તેઓનાં કેહેવા મુજબ માંણેક કાંઇ તેમની પોતાની પેટની દીકરી ન હતી. "એ અમારી કોઈ દુરની સગી વટીક નથી," તે બુઢાએ કહ્યું, "અને અસલ એ કો-ણનું બચ્ચુ હોશે ને એ અતરે કેમ આવવા પાંમી તેનો અમોને એક દુરનો ખ્યાલ વટીક નથી. અસલ બન્યું એમ કે જેમ તમે એ છોક-રીને અમારા ઓટલા ઉપર ઉભેલી જોઈ તેમજ અમે બેઉ વર બૈયર એક દાહડે સાંહજે અમારા ઓટલાપર ઉભેલાં હતાં, તેવામાં એક કોઇ જવાંન પારસણ કેડપર એક સોહમણું બચ્ચાંને લેઇને આએ અમારાં ઘેરની સાંમેના પોસ્ટના થાંબલામાં એક કાંઈ કાગલ નાંખવા આવી. તેણે તે કાગલ તો નાંખ્યું, પણ પછી તે પાછી ફરી ત્યારે તે અત્યંત કાહેલી ફીકકી ને દુઃખી હોય તેમ દેખાયું, અને વલી તેવામાં તેને તમ્મર આ-વતા જણાવાથી જરૂર તે તુટી પડશે એમ જોઇ અમે તેની મદદે તરત આગલ દોડી ગયાં, તથા ધીરજ આપી પકડી ધરીને અમે અમારા ઓટલાપર લાવી બેસાડી. ખરેખર, જો અમે તેને એટલી મદદ નહીં કરતે તો જરૂર તેનાં બચ્ચાં સાથે તે રસતામાં તુટી પડતે.

"તેને અમે ઓટલાપર લાવીને બેસાડી ત્યારે તે બીચારીનો જીવ ચકભમ ફરતો હતો, વાસ્તે અમે ભર ચોપડની જોઈતી દોરાદોર કરી, પણ તે સઘલા તાકીદના ઉપાયો છતાં અમારાં જોતાં જોતાંમાં તે બીચારી એક બી બોલ બોલી શકે કે કાંઇ બી અમોને કહી શકે તે આગમચ તો તેણે દોક નાંખી દીધી, અને તેનો જીવ ત્યાં ને ત્યાંજ ક-બજ થઇ ગયો! એ એક અમે જોયું કે ઘણોજ અજબ જેવો ને અતી-

ઘણો દુઃખભરયો સંજોગ અમારે ત્યાં બન્યો, પણ ખોદાનાં કરવા આગલ ચારો કોણનો ચાલે ?

"બીચારાં માયનાં પેટ જેવાં અમારાં પારપડોશીઓએ એ વખતે અમોને ઘણી મદદ કરી. તે બીચારી બાઇનાં રૂવાંનને અમે તે પછી તરત ઘેરમાં લાવ્યાં, ને તે લાસપર ભરાયલી જુરીના ડાકટરે મત આપ્યું કે તે "હાર્ટ દીઝઝ"થી એમ અચબુચું મરણ પાંમી હતી. ભુખમરાથી અને એવાંજ બીજા દુઃખથી એ દરદ દેખીતી રીતે અચબુચ જોર પકડી આવ્યું હતું એમ તેની લાસ તપાસતાં પુરવાર થયું, પણ તે એ તરફ કેમ આવી, કયારે અવી, કાંએ આવી ને કયાં રેહતી હતી તે તો અમારા આખા જીલ્લામાં કોઇ કહી શકયું નહીં—તેની પીછાંણવાલું કોઇ બી આદમી નિકલ્યું નહીં, ને અંતે અમેજ તે બીચારીનાં રૂવાંનને બી અમારેજ ત્યાં ધરતી ક્રિયા કરાવી ઠેકાણે પાડયું. અમોને એમ તો અમારાં અભેતાં તભેતાં સગાંવહાલાં ને શકતીવાલાં પારપડોશીઓએ એ ધરમક્રિયા પછવાડે અમોને થયેલો ખરચ અથવા તેનો ફાલો બી આપવા ઘણું કહયું, ને કેટલાંકોએ તો અમારી ખેરખાહી કરીને ઉઘરાણું કરવાની બી સલાહ આપી, પણ એ પુનનાં કામમાં અમે એવી કોઇ બી મદદ કબુલ રાખવાનું, અમો પોતે આટલાં ગરીબ છઇએ તોબી, ઘસીને સાફ નાજ કહયું, અને તે પુછીથી તે દહાડેથી તે મરનારનાં બીચારાં નાવારેસ બચ્ચાંને અમોને એજગેબી મલી ગયલી એક નવાજેસ તરીકે, અમારે ત્યાં કોઈ બી ફરજંદ નહીં હોવાના સબબે, અમોએજ ઉધાર્યું ને મોટું કીધું, ને તે આંએ છોકરી છે."

મંચી આ સઘલી કેફ્યતથી હેરત રહયો, પણ તોબી તે કેફ્યતમાં એવું શું હતું કે જે તેની મજકુર માનીતી મુરાદથી હાથ ઉઠાવવા અથવા આંચકો ખાવાને તેને મનાવી લીએ ? એટલામાટે માણેકનાં તે ધરમ—માબાપના અવલ મેહેરબાંનીભરી મંજુરયાત મેલવી તે પોતે એકલો એકાંતમાં તે ખીલતી, શરમથી લાલ થતી અને ઓસકથી મોં છુપાવતી સોહામની ખુબસુરતીને પોતાને મલ્યો, ને તેને પોતાના ભવીષ્યના ભરથાર તરીકે કબુલ રાખવાને પ્યારની જોરેમંદ જબાંનથી આગ્રહ કરી તેણે પોતાની પક્ષમાં ફત્તેહમંદી સાથે સમજાવી અને મનાવી લીધી !

અલબત તેણીના પવિત્ર હાથના ઉમેદવારો આજવેર "આવ્યા જ ન હતા એમ કાંઈ ન હતું, પણ આજ તુલક તેણીએ તેઓમાંથી કોઈને કશી મચક ન આપી હતી, જ્યારે મંચીની આ કીસમની કાંઈ અતી જોરાવર શીદ્દાગીરીએ તેણીનું દીલ તેના લાભમાં જીતી લીધું, અને તે ઉપરથી તેઓ પરણીને એક થયાં હતાં!

તે પછીના પોતાના એ પરણેલા સસારના અનુભવમાં મંચીએ જલદીજ જોયું કે તેના સુખના સાગરમાં અસુખપણાંનો એકજ કડવો કટરો આમેજ હતો, ને તે માંણેકનો અતીઘણો અસંતોષી સ્વભાવ હતો. તે પોતે જાણે ગરીબ થવાને સરજાઇજ ન હોય તેમ પૈસા તરફ તેનું જીગર અજબ જેવી રીતે ખેંચાઇ રેહતું, ને ગરીબી ને કંગાલ્યતના કડવા અનુભવની તેથી તે જબજા ફરયાદ કરતી, કે જે કીસમની ફરયાદને લગતી એક ટુંક ટપાટપી આજે—જે પારસી નઉરોઝને દીને એ જવાંન જોડાંને આ વારતાના સફાઓ ઉપર અમારાં વાંચનારાંઓ સાથની પીછાંણ અને હમાજોર કાજે અમો અતરે રજુ કરયે છીએ ત્યારે બી થયલી આપણે ઉપર વાંચી આવ્યા છીએ.

પ્રકરણ ૩ જું.

મંચી અને માંણેક પરણીને એક થયા પછીથીનાં બીજાં વરસની શીરૂઆતમાં તેઓને ત્યાં એક ગુલરૂખસાર બેટાનો બખ્તાવર જન્મ થયો, કે જેને તે હરખાયલાં માતપીતાએ અસલ પેહેલવાંન તેહેમતન રૂસતમની મુબારક યાદમાં "રૂસી" નું મીઠું નામ એનાયત કરયું.

અને હવે મંચીને લાગ્યું કે પોતાનાં બચ્ચાં જોડેની જંજાલ ને ઘરની જાસ્તી રોકાંણો વચ્ચે મનોહર માંણેક પોતાની એકજ નજીસ એબ—પૈસાના પ્યાર—ઉપર જરૂર કરીને સરદારી મેલવશે; પણ નહીં. પોતાના ધણી માટેના પ્યારથી બી અધીક—સૌમાં સર્વોપરી તો એ સુંદરતામાં ફક્ત પૈસા માટેનોજ પ્યાર હતો!

તે પોતાની સુંદરતાની સરસાઇથી સારી રવેસે વાકેફ હતી, અને વાકેફ હતી તેથી તે વાતની તુંદીને તકરારીવચ્ચે તે આ પૈસા સંબંધી પોતાની હલીદ્રતાથી કાયર થતી ને મુઝાતી રેહતી હતી. તેને વાડી ગાડી ને નોકર નફરોના હવાઇ તુરંગો ને મિથ્યા ઉમેદોથી જાબજા એજાર થવાનું સુજીત હોય તેમજ તે એ ખ્યાલો પછવાડે તણાઇ મરતી હતી, જે એકજ દુઃખ મંચીને માટે માહાભારત દુઃખ હતું. તે તેને નાંખી નાંખીને ઘણા પ્યારથી સમજાવતો, અને એ તેણીની એકજ ભુલ ને ખોડ ભાંજવા તે ઉપરાસાપરી જે કરતો ને કેહતો તે વ્યર્થ ! એક દીવસ એવી કીસમની તેમની તકરાર દરમ્યાંન મંચીએ તેને અરધું ગમખારી ને અરધું રમુજથી પુછ્યું, "પણ વારૂ મને કેહે તો ખરી, માકી, કે તું પૈસાને વધારે ચાહેછ કે મને ? જો કોઇ મને યા તો પૈસાને પસંદ કરવાને તુને ખાશ કરીને લલચાવે તો તું શું પસંદ કરે ?"

"એ તે વલી કેવો બેહુધો તમારો સવાલ, મીનુ !" માંણેકે તે હસી કાહ્દતાં હસી પડીને કહ્યું.

"અને તોબી મને તે પુછવા ગમેછ," મંચીએ ઓંહસ કરી. "તું મને ખરૂં કેહે, એમ થાય તો તુંને શું ... પૈસા વગરનો મારો સાચામાં સાચો પ્યાર ગમે કે એવા મારા ... પ્યાર વગરના પૈસા ?"

"હું એવા તમારા એ સરયાંમ બેવકુફીભરેલા સવાલનો જવાબ આપવાનીજ નથી, મીનુ," માંણેકે હજી છીકર કરી. "જે વાત દુન્યામાં કદી બનેજ નહીં તેવા એક બેહુદા ને બેજા સવાલ જવાબમાં વખત ગુમાવવો બી મારાં મત મુજબ તો હેમાકાત છે."

"અને તે છતાં મારૂં મન રાખવા એકવાર જે તે ખરો જવાબ આપવામાં તારૂં જશે શું ?" મંચીએ એ વાતનો પીછોજ મુકયો નહીં.

"ત્યારે મારો જવાબ એજ છે કે મનેજ નહીં પણ કોઈ બી નીતીમાન ઓરતને માટે તો પોતાના શીરછત્ર પરણેતરના સાચ્ચા પ્યાર ને આસરાથી વધારે દુન્યામાં કોઇ બી બીજી ચીજ—કોઇ બી મોજ કે કોઇબી સુખ હોએ ને થાએજ નહીં."

આ એક સૌથી લાયક, સૌથી બેહેતર જવાબની મોજમાં મંચી ગરક ગયો ! એક સ્વરૂપવાંન મોહરદાર કે જેની કદમબોશી કરવાને સુલ-

વાંન ઉમરાવો વટીક મગરૂર થાએ તેના પૈસા માટેના હદવનાના લોભ: છતાં તેનો ગરીબ પ્યાર તેણીની છાતીમાં કબુલ અને સર્વોપરી હતો એમ આ જવાબથી તેની ખાત્રી થતાં તે મોજ અને હરખનાં સુખથી આનંદ થયો, અને જો થઈ શકે તો માંણેક માટેની તેની શીદાગીરી તેનો પ્યાર અને તેની જાંનફેસાંની હજી વધીને બેવડી અને ચોવડી થઈ.

એક દીવસ માંણેકને લગનમાં જવું હતું. મંચીના કોઇ દોસ્તને ત્યાં લગન હતાં તેનાં તેડાં આવ્યાં, ને મંચી તેણીને માટે પેટે પાતો બાંધી વીસ રૂપ્યા સુધીનો ખરચ કરી ઘણાજ દીપતા કલરની એક સુંદર હોજરયાંની રેસમી સાડી લેઈ આવ્યો. આ સાડીમાં માંણેક કાંઇ એવી તો શોભી રહી કે તેનો ધણી બી તેણીની સુંદરતા જોઇ છક થતાં તે ખુબસુરતીની સ્તુતી કરયા વના રહી શકયો નહીં, અને ત્યારે તેણીનું વધારે ચઢી વાગ્યું. "કાંએજી, હવે ત્યારે તમારી ખાત્રી થાયછ કે સુંદર પોશાક ને ધરેણાં ગાંઠાંથી સ્ત્રીની સુંદરતામાં અતીઘણો વધારો થાયછ?" તેણે ફત્તેહની મગરૂરીના તોરથી પુછયું. "હવે ત્યારે તમેજ વિચારોની કે જો એવો બધો ઠાઠ કરવા મારા પાસ પૈસા હોય તો હું કેવી લાગું?"

"તો તું મારી આંખમાં આજના કરતાં ઓછી ખુબસુરત દેખાય," મંચીએ વલી કાંઇક નાઉમેદીથી કહ્યું. "તેવા તારા ઠાઠ સાથે તું બીજાઓની આંખમાં ધુલ છાંટે તે કરતાં તારી આએં સાદાઈ સાથે તું મારી આંખમાં સદા છે એટલીજ શોભીતી દેખાય એવું મારૂં ચાહવું છે."

અને પછી વલી તે લગ્નમાં માંણેકની ખુબસુરતીએ જે ખુશીનો હોકાર મચાવ્યો તેણે તેનું માંથુ બને તો હજી વધતું ફેરવ્યું! લગન હતાં તો ગરીબ ઘેરનાં, પણ ત્યાં તે પરણતા છોકરાના શેઠનું કુટુંબ આવ્યું હતું, કે જે કુટુંબના પૈસાની ચરબીમાં ચકાસેલા પોરયાઓ અઇગ્લાસ ચઢાવીને મુછના આંકડા મરડતાં સાજનની વખતે તેણીને એક 'પીકચર'ની અદાથી બારીમાં ઉભેલી અજાયબી ને વખાંણની આંખે બેઅદબી વચ્ચે ટીકતા રહયા, ને તેણીને લગતી પરપુછ વટીક કરતા રહયા, જેથી તે પોતાની અસંતોશી હાલતમાં હજી વધારે નારાજ અને અસંતોશી બની! "ફકત જો મારો મીનુ પૈસાવાલો હોતે તો ખરેખર મને કોઇ બી ચીજની ને કોઇ બી સુખની કોતાહી નહીં રેહતે," તેણીએ ઘણા બલાપાથી મનમાં વમાસ્યું. "જો હું આજે આએ મારી

એવી ગરીબીના પેહેરવેશમાં હીરા મોતીના દરદાગીના વગર મારી ખુબસુરતી વાસ્તે એટલી અહીં ઓધારમોધાર થાઉંછ, તો જો કોઈ સારે ઘેરનાં લગનમાં કે મેલાવડામાં હું પેહરી ઓઢીને જાઉં તો લોક કેવાં અજબ થઇને મારી પરથી મરી ફીટે!"

સારાંશ, એ રીતે માંણેકના અસંતોશ ને મંચીની તેણીને માટેની દીન ઉગે વધતીજ જતી જાંનફેશાનીભરી મોહબત વચ્ચે મહીનાઓ પરમહીનાઓ ગબડી ગયા, કે જ્યારે એક દીવસ તે એકલી પોતાના ઓરડામાં કાંઈ કામ કરતી બેઠેલી હતી તેવામાં ઘરમાં ફેરાઆંતી માટે રહેલા એક નાહના ફીરંગી પોરયાએ આવીને તેણીને ખબર આપી કે 'કોઇ પારસી શેઠ તેને મલવા આવ્યો છે ને હેઠલ બોતી છે.'

માંણેક ચમકી ઉઠી. તેણીની જીંદગીમાં આ એક અતીઘણો અસાધારણ ને અજાયબ બનાવ હતો. તેણીનાં આએ એકલાં એકાંતમાં તેને પુછતો ને સોહોધતો પારસી "શેઠ" આવવો કોણ જોઇએ? તે પોતાની મનોહર ખુબસુરતીમાં ઓશકથી લાલ થતી ને વધારે મનોહર બનતી સાડીની સોર કરી લેઈ કામ બાજુ મુકી ઝટ નિચે ઉતરી ગઈ.

ત્યાં નિચે દબદબાભરેલા દેખાવનો અને અધોર ઉમરનો કોઈ એક પારસી બોતી હતો. માંણેકે તેને અદબથી ખુરસી આપી બેસાડયો, અને પછી તેની આ મીલાકાતની મકસદ પુછી. "તમે મી૦ મનચેરશાહ માકાપેસીનાં ધણીઆણી થાઓ વારૂ?" તે ગ્રહસ્થ જાંણે તેની હદવનાની ખુબસુરતીથી છકજ થઇ ગયો હોય તેમ તેણીના રૂપાલા ચેહરા સમ ધારી ધારીને જોતાં અજાયબીના દરેક દેખાવથી તેણે પુછ્યું,—અને એક શેઠીઆ જેવા રોબના આ કોઈ અંજાણ્યા પારસીની આ મમતાભરી પરપુછ તેણીનાં હાલનાં સરકલનાં દોસ્ત આસનાવોની અરધી જંગલી અદાથી એટલી અકસર રીતે જુદી પડતી હતી કે મંચી જેવા એક ગરીબ માણસની મોહરદાર થવાંમાં તેણીએ કાંઇ ખાશ ગુનાહ કર્યો હોય તેમ જવાબમાં તે છોકરી ગભરાઇ, ઓશકાઈ, બલકે તોતડી બોબરી થઇ

"મારે આએ જગા જોવી છે. આ તમે રેહોછ તે આખી ચાલી ખરીદી લેવાનું મારા જોડે કંટરાકટ થવાનું છે, માટે આએ તમારો

નાકેનો ને છેલ્લો જે ગાલો છે તે જો તમો મને જોવાની મેહેરબાંનીની રાહે રજા આપશો તો તમારૂં ઘણું હેશાંન થશે," તે પારસીએ કહયું.

"જી, હા, મોટી ખુશીથી," ભોલી માંણેકે ઉલટમંદ જવાબ દીધો,—અને પછીથી તે તેને લઇને ઉપર ગઇ, કે જ્યાં નાનો રૂસી હ-વણાં બી તેનાં રમકડાંઓ વચ્ચે રમતો બેઠો હતો.

"ઓલ્લો, આએ ગલગોતો કોણનો છે?" તેણે રૂસીને હાથમાં ઉપાડી લેતાં ખુશ મીજાજે હસીને પુછ્યું.

"જી, એ મારો છોકરો છે," માંણેકે હસીને જવાબ દીધો.

"કેવા ઉમરાવતોરનો એનો ચેહરો છે!" તે પારસીએ જેમ માણેકનો ચેહરો ધારીધારીને જોયો હતો તેજ ફીસમે વલી આએ તેના બેટાનો ચેહરો નીરખતાં બી વધારે અજાયબીમાં છક થઈ ખરાં દીલનાં જોસથી બોલતો હોય તેમ કહયું; અને ભોલી માણેક ભુલી ગઈ કે ચાલી વેચતી લેવાની મતલબથીજ અવેલા એક સખસની ઢપે કામ લેવાનું તો આ પારસીમાં ઘણું થોડું દેખાતું હતુ!

"એનું નામ શું?" તે પારસીએ જરા વારે પાછું પુછ્યું.

"જી એનુ નામ રૂસ્તમ છે, અને અમે એને લાડથી "રૂસી"-નાં પ્યારાં ને ટુકાં નામથી બોલાવીએ છીએ," માણેકે સમજાવ્યું.

"અને તમો બેહનનું પોતાનું નામ શું?" તે પારસીએ વલી પુછ્યું,—અને માણેક જોઇ નહી શકી કે આ એવા બીન જરૂરના સવા-લ જવાબો હતા કે જેમને તે ચાલી વેચતી લેવાની તે આવનારની અવ્વલ મકસદ સાથે કોઇ એક દુરની બી નીસપત હોઈ કે થઈ શકે નહીં!

"મારૂં નામ માંણેકબાઇ છે," આ છેકજ પાધરા સવાલ જવા-બની સ્વભાવીક ઓશકથી મનોહર ફીસમે લાલ થઈ આવતાં તેણીએ લજવાઇને સારીની સોડ આગલ ખેંચીને જવાબ આપ્યો. "હું 'મા-ણેક' નાં ટુકાં નામથી ઓલખાવાનું વધારે પસંદ કરૂં છુ. મારા ધણી તો મને એજ લાડકાં નામથી બોલાવેછ."

અને એ રીતે તે બંને વચ્ચે વાતચીતનું એક આસાન ગાડું

ચુભડયું. તે પારસીએ વાતમાં વાત મેલવી તેણીને આગલી પાછલી તહરેવાર પુછી લીધી, કે જે દરમ્યાંનમાં તે જે મતલબ મુળમાં જાહેર કરીને ઉપર આવ્યો હતો તે મતલબ બર લાવવા જેવું તો તેણે કશુ પણ કર્યું કે કહયું નહીં! સારાંશ, તેણીને પોતાને લગતા ને મંચીને લગતા પુછાય એટલા સવાલ જવાબો પેટ ભરતા પુછી ને તે ધણી ધણીઆણીને લગતી એક પુરી માહીતી મેલવી તે પારસી રૂખસદ ચાહતો ઉઠયો, અને તેનાં જવા પછીજ માંણેક તાજુબી વચ્ચે ખ્યાલ કરી શકી કે આ અજાયબ જેવી મીલાકાતનાં હેઠાંણમાં આ ચાલી ખરીદવાના સબબ કરતાં કોઈ બીજો અને જુદોજ બાએસ ખસુસ કરીને સમાયલો હોવો જોઇએ!

તે શું હોય? તેણી વીચાર કરી શકી નહીં, અને હવે તે પારસીનાં જવા કેડે, એટલા એખલાસથી અને એવી વીગતો સાથે પોતાના ગરીબ ઘરસંસારની સઘલી વાત તેના જોડે કરવાની પોતાની મસ મોટી નાદાનીઅત માટે, મંચીના ગુસ્સા ને ઠપકાનો ખ્યાલ કરીને, તે ભોલી છોકરી ઘણીજ પસતાઈ. તે પછી છેલ્લે તે એજ ઠડાવપર આવી કે આએ એક મીલાકાત પુરતી તેહકીક વના કબુલ રાખવામાં તેણીએ પોતાના ધણીની ઘણી ગંભીર તકસીર કરી હતી, અને તેથી હવે તો તે સાંજે ઘેર આવે ત્યારે એ વાત કદી બનીજ ન હોય તેમ તેના સરીઆમ અખાડા કરી જવાંમાંજ શાંનપત હતી એમ તેણીએ ચુકવ્યું ને નકકી કર્યું.

પ્રકરણ ૪ થું

કામા ખાંનદાન ઘણું પુરાણું છે, અને એ કીરતીવંત ખાનદાનનો એક ધનવાંન તુરરો શેઠ માંણેજી કામા તેના વખતમાં લખ્ખોપતીમાં ગણાતો એક માલેતુજાર શેઠીઓ હતો. એ શેઠીઆને ગરીબીનો હેંકાર ને હદવનાની સુગ હતી, અને તેની દોલત જે લાયક રીતે અને ખરેખર લખ્ખોથીજ ગણાતી હતી તેનો મોભો અને ટેક સાચવવા તે પોતાનાં ખાંનદાનનાં માનપામેલાં નામની ગરૂરી માટે કોઈ રીતે ઓછો

મુસતાક હતો નહીં. તે ધારતો હતો કે એ ખાનદાનની બરોબરીઆં પારસીઓમાં કદાપી થોડાં થઇ શકે, પણ ચઢીઆતાં તો કોઇજ નહીં!

લોક ધારતાં હતાં કે આવી તુંદ તકોબરી કાંઇ સદા નીભે નહીં, પણ અમો આ તુમાખી તોરના સુગાંત્રા શેઠીઆને અમારી આ નાનકડી વારતાના સફાપર રજુ કરીએ છીએ ત્યાં સુધી તો તેના એ તોરનું તેજ તેનાં છેક મધ્યાંનમાં પ્રકાશીત રહયું હતું!

તે પોતાને બરનાં એક ઉંચે વાંધેનાં કુટુંબમાં પરણેલો હતો, કે જે લગનનાં પરિણામમાં તેને ઘર ચાર બચ્ચાંની નવાજેશ થયલી હતી. એ ચારમાં ત્રણ છોકરાઓ હતા, અને એક છોકરી હતી, અને પોતાના બેટાઓના ચેહરા મગરૂરીની મોજથી ભાલતાં તે શેઠીઓ બાપ હમેશ વીચાર કરતો કે તેની પછવાડે તેની બીસ્યાર દોલત, વાડી વજીફા અને ગાડી ઘોડા ઉપરાંત તેનાં ખાંનદાની નામની એવીજ મગરૂર ખંત સાથે સદા રક્ષા કરવા આ ત્રણ બાહદુર શુરવીરો તૈયાર થતા હતા. સારાંશ, પોતાની પેઢી (નામ) ડુબી જવાનો તેને કશો વસવસો કે ભય થતો ન હતો. તે પોતાની મોહરદારને ચાહતો હતો, અને દીકરાઓ પર દેવાનો થતો હતો; પણ તેની ખરી મોજ, ખરૂં સુખ અને ખરો પ્યાર તો તેણે પોતાની એકપુરી નાધલી ને લાડકી બેટી નામે પીરોજામાં ભરી મુકયો હતો.

એ પીરોજા જ્યારે દશ વરસની ઉમ્મરની થઇ ત્યારે તેણીની માતા મરણ પાંમી, પણ તે પછીથી માંણેકજી શેઠે કોઇ બી બીજું ઘર કીધું નહીં. તે ચાહતે તો કરતે—એટલી તેની હજી લાયક ઉમ્મર હતી, પણ પોતાની મરનાર મોહરદારને સાચો રહેવાની ગરૂરીના તોરમાં તેણે એ વાત સદા ગુસ્સાથી ના કહી.

તે પછી પોતાનાં ચારે બચ્ચાંની તરબીયત ને તાલીમ પછવાડે તેણે પોતે ખાસ ધ્યાન આપ્યું. તેણે પોતાના બેટાઓનાં મન પર ઠસાવ્યું કે પોતાનાં બાપદાદાનાં માન પામેલાં નામની નોંક જાલવવી અને પેહડી દર પેહઠી ઉતરી આવેલી એ મોટી દોલતની રક્ષા કરવી એ એક ખરૂં કીર્તીવંત ને હીંમતવાન કામ કહેવાય, અને તે તેઓનો મુલ સબક અને મુલ ધરમ તેઓએ જાણવો. વળી પીરોજાને માટે તો તેણે સખત કાયદા ઘડી કાઢયા, અને એવી અનેક ભુલભરેલી કીસમે કામ લઇ ખો-

ટી કેલવણીનો એક એવો પાહડ જેવો બોજો તેણે તેણીની ઉપર નાંખ્યો કે તે એ કીસમની જાલમ બધી ને હાડમારીઓથી જલદીજ કાયર થઇ બેજાર થવા લાગી. છુટપણું તો તેણીને તેના બાપે કોઇ વાતનું આપ્યુંજ નહીં. પારટીઓ, મેલાવડા, નાટકો એ સઘલાંમાં બેરાં દેખાવ દે તે સુધારાનો આ સુગાંત્રો શેઠીઓ એક હરરતો શત્રુ હતો; અને તે સઘલાંનુ પરીણામ એ થયું કે પીરોજા ખરી અને સંગીન કેલવણીના ખરા આશીરવાદથી બીલકુલ બીનમાહીતગાર અને બેનસીબ રહી ગઇ, અને લેભાગુ ને અધુરી કેલવણીને લીધે ઉછાછલી હુલ્લડ અને અભણ ઉધરી.

પોતાની દીકરીની કેલવણી માટે મડમ માસ્ટરો રાખવાનું વટીક એ ઘસેલા દોસાને ગમ્યું હતું નહીં, અને તેથી જે પુરૂષ શીક્ષકોની તાલીમનો એ બાલક છોકરીને લાભ મલ્યો તેમાં એક છેલ્લા છોકરવન માસટરને તે છોકરીને પોતાને હાથ કરી લઇને પોતાનું દલદર ફીતાડવાનું સુઝી આવ્યુ. તે બોલીદરાઝ અને ખુબસુરત હતો, અને ભોલી પીરોજાને લાગ્યુ કે પુરૂષ માત્રમાં તે શ્રેષ્ઠ હતો ! તે શીખવવા આવતો હતો ત્યારે હજી તો તેણીની ઉમ્મર ફકત સોલ વરસની નાદાન હતી, અને ઘરમાના જાપના દરમીઆન તેઓ અરસપરસ વીચાર આપલે નહીં કરી શકીઆં ત્યારે ચીઠીઓએ તેમને મદદ કરવા માંડી. ટુંકમાં, પીરોજાની આ કમનસીબ ફેજ ઉપર નાંમોસીનો પરદો ઉતારવા એટલુજ કેહવું બસ થશે કે હજી તો તે પોતે જ્યારે છેક બાલક હતી, અને સારા નરસા વીચાર કરવાની તેનામાં પુરી બુદ્ધી કે કાયનાત પણ હતી નહીં ત્યારે એટલાંમાંજ તેણીના બાપનો "જુલમ" તેણીને ખટકવા લાગ્યો, અને કોઇને એક દુરનો સ્વપ્નો બી નહીં તે કીસમે ઉમરાવ પંકતીના ને બુલંદ મરતબાના પોતાના ધનવાન અને માનવંત બાપનો તે મુબારક સાહયો તજીને તે પેલા છોકરવન હેમક સાથે સુખી અને સ્વતંત્ર થવાની ઉમેદમાં એક અભાગણી સાંહજે નાહસી ગઇ!

અને પરીણામ શું થયું ? નાહસભાગનાં એવાં ઉછાછલાં લગનોમાં જે સરીઆમ ખાનાંખરાબી અને પરેશાન પાયામાલીનાં પરીણામ આવે છે તેથી બીજું શું હોય? તે તેણીના બાપના પોતા ઉપરના પ્યાર માટે ઘણી મુસ્તાક હતી એજ તેણીની આ મોટી ભુલનો મુળ પાયો હતો. તે એમજ જાંણુતી હતી કે બાવા પેહલાં જરાતરા એ લગનની

વાત સાંભલી નારાજ થશે, પણ પછીથી તેણીને માટેના તેઓના ઘણાજ પ્યારને લીધે તેઓ જરૂર તેને માફ કરશે, અને સઘલું જલદી સમાધાન થઈ જશે. વલી તેણીનાં જવાથી જે ગરબડ થશે, તેણીનો બાપ વીહલો પડશે અને તેણીની શોધ ખોલની દોડ પોંહચશે તે બધું તેણીના ધનવાન બાપના બધી રીતના જોરાવર જાપતાને મુકાબલે તેણીને કાંઇ એવું તો "રોમેનટીક" લાગ્યું કે તે ખ્યાલોથી બીહવાને બદલે સાંમી તે ખ્યાલોમાં તે મોજ લેવા લાગી, અને છેલ્લે નાહસી ગઈ. તેનો બાપ પાછી તેને ઘરમાં ઘાલશે નહીં એવો તો એ મુરખ અને હુલ્લડ છોકરીને એક સ્વપ્નો વટીક પણ થયો નહીં!

પ્રકરણ ૫ મું.

પીરોજાના બાપનો ગુસ્સો અનુભવવા તેમજ જોવાનો ખરેખર ધ્રુજરાં પેદા કરનારો હતો! તેણીએ હસ્તે મુખડે પરણીને તેની ઉપર વલી કાગલ લખ્યું હતું કે 'બાવાજી, આએ મારૂં કાગલ તમોને મલશે ત્યારે તો મારી મનપસંદગીના વરને પરણીને હું પાર પડી ગયલી હોવશ,' તે સમાચાર તેણે ગુસ્સાથી ચઢી ગયેલાં ભવાંએ વાંચ્યા, અને કકલીને કસમ લીધા, કે જે કસમ તેણે મરતાં તુલીક પાક વફાદારીથી પાલ્યા!

તે ચાહતે તો પોતાની દીકરીને ચોરી જનાર ચંડાલને મન ભાવતી સજા કરાવી શકતે, પણ તેમ નહી કરતાં ફકત પોતાની જણેતી દીકરીનેજ સદાની ઓવારનીવાર કરવાને તેને વધારે ગમ્યું. તે દીકરીએ તેનાં માનપામેલાં ખાંનદાનને નહીં માફ કરી શકાય એવી એબ પોંહચાડી હતી, માટે તેણીને માટેનો તેનો સઘલો પ્યાર તેટલાજ કડવા ધીકકારમાં ફેરવાઈ ગયો. તેની ગરૂરીને એ તેની દીકરીએજ એક એવો જોરાવર ફટકો મારીઓ, કે જેની અગનથી તે સદા બલતો ને જલતો રહયો. તેનો ગુસ્સો તેની ખામોસીમાં, તેનાં ઉંડાણમાં, તેના અધાધપણાંમાં અને

તેનાં અસલપણાંમાં કેવલ ભયંકાર હતો ! તેણે કસમ લીધા કે જો એ દીકરી ભુખમરાથી તલવતી છેક મોતને કીનારે આવેલી બી તેના પાસે રોટલીનો ટુકડો માંગવા આવે તો તેણે તેણીની સાંમે પોતાના સઘલા દરવાજા વગર દયાએ જરૂર બંધ કરવા !

તે લોકેલોક આગલ અને ઘેરેઘેર પોતાની દીકરીની એ હીણુપસ્તીની વાત ફરીઆદની ઢપે રજુ કરતો રહયો નહી. તેણે જાણે તેણીનું નાલાયક નામજ પોતાની જઇફ યાદદાસ્તમાંથી ભુલાવી દીધું. જો કોઈ એ વાત કાઢતું તો તેને પોતાના ગુસ્સાથી થથરાવીને તે પાણી ઉતાર કરી નાંખતો, અને દયાના હેતુથી તે વાત કાઢનાર પોતે સાંમો જાબજા પસતાતો અને પરેશાન થતો પાછો ફરતો ! તેણે પોતાનાં વીલમાંથી પોતાની વાહલી બેટી પીરોજાનું નામ ગુસ્સા વચ્ચે સદાનું રદ કરીને છેક નાખ્યું, અને તે હતો તેમાં પુરો કુજરો, બરીએલ અને એકાંત—શોધતો બની ગયો.

તેની ગમખારીનો સુમાર ન રહયો. પીરોજા જો મરી ગઇ હતે તો તેને માટે તે પ્યારમાં અને જાહેરમાં શોક કરી શકતે; આ તો થયું એમ કે તેને તેના કરદા કેહર વચ્ચે છુપો શોક કરવો રહયો, અને તે તેનું ભીતર વધારે ભેદી નાંખતો હતો !

તેણે એક દીવસ એ પોતાના ગમખાર વિચારો વચ્ચે પોતાના કારભારીને પોતાની પાસે બોલાવ્યો, તે એક જઇફ પારસી હતો, અને એ હાલના શેઠના બાપના વખતથી એજ જંગ્યાપર નોકરી હતો.

"માકા, તું પેલી મારી હેરેમન દુક્તીના હરફ તો ઓલખેછ?" તેણે ગમખારી પેદાકરનારી ગંભીરતાથી તેને કહ્યું; "એટલાવાસ્તે નીચે મારો જે ટપાલ આવે તે ચોકસાઇથી ચીપી ચીપીને તું પેહલાં જોઈ જજે, અને જો તેમાં તે દુક્તીનું એક બી કાગળ હોય તો તે કાઢી લેવાનોજ નહીં પણ તરત બાલી નાખવાનો તુંને મારો ખાશ હોકમ છે તે આજથી ખ્યાલમાં રાખજે."

ત્યાર પછીથી તે મોટા મેહલ જેવા બંગલામાંથી પીરોજાનું નામ સદાનું નાબુદ થયું. ફક્ત માકાનેજ ખબર હતી કે કેવાં કાકલુદીનાં, માફીની કેવી મીનતજારીનાં, ખરા પસતાવાના કેવા હાયઅફસોસનાં કેટ-

લાં બધાં હૃદયભેદક કાગલ પીરોજાનાં આવ્યાં; એ કાગળો આવ્યાની વાત તે શેઠીઆ બાપને કાંને કદી ગઇ નહી, અને જતે તોપણ તે એ કાગળો જોવા માંગતે કે વાંચતે એ ખ્યાલજ બેજા છે. એ રીતે વરસો વહી ગયાં, અને પીરોજા ક્યાં અતવાઇ મુઇ તે કોઇએ કદી બી જાણ્યું નહીં. નોકરનફરોનાં મનમાંથી વટીક તે હીણું કરમની છોકરી રફતે રફતે તદન ભુલાઈ ગઇ.

પણ એ તુદી શેઠીઆની તકોબરીનો હજુર.છેડો આવ્યો નહીં. "મારા ત્રણ ત્રણ કુલદીપક છોકરાઓ છે," તે મનસે પટપટ્યો. "તેઓ મારી પછવાડે મારાં માનપામેલાં નામની લાયક સમાલ કરશે."

અને તકોબરીએ કોણને ખોહાર નથી કરીઆ? અઝાઝીલ અને જમશેદ જેવાઓ એ એકજ મોટાં પાપની પરેસાંનીમાં પાયમાલ થઈ ગયા, તો આ એક કમીના શેઠીઆના શું આસરા? તે ત્રણે છોકરાઓ જેઓ ખરેખર ચાલાક અને કુલદીપક હતા તેઓ જવાંનીનાં જોરમાં અને જોબનના બાહરમાં જોતાં જોતાંમાં આખર થઇ ગયા! તેઓ ત્રણે બાપથી બજીદ થઇને ચાંદરણાંની સહેલગાહમાં એક રાત્રે દરિઆમાં ફરવા ગયા, અને તે રાત્રે આસાધારણ મસ્તીમાં ચઢેલા તુફાની દરિઆએ વગર દયાના જે કીમતી ભોગ લીધા તેમાં એ ત્રણમાંનાં બે જવાંન હતા! ફકત નાનોજ બચ્યો, અને તેને મુસકેલીએ જીવતો ઘરમાં પાછો લાવવામાં આવ્યો!

આ ગંજાવર ફટકાના નહીં વકી રાખેલા અચબુચ આવી પડેલા જોરાવર હાંદેશાએ કામા ખાંનદાનના આ એકજ ગરૂર શેઠીઆને દુ:ખથી તમામ આજેજ અને અધઘેલો કરી નાંખ્યો! તેના જીવ જેવા વહાલા બે છોકરાઓની દરિઆમાં કબરવાસ પામેલી લાસ વટીક હાથ આવી નહીં, અને ત્યારે અંતે તેની સઘલી ઉમેદ તેના એકજ છેલ્લા બાકાત રે 'હેલા આ તેના સૌથી નાના અને લાડકા બેટામાં તેણે સદાનાં ઘુજરાં વચ્ચે ભરી મુકી! તે તેના પર વીલો પડતો, તે મોટો છતાં એખલો તેને કેડે જવા દેતો નહીં, મોડી રાત સુધી બાહાર તેને રેહેવા દેતો નહીં, અને બનતાં સુધી તેને પોતાની આંખ આગલથી વેગલો કરતો નહીં; પણ તેથી શું થાય? ખુદરત તેની તકોબરીની સજામાં તેને વવાંણીને મારવાજ માં-

ગતી હોય તેમ તે છોકરો બી આયંદે જીવ્યો નહીં. તેને ઝેરી તાપ આવી અને વીદ્વાન ડાકટરો જે તેના ધ્રુજતા અને જઈફ બાપે હજારો રૂપીઆ ફુલ મેલવીને ભેગા મેલવ્યા તેઓ વઠીક તેને બચાવવાને કેવલ નીષ્ફલ નીવડયા, અને બુઢો માણેકજી શેઠ પોતાના બુઢાપાના ગમખાર બુરાપામાં પોતાના વ્હાલાં બાલબચ્ચાંથી સદાનો અલગ અને જુદો થયલો એ રીતે જલદીજ એકલો પડયો !

તેનુ દુઃખ દયા કરવાજોગ હતું. ખોદાના આ મૌરથી તેનું દીલ ફાટી ગયું, તેનું કલેજું પથ્થરનું થઇ ગયું, અને તે ચીરડાઉ, પાજી અને ઘાતકી થઈ ગયો !

પ્રકરણ ૬ ઠું.

એમ છતાં તે સુગાંત્રા શેઠીઆએ ગરીબો સામેનો પોતાનો તોર અને તકોબરી એક લેસ પણ કમતી કરી નહીં, અને તોબી પોતાની આસપાસ તે દોસાએ તેની નજર દોરાવી જોયું ત્યારે પોતાની આએ મોટી દોલત અને બોહલી મીલકતો તેણે મુવા પેહલાં કોણને એનાયત કરી જવું ને તેને કાંઈ સુજયું નહીં ! તે વીસવાસ મુકી શકે એવું તેનાં વંશવેલામાં અથવા તેનાં લાગતાંવલગતાંમાં તેનું વારેસ થવા માટે તેને કોઇ બી લાયક આદમી દેખાયું નહીં, અને ત્યારે એક દાહડે એ વાતનો વીચાર કરતાં ઘણો ગભરાઈ જઇને તેણે પોતાના વીસવાસુ સોલીસીટર સોહરાબશાહને તેડાવી મંગાવ્યો. તે એ જઈફ શેઠીઆનો સૌથી પુરાંણો સોલીસીટર અને વિશ્વાસુ મિત્ર હતો. અને તેની સાથે તે ઘણો પલોતાયેલો હતો. પીરોજાને છેક એમ નહી ઓવારનીવાર કરવાને માટે એ ભલા સલાહકારે પેહલી હરોલમાં એ તકોબરીઆ શેઠીઆને ઘણો સમજાવ્યો હતો, પણ પોતાની લખોની દોલતમાંથી એક ખોટું દોઢીયું બી ઉંચકીને તે છોકરીને આપવા એ ઢાંખરાએ ધસીને સાફ ના કહી હતી. ત્યાર પછીથી એ સોલીસીટરે આજ.વેર તે વાત દાનાઇથી મોકુફ કરી હતી, પણ હવે જ્યારે તેને ખાશ બોલાવી મંગવીને પોતાના વારે-

અને વીશેજ આ જઈફ શેઠીઓ તેની સલાહ સોધતો હતો, ત્યારે વધવી ઓછી અનાકાંની પછી તે વાત પાછી ચંચેરવાને તેણે હીંમત એકઠી કરી.

"સાહેબને એક રસ્તો મને સુઝાડવા ગમે છે, તે ભલા સોલીસીટરે સુચવ્યું, "પણ મને ભય છે કે મારો સુઝાડેલો રસ્તો સાહેબને પસંદ આવવાનો નથી."

"તે શું છે?" માણેકજી શેઠે તોરથી પુછ્યું.

"સાહેબને યાદ હોશે કે ગઈ વખતે મેં એ વાત જ્યારે છેડી હતી ત્યારે તમે મારી સાથે ઘણા નારાજ થયા હતા; એમ છતાં તમારૂં ભલુંજ મારે ચાહવાનું છે તો આએ તકે પાછી યાદ આપવાની મારી ફરજ થઇ પડે છે, સાહેબ, કે તમારી વારેસ થવા તમારી પોતાની એક બેટી હજી હૈયાત છે."

"એ બધું હમબગ છે," તે શેઠીઆએ છછણી પડીને કહ્યું. "મારે મનથી તે મારી દીકરીને મરી જવાને તો એક જમાનો વહી ગયો!"

"તોબી આપણને ધ્યાંન કરવું જોઇએ, સાહેબ, કે કદાપી તેને ત્યાં છોકરાં થયાં હોય? તેણે તકસીર કીધી છે, પણ તમારાજ વેળાનાં તે બીચારાં ફુલ બચ્ચાંઓ સામને તમારો આએ ગુસ્સો મારાં આધીન મત મુજબ ખરેખર ઘણોજ ગેરવાજબી છે."

આએ છેલ્લી તકરારથી તે શેઠીઆપર કાંઇક અસર થયલી જણાઇ. તે પોતાની ખુરશીપરથી એકરાર ઉઠયો, અને ઘણી ઉશ્કેરાયલી હાલતમાં એમ તેમ તે ઓરડામાં વિચારવંત અદાથી ફેરા લેવા માંડયા.

"નીરદોશ બચ્ચાં?" છેલ્લે અંતે તે તુચ્છકારથી બોલ્યો. "હા, નીરદોશ તો ખરાં, પણ બચ્ચાં કોણનાં? નીચમાં નીચ બુનીઆદનાંજ કેની? એક કમજાત, કમઅસીલ, કમીનો જે મારી એકની એક બેટીને ચોરી ગીયો એવા એક માહા મુજી ચોરનાંજ કેની?"

હયાં તેનો અવાજ વટીક ધુજવા લાગ્યો એટલો તે ઉશ્કેરાયો! "તેવાં બેબુનીઆદ બચ્ચાંઓને શું હું અહીં લાઉં? તેઓને મારાં વારેસ સ્થાપી મારા પુર્વજોનાં પંકાયલાં નામને શું સદાની નામોશીમાં ગીરફતાર કરૂં? એ વાત કદી બનાવાની નથી."

"સાહેબની ઘણી ભુલ છે," તે સોલીસીટરે હજી આગ્રહ કરયો.

—લ્પારકાં આવીને તમારી દોલત ખાઇ જાએ અથવા તમારાં માનપામેલાં અને આબાદ નામનો તમારાં મરણ પછવાડે નાશ થાય તે કરતાં તમારાં એ પોતાનાં લોહીના બચ્ચાંને બાહાલ રાખવાનું કામ લખો વાર વધારે પસંદ કરવાજોગ છે. જરા લાંબો દરયાફ્ત તો કરો, મારા મુરબ્બી ? આખર કરે પણ એ તમારાંજ બચ્ચાં કેની ? ગમે તેવાં પણ એ બચ્ચાં તમારાજ વેલામાંથી ઉતરેલાં છે એમ ના કેહેવાની હીંમત કોણ કરે ? હુ તો ધારૂંછ, સાહેબ, કે એ બચ્ચાંઓમાં તમારીજ ખાસીયત બલકે તમારોજ ચેહેરો વટીક હોવો જોઈએ."

"ખોદા ખેર કરે," તે બુઢો કમકમીને પટપટયો.

"એમાં કમકમવાનું શું છે ?" સોલીસીટરે બજીદ થઇને જારી રાખ્યું; "કદાચ તમારોજ જાતવંત ટેક—આએ તમારોજ તુમાખી તોર અને તમારાં માનપામેલાં નામની નોંક જાલવવાની આએ તમારીજ ઉલટ તે બચ્ચાંઓમાં બી ઓધે ઉતરી હોય એમ કાંય નહીં બને ?"

"પણ, સોલીસીટર, તમે એ બધી તકરાર કરોછ," તે બુઢા શેઠીઆએ લગાર ખીજવાઇને કહયું, "પણ તે પોરીને કદાચ પોરીઆં થયાંજ નહીં હોય તો ?"

"તેજ આપણને અવલ નકકી કરવાનું છે તો, સાહેબ," તે ભણેલો લાહેર તે ધસેલા ઢાંખરાંને ફેરવી ફેરવીને અંતે રાહ પર લાવ્યો; "આપણે પીરોજાની શોધ કરાવીએ તો જે હોય તે જણાઇ આવે, અને પછી આગલ કામ લેવાનું જે હોય તે આપણને સુઝ પડે."

પણ હજી એ અણુગમી વાત તે તોરવંતા શેઠીઆનાં ધ્યાંનમાં બરાબર ઉતરી નહીં. તેણે તોર બતાવ્યો, ! ગુસ્સો બતાવ્યો. "તે ચંદાલ બધી મારી દોલત લુટી ગયો હતે," તેણે લગભગ રડી દઇને કહ્યું, "તો મને ઓછું દુઃખ લાગતે, પણ મારી દીકરીને લઈ જઇને તેણે મારૂં જીગર ચીરી નાખ્યુંછ, અને તેને હું કદી માફ કરી શકવાનો નથી."

"પણ તેને માફ કરવા સાહેબને કેહેછજ કોણ ?" વલી તે સોલીસીટરે સમજાવ્યું. "પીરોજાને વટીક માફ કરવા હું તો કેહતો નથી, પણ હું તો આપણી પોતાની મતલબને સર તેનાં ફુલ જેવાં નીરદોશ બચ્ચાંની હીમાયતમાં સાહેબને આટલુ સમજાઉંછ."

ટુંકમાં, આવી જોરાવર સમજાવત સામે તે ઘસેલો ઢાંખરો આયંકે માહત થયો, અને એકવાર માહત થયો ત્યારે એ સવાલની પક્ષમાં એકદમ ઉશ્કેરાઇને ઘળી ગયો—બલકે આતુર થયો! એ તેની ફીસમના ચકાસેલા ચકરમોના સંબંધમાં જે સ્વભાવીક રીતે બનવું જોઇએ તેજ માત્ર બન્યું. સોહરાબશાહ સોલીસીટરે જોયું કે એ અજબ જેવી ઉશ્કેરણી હેઠળ તેના ફીક્કા પડેલા જઈફ હોઠ થરથર ધ્રુજતા હતા!

"ચાલો, ત્યારે, જે કરવું હોય તે જલદી કરી નાંખો," તે શેઠીઆએ ઉતાવલ કીધી, અને પછી તેઓ કાંઈ નવો તોર કાઢવાનાં પાટીઆં ગોઠવવા બેઠા. વકીલે જોયું કે પીરોજા ઘર છોડી ગઈ ત્યાર પછી આજ સુધીમાં તેનું શું થયું હોય તેનો તે બુઢાને તો સ્વપ્નો બી ન હતો! "વારૂ, એ બીચારીએ કાંઈ તમોને કાગલ પત્ર લખીઆં હશેની?" —તે વકીલે હવે પોતાની તપાસ કરવા માંડી.

"હા, લખ્યાં તો હોશે," તે શેઠીઆએ કહ્યું, "પણ તે કાગળ પત્રો કોઇએ રાખ્યાં નથી."

આ એક મોટી મુશ્કેલી હતી! પીરોજાની ભાલ કાઢવી હતી, પણ તેમ કરવા માટે એકે પ્રયોજન મોજુદ ન હતુ!

"તે પોરીને મારે ત્યાંથી ગયાને નહીં નહીં કરતાં વીસ વરસ થયાં," તે બુઢાએ હવે કાંઇક નાઉમેદીથી કહયું, "અને હવે ત્યારે આપણને શું પતો મળવાનો?"

પણ તે સોલીસીટરે તેને ધીરજ આપી. "હું મારૂં બનતું કરશ," તે સોલીસીટરે કહ્યું; "તમો સાહેબ ધીરજ રાખજો."

તે દીવસ પછીથી તે તુંદ શેઠયાની તબીએત અજબ જેવી રીતે ઉશ્કેરાયલી રહી! તેની ગુમ થયલી દીકરીનો પત્તો મલશે કે નહીં તેજ ચીંતાથી તે ઝરી જવા લાગ્યો, અને ખાવા પીવાનું વટીક છોડી દઈ એ અને એજ સવાલ માટે તેણે ખત કરીઆ કીધી!

પ્રકરણ ૭ મું.

સોરાબશાહ સોલીસીટરને થોડી અને દમ વગરની ભાલ મલી. પીરોજા પરણ્યા પછી પોતાના ટુંક બંદોલીઆ ભરથારને આસરે મોહતાજ અને ગરીબીમાં અવતીઆં મારતી મુંબઈના જે જુદા જુદા લત્તાઓમાં રહી હતી તેનો પોલીસનાં માણુસોની મદદથી તેણે પત્તો મેલવ્યો ખરો, પણ તે પછીથી તેણીના સંબંધમાં નવું કાંઇ જણાયું નહીં, અને છેલ્લે અંતે પીરોજાની ક્યાં આખર આવી તે કાંઈ સમજ પડી શકી નહીં.

ટુંકમાં, તે શેઠીઆને તેના સોલીસીટર સાથે મસલત કરતો તેના મેહલ જેવા બંગલાનાં એકાંતમાં એક દાહડે પાછો બેઠેલો આપણે જોઇએ છીએ. તે વકીલ ગુંચવાયલો હતો—તે શેઠીઓ દુઃખી દેખાતો હતો !

"ત્યારે હવે બધી આસા મુકી દેવાની છે ?" તેણે નાઉમેદીની ગમખારીથી વકીલને પુછ્યું.

"મારી પાસ તો હવે ઉપાય નથી," તે વકીલે બી તેટલીજ નાઉમેદીથી કહયું, "સિવાય કે પીરોજાનાં કોઈ કાગલ આપણુને મલી આવે."

"મેં તો કોઇ જોયાં નથી," તે શેઠીઆએ કહ્યું.

"કોઇ છેલ્લાં કાગલો ઉપરનો પોસ્ટમાર્ક જોયો હોશે ની ?" તે વકીલે પુછ્યું.

"મેં તે કાગલજ અવલ તો જોયાં નથી તેની વાત કરોની !" તે શેઠીઆએ ભાર મુકીને કહ્યું. "મેં તો કારભારી માકાને તે આવે તેવાં બાલી મુકવા કહયાં હતાં; જોઇએ તો તેને હાંક મારીને પુછો ?"

તરત પાસે ટેબલપર પડેલો એક નાહનો રૂપેરી ઘંટ વજાડવામાં આવ્યો; અને બીજી એકાદ બે પલ પછી કારભારી માકો તેઓની સામે આવી ઉભો.

"માકા," તે વકીલે પુછ્યું, "તું કાંઇ કહી શકશે કે પીરોજાએ ક્યારે અને ક્યાંથી શેઠને લખ્યું હતું ?"—અને માકો તેના શેઠને આ અતી અણુગમતી થઇ પડેલી વાત એમ તેની સાંમેજ આજે રજુ થતી

જોઈ અજાએબી અને ગભરાટમાં દાચું મલકાસી તે બેહુ સાહેબોને ટીકવા પડયો!

"કહી દે, માકા, જે હોય તે," તે ઉપરથી તે શેઠીઆએ તેને ધીરજ આપવાના હેતુથી કહ્યું. "અમોને એ છોકરીનાં છોકરાંનો પત્તો મેલવવો છે, તેથી એ વાતમાં તું જે જાણતો હોય તે બેધડક કેહે."

"ત્યારે તો મુરબી સાહેબ તમે મને માફ કરજો, પણ મેં એ બીચારી કમનસીબ બાઇનાં એક બી કાગલને તમારા હોકમ મુજબ બાલી કે ફાડી નાંખ્યું નથી," માકાએ હાથ જોડીને કહયું. "મેં જોયું કે પાંચે હાડે એ કાગલો કાંઇ નહી ને કાંઇ કામનાં થઇ પડશે, અને તેથી જોકે એ વાતને વીસ વરસ થયાં છે તોબી તે બધાં કાગલો એમનાં એમ અનામત સાચવેલાં મારી પાસે હાલમાં બી તૈયાર છે."

તે બુઢા શેઠયાંની આંખ આ એકરાર સાંભલતાં ખુશીથી ચમકી નીકળી! "માકા, તું ઘણો ડાહયો છે," તેણે તેને સાબાશી આપીને કહયું, "અને એ તારી દુરઅંદેશ દાનાઇને વાસ્તે હું પછી તુંને ઇનામ આપશ."

"માકા, ખરેખર તુંને સાબાશ છે," તે સોલીસીટરે બી કહયું. "એ કાગલો એમ હકબંધ સાચવી રાખવામાં તે ડાહપણનુંજ નહીં પણ પુણનું બી કામ કીધું છે. જા, તે જઇને લઈ આવ."

તે ભલો કારભારી આ સાંભલતાં હરખાતાં અને ખુશાલ જીગરે તે દીવાનખાંનામાંથી બહાર ગયો, અને બીજી થોડીક પલોમાં સુતલીનાં આંટાઓથી બાંધી લીધેલું કાગલોનું એક હકબંધ પેકેટ લેઇને અંદર પાછો આવ્યો.

"આએ બધાં તે કાગલો છે, મુરબી," તેણે કહયું. "એને કોઇએ આંગલી બી લગાડી નથી, અને એ આવ્યાં તેવાં હું એક એકની ઉપર તે ગોઠવતો ગયો."—એમ કહી તે કાગલ આપી તે કારભારી દાનાઇથી તરત પાછો બાહેર ગયો.

"તમે એ જુવો," તે શેઠીઆએ આંખે આડો હાથ દેઇને કહયું. "અરે દીકરી! દીકરી!" તેણે વીસ વરસે તે અભાગણી દીકરીને યાદ

—કરીને હવે પેહલી વાર મોટે સાદે ગમ કીધો,—અને પછી એક પછી એક તે સોલીસીટરે અનુક્રમે તે કાગળો ઉંગાડ્યાં અને વાંચ્યાં.

તે એક ઘાહ્યો, પાકો, થાવકો માણસ હતો, અને કોઈ બી રીતે નરમ છાતીનો આસામી નહીં હતો, છતાં એક પછી એક દુઃખી પીરોજા-નાં તે કાલાવાલાનાં અને મીનતજારીનાં કાગળો વાંચતાં તેનુ હૈયું ભરાઈ ભરાઈ આવ્યું, અને તેની આંખમાંથી અવારનેવાર આંસુઓ ટપકવાં માંડયાં. પેહલાં એક બે કાગળો તો લગાર સાદાં સાધારણ અને રમુજી તોરનાં હતાં. તે લખતી હતી કે 'બાવાજી, હું તમને મેહનત આપ્યા વગર પરણી ગઈ તેથી તમારે તો મારો ઉપકાર માનવો જોઈશે,' અને છેલ્લે દીલમાં કાંઈ બી બુરૂં નહીં માનવા અને તેને જરૂર માફ કરવા અરજગુજારી લખેલી હતી. બીજાં કાગલમાં તેના ધણીની દમ બાંધીને તેણે વખાંણ લખી હતી. ત્રીજાંમાં આગલાં બેનો તેના બાપે જવાબ નહીં કરીઓ તનો પરીઆરો હતો. તે લખતી હતી કે 'હું નથી ધારતી, બાવાજી, કે તમે મારી સાથે ખરા દીલથી રીસાયા હોવો કે ગુસ્સે થયા હોવો.' તે પછીનાં કાગલપર કાગલ માફીની કાલાવાલા અને મીનતજારીનાં હતાં, અને પોતા પર કેવું દુઃખ પડતું હતું તેના વલી તેમાં હેવાલો હતા. વલી પછીનાં એક કાગલમાં પોતાને ત્યાં પુનમના ચાંદ જેવા ચેહરાની એક દીકરી જન્મ પામવાના સમાચાર લખેલા હતા, અને તે દીકરીને ખાતર પોતાને હજી બી માફ કરવાને તેણીએ કરગરીને લખ્યું હતું. એ દીકરીનું નામ, મારા વાહલા બાવાજી, મેં "માંણેક" રાખ્યું છે,' તે લખતી હતી, 'અને તે જરાકે જરાક અને આબેહુબ મારીજ સખી છે, તેથી જો તમે એને જોશો તો ખરેખર એ તમને ઘણીજ વાહલી લાગશે.'

પછીનું એક કાગલ ભુખમરાની ફરીઆદનું અને પોતાના ધણીની માહા જોખમભરી માંદગીના સમાચારનું હતું. આ કાગલ વાંચતાં તે સોલીસીટરનો આત્મા છેક ઉંડાણમાંથી ધુજ્યો. કેમકે તેમાં લખ્યું હતું કે 'બાવાજી, મારી પાસે ખાવાની સુકી રોટલીનો એક ટુકડો બી નથી. અરે, તમે જમી ઉઠો પછી તમારી ટેબલ પરનું વધ્યુંસધ્યું નહીં તો ટેબલપરનું પડીયું ખડીયું બને એકઠું કરી મોકલાવો, ને તે બી હું તમોને હજારો દુવા દેઇનેજ ખાવશ.'

"મારાં ખાંનદાનની દીકરી—મારી પોતાની દીકરી અને આએ રી-તે ભુખે કકલીને તે મુઇ!" તે બુઢાએ એક સરદ હાય મારી માથું કુટીને હવે બલાપો કીધો!

તે પછીનાં એક કાગલમાં વલી તેણીના મરવા સુતેલા ધણીનાં મરણના માઠા સમાચાર હતા. 'હવે તો મારે માથે વાસે બી કોઇ નથી,' તે લખતી હતી, 'અને મરશ તો કોઇ મને જોનાર બી નથી, વાસ્તે ઓ બાવાજી, એટલા પથ્થરની છાતીના તમે ના થાવો, અને કાંઇ નહી તો મને મરવા દેવાને વાસ્તે તમારા મેહેલ જેવાં મોટાં ઘેરમાં મને આવવા દેવો.' સૌથી છેલ્લું કાગલ વાંદરેથી આવેલું હતું, અને તે એવું હતું કે તે સાંભલતાં માંણેકજી શેઠ દુસકે દુસકે રડયો. તેમાં લખ્યું હતું કે 'ટીકીટ મારવાનાં બે દોઢીઆં બી નહીં હોવાને લીધે તે કાગલ નોટપેડ મોકલવું પડયું હતું, અને તે અને તેની બેટી દુધના એક ગોત કે સુકી રોતીના એક ટુકડાને વાસ્તે બી તવલતાં રહયાં હતાં!'

આ કાગલ છેલ્લુંજ હતું, અને હયાં તે કંગાલીઅતની કેફીઅતપર ખરા અફસોસ અને દુ:ખનો એક સદાનો સીહા પરદો ઉતરતો હતો!

"સાહેબ જો આ છેલ્લું કાગલ જોતે તોબી શું તેને માફ નહીં કરતે?" સોલીસીટરે તે બુઢાના કંગાલ ટેક તરફનો પોતાનો ધીક્કાર ને કમકમાત છુપાવાની કશી બી કોશેશ કરયા વના પુછ્યું.

"ખોદા મને માફ કરો," તે ડોસાએ કમકમીને કહ્યું, "હું ધારૂં છું કે હું એ વાંચતે તોબી નહીંજ માફ કરતે."

"મારાં ધારવા મુજબ એ બીચારી વાંદરે હક થયેલી હોવી જોઇએ," તે સોલીસીટરે કહ્યું.

"શું ભુખથીજ મરી ગઇ હશે?" તે દોસાએ રડી પડીને પુછ્યું. "ચાલો, ગાડી જોડવાનો હોકમ આપો, આપણે હમણાંજ જઇએ અને તલ્લાસ કરીએ."

તે વકીલે ના કહી. તેણે જોયું કે પીરોજાને ગુજરવા પછીથી હવે તો વરસો બી વહી ગયેલાં હોવાં જોઇએ, અને ત્યારે તે મોટા કસબામાંથી તેણીની બાલ એટલી સેહલ મલી આવવાની નથી; એટલામાટે તેણે

સુચવ્યું કે તે એકસચેન્જ જાએ તો બરાબર ખોળ કરી શકશે," અને જો મને કોઈ બી ખબર પડશે," તેણે કહ્યું, "તો હું તમને તારથી ખબર આપશ."

તે પછીથી તેજ દાહડે તે સોલીસીટર બાંદરે ગયો, અને આપણે માંણેકની માતાનાં મરણના સંબંધમાં જેજે બનેલું શરૂઆતનાં પ્રકરણમાં વાંચી આવ્યાં છીએ તે બારીકમાં બારીક વીગતોથી પાપરીની પેરે પૈસો વેરી કલવલે મેલવતાં તે કુનેહબાજ સોલીસીટરને મુસ્કેલ થયું નહીં. ત્યાંથીજ તેને માલમ પડયુ કે માંણેક મોટી થયેલી હતી, અને "માકાપેસીના મટલા" નામના કોઇ એક ગરીબ કામદાર સાથે પરણેલી પરેલ તરફની એક ચાલીમાં રેહતી હતી.

પ્રકરણ ૮ મું.

પોતાની વકી ઉપરાંત આટલી બધી વિગતો એક તડાકે કલવલે ભેગી કરી શકવા માટે સોહરાબશાહ સોલીસીટર ઘણો ખુશી થયો. આ-ટલું તો નકકી થઇ ગયું કે પીરોજા બેહેસ્ત પાંમી ચુકી હતી, અને માંણેકજી શેઠની બીસીયાર દોલતની વારેસ થવા એ મરનાર પીરોજાની એક બેટી નામે માંણેક હૈયાત હતી. ફકત અફસોસ એ હતો કે તે પરણેલી હતી, અને તે બી વલી છેકજ ઉતરતી પંકતીના એક ગરીબ મીલ—મજુર સાથ પરણેલી હતી! હવે તેથી જે કરવાનું બાકી રહ્યું હતું તે એ હતું કે માંણેકને તેણે પોતે જાતે જઇને મલવું, અને તે ગામ-ડયન તોરની જંગલી છે, અભણ છે, અસ્વચ્છ છે કે કેવી છે તે નજરે જોઇને નક્કી કરી લેવું, કે જેથી માંણેકજી શેઠે તેને કરી લેવી કે નહીં તે ઉપર તે પોતે વિચાર ચલાવીને એ તોરવંતા શેઠયાને લાયક હોય તે સલ્લાહ પછીથી આપી શકે.

એ ઉપરથી માંણેક રેહેતી હતી તે ચાલી લેવાની મતલબથી જોવાં માંગતો હોય તે કીસમના ઢોંગ કરીને એ કુનેહદાર સોલીસીટર તે મનો-

હેર સુંદરીને મલી આવ્યો, અને તેણીની છક કરનારી ખુબસુરતી અને તેણીના બેટાની તેવીજ દીલકસ મુખમુદ્રાથી તે બાબજા હેરત થતો પાછો ફર્યો તે સઘળું આપણે આગળાં પ્રકરણોમાં વાંચી આવ્યાં છીએ. તે જેટલો અજાયબ થયો તેટલોજ ખુશી થયો. તેણીનામાં અભણપણાંનું કે ગામડયન લક્ષણ એકે હતું નહીં. "એ જો કુંવારી હતે તો એને અહીંથી લઇ જઇ શકાતે, અને માંણેકજી શેઠના એક સૌથી લાયક વારસ તરીકે એ છોકરી અજાયબીનું એક "સેનઝેસન" જરૂર પેદા કરી શકતે," તે સોલીસીટર નાઉમેદીના બલાપાથી મનસે પટપટ્યો. હવે ઉપાય ન હતો. સિવાય કે તેણે જઇને સઘળો રિપોર્ટ તે જઇફ શેઠયાને કરવો, અને તે પોતે શું કરવા માંગે છે તે જોવું.

તે ગયો. તેના તરફથી કાગલ પત્ર મારફતે બી કશાજ સમાચાર હજી તુલક નહીં મલેલા હોવાને લીધે તે ઘરડો શેઠયો હદ વનાનો ઉસ્કેરાઇ રહેલો હતો, તેને તે સોલીસીટરે મલતાં સાથે ઘણી ધીરજ આપી, અને પછી તેણે સઘળી બીના તેને બ્યાંન કરીને કહી.

તે હેવાલ પૈસામાં પોખાયલા એ ધનવાન શેઠયાએ થરથર ધ્રુજતાં તનબદને સાંભળ્યો. "તમે કહોછ એટલી બધી શું એ છોકરી ખરેખર ખુબસુરત છે?" તે ડોસાએ બળાપાથી પુછ્યું; "ત્યારે તો તે ખરેખર એની માય જેવીજ હોવી જોઇએ, પણ ત્યારે સત્યાનાસગીયાં એની એટલી નાહ્લી ઉંમરે એને અદરાવી પરણાવી શાનાં મુવાં? તેનો વર કોણ છે ને શું ધંધો કરે છે?"

"તે એક મીલમાં એનજીનડ્રાઇવર છે, સાહેબ," તે સોલીસીટરે અચકાતાં અચકાતાં ને બીહતાં બીહતાં કહ્યું.

તે શેઠીઆએ કમકમાત અને અજાયબીથી હાથો ઉંચા કીધા! "અને એની બઇરી એને ચાહે છે?"

"હું ધારૂં છું કે ચાહતી તો હોશે," તે સોલીસીટરે હસીને કહ્યું. "બધી પરણેલી બૈરીઓ પોતાના વારોને ચાહે છે એમ હું માનુછું, સાહેબ."

"અને એ લોકનો છોકરો બી તમો કેહોછો એટલો તંદરોસ્ત અને અને ખુબસુરત છે?" તે શેઠયાએ વિચારવંત અદાએ પાછું પુછ્યું.

"જી, હા, તેમ બી દેખાય છે તો ખરૂં," તે સોલીસીટરે કહ્યું.

તે શેઠીઆ એ સઘલું સાંભલી વીચારના એક વમલમાં ઉતરી ગયો. બીડેલી હોઠ અને ચડેલાં ભવાં સાથે તે બુઢાએ માંથે હાથ દેઇને ઘણો ગંભીર દરીઆફ્ત કીધો, અને પછી તે બોલ્યો, "મારા બાપદાદાનાં માનપામેલાં નામને મારા વખતમાં બેશક ઘણું બુરૂં પોહચ્યું છે, પણ આજે તો તે બુરાંની બી હદ થઇ જાએ કે એવા એક નીચમાં નીચ બુનીઆદના છેક મજુર વર્ગના હલકા આદમીને હું મારા ઘેરજમાઇ તરીકે મારાં ઘેરમાં બોલાઉં અને આજે મારા બંગલામાં રાખું!"

"ત્યારે હવે તમો સાહેબ શું કરવા ધારોછો?" તે સોલીસીટરે ધીમેથી પુછ્યું.

તે શેઠીઓ જવાબ આપવા પેહેલાં એકાદ પલ થોભ્યો.

"હું જે દરખાસ્ત કરશ તે તમને ગમશે નહીં, મી૦ સોહરાબશાહ, પણ મારો નક્કી જે ઠડાવ છે તે હું તમને કેહુંછું, અને મારા બાપદાદાનાં નામનો ટેક રાખવા એ વાતમાં મારો ખોદા ઉતરી આવીને બી મને સમજાવે તોબી હું તેમાં બીજો કશો ફેરફાર કરવાનો નથી. હું એ માંણેકને ખુશાથી કરી લેઉં, હું તેને મારા બધા પૈસાથી ગંજરી મેલું, હું એના દીકરા રૂસ્તમને બી કરી લેઉં, અને તેને મારો વારેસ બી બનાઉં, પણ તે બધું એકજ સરતે થાય, અને તે સરત એ કે એ પોરી પોતાના એ પરણ્યા વરનો પલ્લો સદા સુધીનો તજી દે. તે મરી ગયો હોય તેમજ તેને તે પછી ફરી કદી બી મલે નહીં એટલુંજ નહીં પણ કોઈ દાહાડે તેનું નામ વટીક લે નહીં. જો એ પોરી એ મારી સરત નહીં કબુલ રાખે તો પછી ભલે મારી દોલત ધરમખાતાંઓમાં જાએ!"

"સાહેબ, એ તો તમે ઘણુંજ ગેરવાજબી માંગોછ," તે સોલીસીટરે હીંમતથી અને ભારથી કહ્યું. "વરબાઇએર વચ્ચે એ જાતની જુદાઈ ઠરાવવી એ ઘણુંજ ઘાતકી છે. એ ખુદ ખોદાના અને માણસના કાયદાથી બી ઉલટું ને ઉંધું છે."

"તે જે હોય, તે" ગુમાખી તોરમાં મરી રહેલા તે શેઠીઆએ કહ્યું. "હું તેના ગમાર માલીને મારા જમાઈ તરીકે તો કદી બી આહલં રાખવાનો નથી."

" ત્યારે તમે તેના છોકરાને કેમ કરી લેવા માંગો છો ? "

" કારણ કે તેની નસમાં તો મારાજ બાપદાદાનું અસલ લોહી દોડે છે, " તે બુઢાએ ઉસ્કેરાઇને કહ્યું. " તેનો આએ બાપ તો બીલકુલ નીચ બુનીઆદનો અને હલકાં ને પરાયાં ખાંનદાનનો છે, કે જ્યારે એ દીકરો તો મારી દીકરીની દીકરીનોજ છે, તે તેથી તેને બેશક હું કબુલ રાખી શકું. "

"સાહેબ, તમારૂં કામ પાપી અને અધરમી છે," તે સોલીસીટરે પ્રમાણીક જુસ્સાથી ઉશ્કેરાઇને કહ્યું, " અને એવી રીતે કામ લેવામાં મદદ કરવાની હું તો સાફ તમને ના પાડુંછું. "

" તે તમારી મરજી," તે શેઠીઆએ તુચ્છકારથી કહ્યું. " તમોને મારૂં કામ નહીં ગમતું ને પાલવતું હોય તો ઓછું, બીજા ઘણાએ મારાં કામપર ખુશીથી જીવ આપવા રાજી થશે. હું તો કેહુંછ તેમજ કરવાનો. જો એ છોકરી પોતાના વરને તજી દેશે તોજ અને તોજ હું એને મારાં ઘરમાં બોલાવશ અને રાખશ; નહીં તો એ મારે મનથી હતીજ નહીં અને છેજ નહીં."

" પણ મારા સાહેબ, તમે દયાથી જરા દરયાફ્ત કરો," તે સોલીસીટરે કાકલુદીથી કહ્યું, " કે એ બીચારા ગરીબ છોકરાનો વાક શું કે તમે તેને તેની પરણી મોહરદારથી સદા સુધીનો જુદો અને ઓવારનીવાર કરવાનો જુલમ કરવા માંગોછો ? તેની પરણી મોહરદાર તમારાં ખાંનદાંનની નીકળી એજ તેની ગુનેહગારી કેની? તેમાં એનો પોતાનો અપરાધ શું ? તેણે આજવેર એ છોકરીને ચાહી, તેણીનેજ વાસ્તે હાડકાં રગડીને તન પટક્યું, અને હવે તમે તમારૂં પૈસાનું જોર ચલાવીને એ લોકને છુટાં કરો એ સરીઆમ જુલમાત છે! કોઇએ તમારાં બેહસ્તનને તેવણની હૈયાતીમાં તમારાથી એજ પ્રમાણે છુટાં કીધાં હોને તો શું તમોને નહીં લાગતે ?"

" તમે ઘણી લાંબી લાંબી ફેં ફેં કરોછો, વકીલ, " તે ડોસાએ બીજાજ બોહી દઇને ગરમ થઇ જતાં કહ્યું. " મારી લાગણી સાથે તે એક તુચ્છ મજુરની લાગણીઓ તમે સરખાવા માગોછ ? એવી નીચ

જંગલીના માણસોને એવી નાજુક કીસમની લાગણીઓ હોવીજ શાંની જોઇએ ?."

"સાહેબ, એવા બધા તમારા અધરમી વીચારોને વાસ્તે ખોદા તમોને માફ કરે એજ મારૂં ખરાં દીલનું કહેવું છે," તે સોલીસીટરે ગમખારીથી કહયું.

"તમારી મેહેરબાંની," તે શેઠયાએ અનકાથી કહ્યું. "એવા એક નીચ માણસને અહીં લાવીને હું મારા બાપદાદાનાં ખાંનદાની નામને એમ કદી લગાડવા કે લાગવા દેવાનો નથી."

"એબ તો તમે સાંભી જે લોકો પરણીને ખોદાને બાર એક થયાં છે તે લોકને જુદાં પાડવાનો જુલમ વરસાવીને લગાડશો," તે વકીલે જોસથી કહયું. "મોટાઓ પોતાની દોલતના જોરે ગરીબોને એમ પાયમાલ કરીને કચડી નાંખે તેના જેવું પૈસાનું નજીસ પાપ બીજું શું થાય? કોઈ બે કબુતર નરમાદાને બી છુટાં નહીં કરે, તો તમે તો આએ બીચારાં પરણેલાં આદમી વરબૈયર કે જે લોકો ગરીબ સંસારે એકમેકને ખરાં દીલથી ચાહીને પોતાનાં ઘરમાં કટકા રોટલીથી સુખી છે તેઓને જુદાં અને સદાનાં દુઃખી કરવા માંગોછો એ તે કેવો જુલમ ?"

"વકીલ," તે શેઠીઆએ હવે જરા હસી પડીને કહયું, "આજે તો તમે જબરૂં બોલ્યા. મારાં મોઢાં પર ને મોઢાં પર મને સખત તાણાજાંનીથી થથરાવી કાઢવાની આજ વેર ખરેખર તમારા જેટલી કોઇએ હીંમત કીધી નથી. એ તમે બજાવ્યું તો ખરૂં-પણ હવે ઘણુંમાં સવાદ નથી. હું તમને કહી ચુકોછું અને ફરીથી કહું-છ કે તમને મારૂં કામ નહીં પાલવતું હોય તો હું બીજો સોલીસીટર ખુશથી સોધી લેવશ. હું એક પા કલાક જઈ આઉં તેટલાં વીચાર કરજો. તમે હા કેહશો તો માંણેકને મારી સરતો સમજાવીને મારે ઘેર લાવવાનું કામ હું તમોનેજ સોંપશ, અને તમારી મેહનતના બદલામાં હું તમને કાંઇ કમતી આપશ નહીં."

ત્યાં માણેકજી શેઠ ખામખા ઉઠીને તે ઓરડાની બાહર ચાલતો થયો, અને તે ભલો સોલીસીટર સોહરાબશાહ પોતાના વીચારો સાથે

ત્યાં થોડીક પલ એકલો પડ્યો. તેણે જોયું કે 'હુંનાં કેહવશ તો આએ ચીકાસવાલું એક કુલ હાથ કરી લેવા સેહેકડો સોલીસીટરો આગાલ પડશે, અને એ જે કેહશે તે હાજી હા કરીને તે લોકો એનું કામ કરી તો આપવાના; તે કરતાં એ મારો તો કાંઈક બી આંક્રોશ રાખશે, વાસ્તે હુંજ એને એ કામ હાલ કરી આપું, અને પછી રફતે રફતે એને ઠંડો પાડી મનાવીને માંણેકના વરને બી હયાં હું લાવી શકશ."

એ ઠડાવ મુજબ બીજા પા કલાક પછી જ્યારે તે ધનવાંન શેઠીઓ તે સોલીસીટરનો સેવટનો જવાબ મેલવવા પાછો ત્યાં આવ્યો ત્યારે તેણે કહ્યું, "સાહેબનું કામ હું મારે માથેજ રાખુછું—જોકે મારૂં ખરાં દીલનું મત છે કે એ કામ નાકામ જેવું નાપાક અને પાપી છે."

તે પછી ભારી દીલે તે માંણેકને એકાંતમાં મલવાના હેતુથી ગયો, તેના વરની સાંમને આવી અયોગ્ય દરખાસ્ત તે પરણી મોહરદાર આગલ રજુ કરવાને તેની છાતી ચાલી નહીં, જેથી મંચી ઘરમાં નહીં હોય તેજ તાઇમ સાંધીને તે ગયો.

ત્યાં માંણેક તેની નજરમાં આજે આગલ કરતાં બી લખો વાર વધારે મનોહર દેખાઇ!

માણેક આગલ તે ચાલી લેવાના હેતુથી આવેલા આ ગ્રહસ્થને ફરીથી ત્યાં આવેલો જોઇ કાંઇક અજાયબ થઈ, કેમકે તેણીએ યાદ કરયું કે તેની આગલી મુલાકાતની વાત તો પોતાનાં મનમાં કશી બી દગલબાજી વગર તેણીના ભરથારથી તેણીને આજ સુધી છુપાવવી પડી હતી!

"કેમ, જી તમોને પાછું આવવું પડયું?" તેણીએ તેને ખુરશી આપતાં પુછ્યું.

"મને પાછું આવવુ પડયું છે," તે સોલીસીટરે સમજાવ્યું, "સબબ મારે તમો સાથે એકાંતમાં અને અતી જરૂરની એક જુદીજ વાત કરવી છે."

માંણેકનો ચેહરો એ સાંભલતાં ફીકરથી ફીકકો પડી ગયો.

"તમારે બીહવા જેવું કાંઇ નથી," સોહરાબશાહે તે જોઈ હીંમત આપી કહ્યું. "હું જે સમાચાર લઈ આવ્યો છું તેને સારા ગણવા કે

માટે તે તમારી સમજદારી પર આધાર રાખશે. મને એ પોતાનું મારૂં કામ ગમતું નથી. હું તો ફકત ફરજનો મારયો અહીં આવેલો છું એમ, બેહન, તમારે ખાત્રી રાખવી."

માંણેક આ બધું સાંભલીને વધતી ગભરાઈ ગઇ. આ પારસી કોણ હતો? શું માંગતો હતો? શું કેહતો હતો? તેણીને કશું સમજ પડયું નહીં!

પણ સોહરાબશાહ સોલીસીટરે હવે જલદીજ તેથી તેની આગલ સઘલો ખોલાસો કરયો. તેણે માંડી મેલીને સઘલી બીના તેને કહી સંભલાવી, અને તે સાંભલતાં માંણેકના ડોલા અજાયબીમાં ફાટી ગયા! તેણીનું આખું તનબદન ધ્રુજ્યું, અને હરખમાં આવેજ થઇ લગભગ તે ચીસ પાડી બોલી ઉઠી, "શું ખરેખર હું એવા એક લખોપતી શેઠીઆની દીકરીની દીકરી છેઉ?"

"જી હા," તે સોલીસીટરે ગંભીરતાથી કહ્યું, "અને તે શેઠીઆની વારેસ દીકરી તરીકે તેના મેહલમાં એસ કરવા હું તમને અહીંથી તેડી જવા આવ્યોછ, પણ તેવણ સાહેબ તમારા સાથે તેમ થાય તે પેહેલાં એક સરત કરવા માંગેછે."

"એક સરત?" તેણીએ હરખથી હસી પડીને કહ્યું, "એક હજાર સરત કરો ને તે હું બધી ખુશીથી કબુલ રાખશ. અરે મને તો ખુદરતીજ ખતકો થયા કરતો હતો કે આવી આએ કંગાલીઅતમાં અહીં સબડયા કરવાને માટે હું જન્મીજ નથી, અને ફકત એક એજ વાતની અમો વરબાઈએર વચ્ચે હમેશની પંચાતી થતી આવેલી છે. તમેજ જોવોજી કે મારી નસમાં એવું ખાનદાની લોહી દોડે ત્યારે આએ ગરીબાઈમાં અવતીરમાં મુકલા મને અહીં રેહવા નહીં ગમ્યું તેમાં અજાએબી શું છે? પણ વારૂ પેલી તમારી સરત શું છે, કેહો ની?"

"તે સરત ઘણીજ ઘાતકી છે, બાઈ," તે સોલીસીટરે દુ:ખથી કહ્યું. "એ તમારા મોટાલોક મોટાબાવા ઘણાજ તુમાખી તોરના ને મગરૂર છે, અને ગરીબોને વાસ્તે તેવણ ભારી સુગ ધરાવે છે: એટલાવાસ્તે તમે તમારા નીચ બુનીઆદના ગરીબ વરનો પલ્લો સદાનો તજી દેવો, તોજ તેવણના મેહલમાં તેઓના વારેસ તરીક તમો ને તમારો દીકરો

આવી શકો એમ સરત છે."

માંણેકની આંખમાં એ સાંભલતાં ભારે ગુસ્સાનાં ચમકારા પ્રગટી નીકળ્યા! "શું હું મારા ધણીને સદાનો તજી દેઉં?" તેણીએ ભારી ફ્રૂરાતથી કહ્યું. "મને રાણીનું રાજ મલતું હોય તોબી નહીં તજું! તેવણુ મને કેહવા ચાહેછ તે મોટાબાવાને શું ખબર હોય? તેવણુ બીચારા મારા વગર થોડા દાહડામાંજ ઝુરપંજર પડીને જરૂર મરી જાએ."

"બાઇ," તે સોલીસીટરે ગંભીરતાથી કહ્યું, "તુને લખો સાબાસ છે! હું ચાહું તે અને તેવોજ દલેર જવાબ તેં મને આએ આપ્યો છે. અલબત મોટાશેઠ ઘણુા જીદ્દી હોવાથી તારો એ જવાબ સાંભલીને પોતાની દોલત ધરમખાતાંઓમાં આપી જશે, ને તુંને એક ખોટું દોઢીયું બી પરખાવશે નહીં, તોબી તું કેહે તો એક વખત ફ્રીથી તારો સેવટનો જવાબ લેવા હું આવી જવશ, વાસ્તે તું વીચાર કરી મેલજે."

"તમારે એવી બેહુંદી દરખાસ્ત લેઇને અહીં મને લલચાવા આવવુંજ નહીં હતું," માંણેકે ઘણો ગુસ્સો કરીને કહયું. "એવણુ પોતાનાં મનમાં ચાહે શું પીતા હોશે? મારો ધણી બીચારો મારા પરથી મરી મરી પીતેછ તેનેજ હું બેવફા થાઉં ને મરતાં સુધી ભુલી જાઉં? તમે જતા રેહેવો, અને ખોદાને વાસ્તે એ મોટાં પાપમાં મને લલચાવવા આરે ઘેર આવતા ના."

"તે તારી મરજી, બાઇ," તે સોલીસીટરે કહયું, "પણુ કદાચ તું તારો વીચાર હજી પછી ફેરવે તેથી આજથી બરાબર એક મહીનો રહીને તારા સેવટના જવાબને વાસ્તે મારી ફરજની રાહે હું અતરે એક ફેરો લઇ જવશ; તેટલાં મારી તને ભલામણુ છે કે આએ મારી મીલાકાતની વાત તું તારા ભરથાર અગલ કરતી ના,"—અને બીજી પલે તે સોલીસીટર ઉઠીને ચાલતો થયો!

પ્રકરણુ ૯ મું.

તેજ સાંહજે પોતાનાં કામ પરથી ફારેગ થઇને સરેસ્તાનાં ખુશાલ દીલે ઘેર પાછો ફરવા પછી માંણેકનો ભરથાર મંચી અજાયબીના એક દરિયાવમાં ગરક ગયો! તેની મોહરદાર રોજની ફીસમે આજે હસ્તી, બોલતી, ખેલતી, ઉલટમંદ હતી નહીં! એ કેમ? તે આજે હદવનાની ઉદાસ, ફીકકી, અને એક પારધીની જાલમાં પકડાયલાં એક લાચાર પંખેરાંની અદાથી થરથર ધ્રુજતી હતી. રોજની માફક આજે તેની ચા તૈયાર ન હતી, નાના રૂસીને બી રોજની પેઠે આજે હાથમોઢું ધોઈ બાળ સફા હોરીને તૈયાર કરેલો ન હતો, અને જ્યારે એ બધાંનો સબબ ઘણી અજાયબી વચ્ચે તેને તેણે સરેસ્તાની મોહોબતથી પુછ્યો ત્યારે જવાબ દેવાને બદલે તેની છાતીમાં માંથું ખોસીને તે સુંદર છોકરી આસુંઓનો એક દરયાવ રડી!

"તુ એમ શું કરેછ જો, પ્યારી?" તેણે કાકલુદીથી કહ્યું. "મને તારાં દુઃખનો સબબ કેહે, નહીં તો કે પાછી તરત ખુશાલ તબીયતની થઈ જા? તુને મોતી સમાન આંસુ ખેરવતી જોઇને મારૂં જીગર બળી જળીને ખાખ થઇ જાય છે તે તું કેમ જોઈ શકે છે? તને કાંઈ ખાશ દુઃખ છે?"

તેના એ એ પાધરા સવાલનો સિધો જવાબ તેણીએ કશો દીધો નહિં, પણ મંચીનું મન મનાવી લેવાનુ કેટલુંએક તેની તારીફનું તે બોલી, અને મંચીનો એ પાધરો સવાલ ઉડાવ્યો.

ભિત્તરે તેણીનું જીગર ચિરાઈ—ફસાઈ—કપાઇ જતું હતું! પૈસા માટેનો પ્યાર તે નાસમજ છોકરીનાં મનમાં કેવો સદાનો સર્વોપરી હતો તે આપણે સવિસ્તાર આગલ વાંચી આવ્યાં છીએ, માટે વાંચનાર સેહેલથી સમજી શકશે કે દોલતના દરંગ હવે મોં આગલ હોવા છતાં પોતે એક ગરીબ વરને પરણેલી હોવાની તકસીરની સજામાં તે દોલતથી બેનસીબ રેહી જતી હતી તેનું તેને હાલમાં અસહય દુઃખ થતું હતું. આટલી દોલત, આટલું જર જવેરાત, વાડી, ગાડી, નોકરનાકરો એ સઘળું તેના

ધણીને લીધેજ તેને જતું મુકવું પડતું હતું તેના ઉપરાસાપરી ખ્યાલોથી તે બેજાર અને અધઘેલી બની જવા લાગી, અને એ સબબોથી તેનું હાલનું આ અતી કંગાલ ઘરબાર અને તેમે લગતું સર્વસ્વ, તેણીનાં પોતાનાં જીવતર સુદ્ધાં, બસ ફકત આજના આ એકજ દાહડામાં તેને અકારૂં ઝેર જેવું થઈ પડયુ !

તેણીનો અફસોસ એ હતો કે પોતાના ધણીને સઘલી ખરી હકીતથી વાકેફ કરી દેવા તેની હીંમત ન ચાલતી હતી, અને એમ કરતાં તે ધણીનું તેના પ્રત્યેનું ખરૂં વાહલ તે યાદ કરતી અને વિચાર કરતી ત્યારે તેનાં ગરીબ ઘરથી નાસભર થવાની પોતાની તકસીર માટે તે બાતેનમાં એટલી લજવાતી અને એવી પસ્તાતી કે વગર માંગવે તહરેવાર તેના ઉપર પ્યાર કરીને તે તેને રીઝવતી, અને પોતાનાં બીત્તરનુ સાચ્ચું દુઃખ તે બાહેરના ખોટ્ટા દેખાવોમાં દુબાડવા ને ભુલાવાનાં વ્યર્થ પ્રયત્નો તે કરતી !

એ રીતે અઠવાડયાંઓ વહી ગયાં, અને મનની રોજની એ ચાલુ ઉશ્કેરણીઓ હેઠલ તે તનમનથી ખવાતી ચાલી, તેણીનું ખુબસુરતીનું તેજ ઉડી જવા લાગ્યું, અને તે સરયામ કાહેલી બની ગઈ. તે કોઇ મકકમ ઠરાવની અબલા નહીં હતી તેથીજ તે એટલી હેરાન થતી હતી. ખરી પ્રમાણીક અને ઉમદા હેતુઓની તે અબલા હતે તો પોતાના ગરીબસ ધણી માટેના સાચ્ચા પ્યારને ખાતર એ કીમતીમાંકીમતી ભોગ આપી દઈને તે સુખી ખ્યાલો ઉપરજ ખુશીથી જીવતે ને સામું આંગ લેતે; આ તો જ્યારે તે પોતે પોતાનું મન મનાવતી હતી કે એ ભોગ તે ખુશીથી આપતી હતી ત્યારે તેમ કરવા તે ખરેખર મુતલગ ખુશી નહીં હતી, જેથી ધનવાંન થવાની એ સોનેરી તક ખોહી બેસવા માટે તે લગભગ પસ્તાતી હતી અને હૃદયમાં બચુપચુ થતી હતી ! તેણીનો ભરથાર એ સઘલી તેણીની બેચેની જોતો હતો, પણ તેનો ખરો ભાવર્થ નહીં જાણતો હોવાને લીધે તેણીનાં એ રોજનાં વધતાં જતાં કાહેલીપણાંનું કારણ માત્ર તેણીનો સદાનો અસંતોષ છે એમ જાણી તે જાબજા દુઃખી થતો હતો.

તેણી પેલા સોલીસીટરનાં પાછો આવવાના દાહાડની કાગને ડોળે

વાટ જોતી હતી. તેણીએ તેને જોકે આવવા સારૂ ના કહ્યું હતું તોબી તે આવે એમ ચાહાવાને તેનું મન અંદરખાંનેથી વધારે લલચાતું હતું. તેણે એક મહીના પછી જવાબ લેવા આવવાનું કહ્યું હતું, અને એ મહીનાની અવધ લગભગ પુરી થવા આવેલી હોવાથી તેનું હૃદય જાથુક ચટકફટક થતું રહ્યું હતું. તેણીએ જોયું કે હવે જે વખતુ જાય છે તેમાં યા તો તેણીએ પોતાનાં ભરથારનાં વ્હાલ વગર ધનવાન થવાનું હતું, અથવા તો તેનાં તે વ્હાલ સાથે હવણાં હતી તેવીજ ગરીબીમાં સદા અવત્યાં મારતી જીવવાનું નક્કી કરવાનું હતું!

પેલા હાથ પર સોહરાબશાહ સોલીસીટરે જઇને માંણેકના શેઠયા મનાવાને જે બન્યું હતું તે બ્યાંન કરીને કહ્યું. તેણીએ ગુસ્સાના તોરથી પોતાના ધણીને મુકીને તેના મેહેલમાં મોજ અને રાજ કરવા જવા સારૂ ના કહ્યું હતું તે બધું વધતી ઓછી સહરાગતના ભાર સાથે તેણે તેને કહી સંભલાવ્યું, અને ત્યારે તે ડોસો તેના જવાબમાં ખુશીથી મલકાઇને મુછમાં હસ્યો. "ત્યારે હું ઠગાતો નથી," તેણે કહ્યું. "એ છોકરીમાં મારાં કામાખ્યાંનદાનનો અસલી તોર ને ટેક મારી પીલી મારફતે દેખઇતો ઓધે ઉતરેલો છે, ને તે મને ગમે છે. તે અહીં આયંદે આવશે એમાં શક નહીં; હાલ એ ફકત પોતાના ધણી તરફ વફાદારી બતલાવવાનાં બાહાણાંથી મચકાય છે—બીજું કાંઇ નહીં. હવે આપણે એક તાલ કરયે, સોહરાબશાહ. તમે એ છોકરીને વીચાર કરવાની એક મહીનાની અવધ આપી આવ્યા છો એ બી ઘણું નેક કીધું. એ એક મહીનાનાં દરમ્યાનમાં એ પોરી મન મારી મારીને તે કેટલું મારશે? હવે તેથી તમારે કરવું એમ કે એ મહીનાની અવધ પુરી થતાંજ તેને તમોએ જઇને મલવું, અને ફકત આંઠ દાહડા મને મલવા આવવાનું કહીને તેને અહીં તમારી સાથે તેડી લાવવી. તેને કેહેજો કે તું અહીં નહીં ગમે તો પછી આંઠમે દાહાડે બેશાસક તારા વરને ઘેર પાછી જજે. એમ તાલ કીધાથી એ જરૂર આવશે, અને આવશે તો વરને ઝાર મારીને પછી એ સદા હયાંજ રેહેશે એમાં સંદેહ નથી. પૈસાનાં જોરે આપણે તેને અહીં એવાં સુખમાં દાતી નાખશું કે ફકત એ આંઠજ દીવસમાં તેણીના કંગાલ ધણીના ચેલી પરના નજીસ ઓરડાનો ખ્યાલ કરતાંજ તેણીને ઉબક આવશે! તમારે તેના દીકરાને

બી સાથે જરૂર લાવવો—ભુલવું નહીં, પણ તેના વરને ચોખ્ખી ઝાડ મારવી. તે ગીયો જાહાંનમમાં. તેની કીસમના પીઠે પીઠે ભટકનારા અને ગલીએ ગલીએ રખડનારા બેવકુફ્રો સાથે આપણને કામ શું છે?"

સોહરાબશાહ સોલીસીટર તે ઘસેલા ઢાંખરાનું આ સઘળું આપ-સ્વારથી તાહેલું ખરાં દીલના પ્રગટ કમકમાત વગર સાંભલી શકયો નહીં. એમ છતાં તેણે જે કહયું તે ઉપર સખ્ત તાબેદારીથી અમળ કરવાનું તેણે પ્રોમીસ કરવું પડયું, અને તે પ્રોમીસની રાહે ટાઇમ પુરો થતાં તે માંણેકને ત્રીજી મરતબે મલવા પરેલ ગયો, અને આ વખતે ગયો ત્યારે મોટા શેઠની બે તેજી ઘોડાની બ્રોહામ જોતરાવીને તે માંણેકને લેવાજ ગયો.

માંણેક તેને જોઇને નાઉમેદીથી ચીસ પાડી ઉઠી! તે પોતાની નબ-લાઇ જાંણુતી હતી, માટે આ લલચાવનારો પારસી કે જેની ખરેખર તો તે વાટ જોઇ બેસી રહી હતી તે હવે આવ્યાથી તેણીના રૂડા ઠડાવો ટકી શકવાના નથી—તે નાહિંમત, નાસબર ખ્યાલોથી તેને જોતાં સાથે તે ચીસ પાડીને ચમકી ઉઠી.

"હું તો ફકત તમોને આંઠ દાહાડાનું તેડું કરવા આવ્યો છું," તે સોલીસીટરે ગભરાઇને કહ્યું. "તમારા મમાવા કેહે છે કે તમોને ત્યાં જાથુક રેહેવા નહીં ગમે તે વાતનો ફેસલો પછી થશે, પણ હાલમાં તો તમો નાના રૂસીને લેઇને એક આંઠ દાહડા બી આવીને તેઓને મળી જાવો."

"અને મારા વર?" તેણીએ ધ્રુજતા હોઠોથી પુછ્યું.

"તેવણ નહીં; આવો તો તેઓને તો મુકીનેજ તમોને આવવું જોઈશે," તે સોલીસીટરે ભાર નાંખી કહયું.

"મને આવવા તો ગમેછ," તેણીએ હવે એકદમ ઉલટમંદ કહયું, "મેં આ કંગાલ્યતમાં અહીં પડી રહીને પૈસાવાલાંઓની દુન્યા તો કદીજ નથી જોઈ. મારા મોટાબાવાનો બંગલો શું ઘણો મોટો છે?"

"તે માહાલક્ષ્મીમાં દરયાને મુખડે ઉંચી હીલપર એક મોટો મેહેલ છે," અને તેણીના મમાવાની બેશુમાર દોલતનો તેણીને કાંઇ ખ્યાલ આવે એવું કેટલુંક તે સોલીસીટરે તેને હયાં કહયું, કે જે સાંભળતાં તે છોકરીનું મગજ ચકભમ થઇ ગયું.

"મને મારા વર જવા નહીં દેશે તો ?" તેણીએ ફિકરમંદ પુછ્યું.

"તે તો બા તમે જાંણો," ત સોલીસીટરે કહ્યું. "અલબત જવા પેહેલા તમોએ તમારા વરની રજા તો લેવીજ જોઇશે ?"

"મને જવા તો ઘણુંજ ગમેછ," તેણીએ લજ્ઞચાઇને પાછું કહ્યુ. "હું ફકત આંઠજ દાહાડા જવશ અને જઇને જરૂર પાછી આવશ. તમે મેહેરબાની કરીને હમણાંજ મારા મંચીને મલો અને સઘલી બીના તેવણુને ક્હીને મને લઈ જવાની તેવણુ પાસ જરૂર રજા મેલવો; પણુ મેહેરબાંની કરીને તેવણુથી મારા મમાવા સુગાય છે તે વાત તેવણુને બીલકુલ જાણુવા ના દેતા,"—અને આટલું બોલતાં તે ઘણી ફીકકી પડી, અને ઘણી શકતીથી ઘણું મન મારી મારીને તે એટલું બોલતી હોય તેવું દેખાયું !

"જો તમારા વર જાંણે કે તમારા મમાવા તેનાથી સુગાય છે, અને તમો બેઉ માય દીકરાનેજ પોતાને ત્યાં રાખવા ને કરી લેવા તેડે છે તો તેવણુ તમુને જવા નહીં દે વારૂં ?" તે સોલીસીટરે પુછ્યું.

"બચ્ચીતજ નહીં," માંણેકે ઘણી ઉદાસીથી કહ્યું.

"કાંએ ?" તે સોલીસીટરે પુછ્યું.

"કાંએને એવણુ જાંણે કે ત્યારે તો હું જરૂર પાછી આવશજ નહીં."

"પણુ તમે પોતે તો પાછાં આવવાનાંજ છેઓ કેની ?"

"અરે હારે," માંણેકે કહ્યું. "હું તો ફકત આંઠજ દાહાડા જવા માંગુંછું. એ પૈસાવાલાંની દુન્યા કેવીક છે તે જરા જોઇમે હું તો બીજા આંઠ દાહાડામાં જરૂર પાછી અહીં આવતી રેહવશ. મારા ધણીને બીચારાને વાપર વખાતા નાંખીને હું કાંઈ ત્યાં એખલી મોજ કરવા રેહું એહું નહીં."

અને એમ છતાં મંચીને મલવા મીલ તરફ જતાં તે જાંણીને ખાધેલ સોલીસીટરે મનમાં નક્કી વિચાર્યું કે આ પોરીનાં પાણી હવે મરી રહેલાં છે। તે ધણીના આહાને ખાતર પાછી આવવાની ખરાંપાણુામાં દેખીતાં જોસ સાથે લાંબી લાંબી લબાંશ હાંકતી હતી ખરી, પણુ તે

સઘળું ખોટું અને પોકળ હતું. અફસોસ કે એક ઓરતનો પ્યાર બાજે વખત એવો તકલીદ જુઠો અને દગલબાજ થઈ શકે છે!

પ્રકરણ ૧૦ મું.

તે સોલીસીટર મારફતે તેની મોહોરદાર પારસીઓમાં એક સૌથી પેહેલે વાંધેનાં ધનવાન અને આગેવાન કુટુંબની છોકરી હોવાની ચોંકાવનારી વાત સાંભળીને ગરીબ મંચી અજાયબીથી ફાતી ગયો, અને તે ગાંડા હાથ્થીની અદાથી તેને ધસડતો તરત પાછો ઘેર લઇ આવ્યો, જ્યાં આવી સુખ દુઃખની મીશ્રીત લાગણીઓથી તે લગભગ રડવા જેવો થઇ ગયો!

"માંણેક, ઓ મારી વ્હાલી માંણેક," તેણે તેની આગલ ધસી જઈને કહ્યું, "એ કોણે ધારયુંતું? આએ તારૂં કેવું બુલંદ તાલે!"

"હું તમારી બૈયર છું, વ્હાલા મંચી," પટામણી માંણેકે છાતીએ હાથ આપ્યો, "અને તેથી મારૂં સારૂં નસીબ તે તમારૂંજ સારૂં નસીબ જાણવું."

"હા, પણ જોની," મંચીએ ગભરાયલા, ફગલાયલા અવાજે કહ્યું, "તારા મમાવા તો તુંને એખલીનેજ રૂસી સાથે બોલાવે છે! મને તો તેડાવતા બી નથી?"

"હા, તે તમુને પછવાડેથી તેરાવાના હોશે," માંણેકે સમજાવ્યું. "કદાચ તમારી મીલની નોકરીને લીધે હમણાં તમને નહીં તેડાવ્યા હોશે."

"હા, પણ તું મારા વગર જશે કે?" મંચીએ શંકાશીલ પુછ્યું. "વાહલી, મને પૈસાની પરવાહ નથી; તારા પ્યારની મુકાબલે હું કરોડોને ઠોકરે મારશ, પણ મને બીહીક લાગે છે કે રખે તારો પૈસાવાલો મમાવો હું ગરીબ છેઉં તેથી મને હીણીને મારા પરથી તારો મનઉતારો કરાવે."

"અરે કાંઇ ખોદા ખોદા કરો, માહરા વાહલા," માણેકે ઠગાઉભરી

સમજાવતથી કહ્યું,—અને એમ છતાં તેના આટલા બધા પ્યારથી તેનું ભીતર માંહેલે ભેદે ધ્રુજવા લાગ્યું. મંચી તો એક સરચાંમ હેવાનાનીજ અદાથી તેના પગ પાસે ગુઠણ પર પડયો, તેના હાથો લઇને પોતાની આંખમાં લગ્યા, અને તેણે રડીને તેને વીનંતી કરી કે તેને ઓવારનીવાર કરીને તેણીએ જવું નહીં. "તું જાણેછ, માંણેક, કે હું તારા વગર જીવી શકવાનો નથી," તેણે કહયું. "મેં તુંને ઘડનાં ઘડથી કેઈ રીતે ચાહેલી છે તે તો તું જાણેછ, વાસ્તે તારા વગરની મારી દુન્યા મને સીહા સુની ને અંધારી લાગશે, તેથી હાથ જોડીને માંગી લેઉંછ કે મોટે ઘેર જઇને તું તારા ગરીબ વરને ભુલી જવાની નીમકહરાંમી ખોદાને ખાતર ના કરતી."

નહીં, મંચી, કદી નહીં," માણેકે જોસથી કહયું, "તમે સદા મને પ્યારા છેઓ અને રેહેશો."

એ સાંભલી મંચી તે સોલીસીટર તરફ ફરયો અને કહયું, "જુવો, સાહેબ, તમે સાક્ષી રેહજો. હુ ગરીબ છેઉ તોબી એ છોકરી મને ખરાં દીલથી ચાહે છે, અને આખી દુન્યાની દોલતને ખાતર બી એને મારા પાસથી લઈ લેવાનો તે તમારા મોટા શેઠને કાંઇજ હક નથી."

"બરાબર છે," તે સોલીસીટરે ટુંકમાં અને મોગમમાં કહયું, કે જ્યારે તે મનસે પટપટયો, "ખોદા આવી એક એકદર બઇરીને બસ આટલો બધો ખરો પ્યાર બરબાદ થતો બચાવો!"

"તું કયારે પાછી આવશે?" મંચીએ કાકલુદીથી પુછ્યું.

"હું આંઠ દાહડામાં તો આવશ," માંણેકે સધ્યારો આપ્યો. "તમે કાંઇજ ફીકર ના કરતા, અને ઘણા સંભાલીને રેહેજો. એટલા દહાડા અહીંનાં કોઈ હોટેલમાંથી ભોનું મંગાંવીને જમજો."

અને એ રીતે મંચીને વાહીપતાવીને ખરેખર તો હરખાતાં જીગરે તે તૈયાર થઈ, અને તે બે તેજી ઘોડાની મારતી ગાડીએ જ્યારે પોતાના શેઠગા મમાવાના બંગલા તરફ તે જતી હતી ત્યારે તેણે ગાડીમાં સોહરાબશાહ સોલીસીટરને કહયું, "જોયું! આપણે બધી ખરી વાત એવણ આગલ કરતે તો એવણ મને કદી બી આવવા દેતેજ નહીં. એ તો સારૂંજ થયું કે બધી ખરી વાત છુપાવવાનું આપણુને સુઝયું,"—અને તે સોલી-

સીટર એના જવાબમાં મનસે છુપું પાછું પટપટયો કે "ખોદા એવી એક એકદર બર્ધરીને બસ આટલો બધો ખરો પ્યાર બરબાદ થતો બચાવો !"

પ્રકરણ ૧૧ મું.

તે ઘણી દુઃખભરી જુદાઈ હતી, અને પ્રમાણીક હેતુઓનો તે સોલીસીટર સોહરાબશાહ એ જુદાઇનો દેખાવ મુસ્કેલાઈએ જોઈ શકયો, એટલુંજ નહીં પણ પછીથી બી જ્યારે તેને એ દેખાવ પાછો યાદ આવતો ત્યારે તે હમેશ દુઃખી થતો! મતલબી માંણેકનાં ભોલા ભરથાર મંચીનો તેણીથી છુટો પડતી વખતનો હદ વગરનો કકલાત અને સંતાપ—પોતાના બેટાથી છુટો થતાં તેણે બતાવેલી અજબ જેવી લાગણીઓ વીગેરે યાદ કરીને તે "મોટા શેઠ"ના આ જુલમાતને માટે એ ભલો આદમી મનમાં અતીઘણો મુજાયો, અને પાપી પૈસાનું એટલું પ્રબલ જોઇને તેને ગોયા તવંગરીપર ધીક્કાર છુટો !

પેલા હાથપર માંણેકે મંચીથી છુટી પડીઆ પછી જરા વારમાં પોતાનાં આંસુઓ નુંછી નાંખ્યાં, અને થોડીક પલો આગમચનો તેનો રડમસ રડતો ચેહરો, કેહવાને અજબ જેવું છે કે, જરા વારમાં તો પાછો ખુશીમાં ખીલી નીકળ્યો ! તે એ જુદાઇનું દુઃખ તરતજ ભુલી ગઇ. બલકે તે ગરીબ ઘરનાં એકાંત ખુણામાં એ જુદાઇમાં ગમ કરતા એકલા પડેલા તેણીના ભોલા ભરથારનેજ એટલા વારમાં ભુલી ગઈ એમ કેહવામાં પણ ઝાઝી સહરાગાત નથી.

તે ધમધમ કરતી બે તેજી ઘોડાની એક શોભાયમાન બ્રોહામમાં જતી હતી એજ ખુશીના ખ્યાલની મોજમાં અવલ તો તે ગીરફતાર લીન બની ગઇ. તે ગાડીમાંની બેઠકની નરમ ગાદીઓ, તેના કાચો પરનાં સુંદર મોનોગ્રામો અને તે ગાડીની અંદરના તમામ તીપકતાપકના તહરેવાર ભપકાથી તેની અક્કલ ગુમ થઇ ગઇ; પણ જ્યારે ગાડીએ માહલ-

ક્ષ્મી તરફના શ્રીમંત શેઠયાઓના રોણકદાર બંગલાઓની બોરદમાં ઝોં-કાવ્યું ત્યારે તે મેહલ જેવા મીનારાઓ અને બંગલાઓ જોઇને તે સદ એકાંતમાં સપડેલી અરધી જંગલી અદાની છોકરી અજાએબીના એક દ-રિઆવમાં ગરક ગઇ! ત્યાર પછી તે ગાડીએ ઉંચાં ચઢાંણ વટાવીને હીલપરના માણેકજી શેઠના મોટા બંગલાના વીસાલ કંપાઉડમાં વલાણ લીધી, અને ત્યારે તે મેહલ જેવાં મકાંનની તે પોતે વારેસ હોય એ વાત કબુલ કરવાને જાંણે તેણીની અક્કલ સાફ ના પાડતી હતી! તે બંગલાને ફરતા વીસાલ વરંદા હતા, કે જેની સાંમણે ઉભાતા દરીઆના મોજાઓ ઉપર થઇને એક દીલખુશ લેહકી તનને અને મનને રાહત આપવા તે આખા બગલામાં ચોગરદમ ફરી વલતી હતી, અને તે મનોહર દી-લકસ, દીલજીત દેખાવપર ગાડીમાંથી ઉતરતાં સાથે માંણેકની નજર પડ-તાં તેનો જીવ ગોયા ખુશીથી ફરી આવ્યો. એ બધો દેખાવ અને ફેર-ફાર માંણેકમાં થતો સોહરાબશાહ સોલીસીટર બેધ્યાંનપણાની અદાએ પણ પુરતાં ધ્યાનથી જોતો રહયો હતો. એ આરાસ્તે બંગલાનું કીમતી રાચર-ચીલું, તેનો કુસાદે સંગેમરમરનો દાદર અને તે દાદરપર ખટકે ખટકે મેલેલું અબુશન, તે મોટે ઘરની શાંત પણ દબદબાભરી ચુપકી, તેની આસપાસનો સઘળો છક કરનારો ઠાઠ રોબ અને દોરદમામ, એ બધુ જોતી અને અજાયબ થતી માંણેક સોહરાબશાહ સોલીસીટરની બાંહેધરી હેઠલ પોતાના રોબવંતા મમાવાની છેક રૂબરૂ આવી પોંહચી, અને તે વેલા તેણીનો ગભરાત અને તેણીનાં ધુજરાંનો શું પાર?

પણ મતલબી માંકણેજી શેઠે તેને તરત પ્યારથી પાસાંમાં ખેંચીને 'મારી દીકરી, તું ભલે આવી' એમ કેહતાં તેનાં કપાલપર એક મીઠી બકી લીધી; અને એમ કરવાને માંણેકનો ચેહરો તેની મરનાર દીકરીને હુબહુ ને આબાદ મલતો આવતો જોઇને તે ખરેખર અને ખરાં દીલથી ઉશ્કેરાયો હોય એ પણ એટલુંજ બનવાજોગ લાગે છે. તે બુઢો ખુબસુ-રત માંણેકને ખુબસુરત જોવાની ઉમેદમાં અલબત પગભર હતો, પણ અક્કલ કબુલ નહીં કરી શકે એટલી હદ સુધીની મનોહર કીસમના આએ એક અજાયબ ખુબસુરતીને પોતાની દીકરીની દીકરી તરીકે પોતાની સામે આવી ઉભેલી જોઇને તો તે ડોસો હરખથી આજેજ બની ગયો! તે છોકરીમાં તેણે જોયું કે તેની મરનાર બેટીની હુબહુ તસવીર હતી એટ-

લુંજ નહીં, પણ વલી ન્હાના રૂસીમાં તેનાજ તોરવંત ખાંનદાનનો ટેક, તેજ રોઆબવંત લેહકો, અને તેજ ગરૂરીની અદાની સઘલી પ્રગટ પ્રતીમા હતી, જે સઘલું જોઇને તે ડોસો અત્યંત હેરત રહયો. તે એ બેઉ મા દીકરાને ભેટયો અને ફરીથી ભેટયો, અને વલી ફરીથી ભેટયો, અને આગલી પાછલી પુછીને માંણેકને તેણે હદ વનાનો દીલાસો આપ્યો.

ટુંકમાં, તે મોટા મેહલમાં માંણેક જલદીજ નવી જુની થઈ ગઈ. તે ખાંનદાંની બચ્ચું હતી, માટે જે જે તેણે નવું અને આંખને આંજી નાંખનારૂં જોયું તેથી તે મનમાં ને મનમાં હરખાઈ કે હેરત રહી, પણ કોઇ બી વાતનો અભાડો બાલીને નોકરનફરોનાં દેખતાં પોતાનાં અભણુ-પણાંનો કશી રીતનો નેણીએ હુરયો કરાવ્યો નહીં. આ જોઇને માંણેકજી શેઠ જેટલો અજબ એટલોજ ખુશી થયો. તે માંણેકનાંમાં કાંઇ એટલું 'વલગર', અભણુ અને જંગલી જેવું જોવાની ધાસ્તીમાં હતો કે માંણે-'ની આએ સમયસુચકતાની સમજદારી તેને ઘણીજ ગમી.

એ પછી માંણેકને જ્યારે તેના પોતાના આરાસતે અને કુસાદે ઓ-રડા બતાવવામાં આવ્યા ત્યારે તેણીએ પોતાના હોઠ ઉપર ઉભી થયેલી ખુશાલીની એક ચીસ જેમ તેમ જેહેમતથી સમાવી! તેની અને તેના બચ્ચાંની નોકરીમાં રૂપાલા દેખાવની અને સુઘડ ટેસ્ટની ત્રણુ ત્રણ તો આયા હતી, અને એક રાણીને છાજે અને બસ થાએ એવા દરિયાની સાંમે ઉઘડતા જે ચાર મોટા કુસાદે ઓરડા તેણીના એખલીના વપરાસ માટે તેણીને ખાશ એનાયત કરવામાં આવ્યા હતા તે તેણે જોયું કે દરેકે દરેક જરૂરજોગી ચીજો અને ઉંચામાં ઉંચાં રાચરચીલાંની નવાઇથી તે-યાર કરાવવામાં તેના જઈફ મમાવાએ કોઇ રીતની બખીલાઇ કરી નહીં હતી. તેણીના ડ્રેસીંગ રૂમમાં ઉંચામાં ઉંચી જાતનાં પોશાકો, સાતીન, સીલ્ક, મખમલ વિગેરેના તાકા ને તાકા, સાડીઓ અને ફેશનનતાં પોલ્કા-ઓ અને કપડાં ચપડાંના ઢગના ઢગ વિગેરે વિગેરેથી ગોયા એક આખુ કપડ બજાર ત્યાં ખાશ વસાવવામાં આવ્યું હતું, અને તે સર્વ જોઇને માંણેકની આંખ હદ વનાની ખુશી અને તેટલીજ અજાએબીમાં ચમકી નક-ળી. વળી જર ઝવેરાત ભુલીજવામાં આવ્યું હતું નહીં. ચકચકીત હીરાઓની તવીજ ફેશનની એસલેતો, હીરાની આંખ નહીં ઠડે તેવી તારા જેવી ઝગજગ

થતી બુતીઓ, મોઘાં અને મોટાં મોતીની નેકલેસો, ચોખાં બીલીઆનના હારો વિગેરે જે જોઈએ તે સઘલું તેણી એકલીને માટે જમાનાઓ સુધી ચાલે એટલું બધું વસાવવામાં આવ્યું હતું એમ જાણતાં તે ગરીબ મીલ —મજુરની મીસ્કીન પરણેતર માંણેક આ બધું એક ઠગાઇભરયું સ્વપ્નુ હતું કે એક ખરો જીવતો જાગતો બનાવ હતો તે વીશે ગોયા દાંતમાં આંગલાં પકડી વેહેમમાં ઉતરી ગઈ!

હવે તેણીએ પોતાનાં તન પરથી પોતાનો સાદો, અસલી, જુનો ખખ પોશાક ઉતારયો, અને તેણીના મમાવાની ખાશ બાહેસને માન આપીને તે મેહલની સાહેબી કરતી શેઠાંણી તરીકે નવા અને બંધ બેસતા ઠઠેરાથી તે જ્યારે બની ઠણીને તૈયાર થઈ ત્યારે આરસીમાં ડોકાવતાં તેણી પોતે હતી કે કોઈ બીજી તે વીશે તેણી પોતેજ વસવસામાં પડી, અને ધીમે સાહદે બોલી, "ઓ ખોદા, મારો મંચી જો મને આએ હાલતમાં હવણાં જુએ તો શું ધારે ?"

તે તઈયાર થઇને દ્રાઇંગ રૂમમાં ગઈ, કે જ્યાં તેનો શેઠયો મમાવો પોતાના સોલીસીટર જોડે ઘણાં ધ્યાંનથી કાંઈ વાતમાં પડેલો હતો. તેઓએ તેને આવતી જોઈ અને અજાયબીનાં એક આહ સાથે ખુશામાં તે બેઉ ચમકી ઉઠયા—એટલો બધો મનોહર માંણેકમાં આ તેના રોબવંતા ઠઠેરાથી એક જોવાજોગ નવીન ફેરફાર થઈ ગયો હતો !

ખાના ઉપર પણ તેણીએ કશું ધામટ કરયું નહીં. એવી મોટી ટેબલની 'એટીકેટ' તેણીને કશી ખબર ન હતી; ત્યાંનાં ભરચકર પકવાનો, રૂપેરી પ્લેતો, છરીકાંટા ને ચમચાના ઢગ, કીંમતી ગ્લાસો એ બધું તેણીને માટે ખરેખર એક ખુશીનો ખાબ હતો, અને તે છતાં તેણીએ પોતાના મમાવાને જોઈ જોઇને સઘલું કરયું, અને કોઈ રીતે પોતાનું અભણપણું પકડાઈ આવવા દઇને પોતાનો ખાશ કરીને હુરયો કે ફેસતો થવા દીધો નહીં.

'એક બે ત્રણ મહીના એને લાયક તાલીમ મળશે,' તે મતલબી શેઠયાએ મનમાં વમાસ્યું, 'તો એ ભલા ધનેતર ગવરનર સાથ બી એક સુફરે આસાનીથી બેસીને ખાઇ શકશે.'

જમવા પછી માંણેકને બુઢા માંણેકજી શેઠે એક લંબાણ વાતચીત-

માં કલાકના કલાકો સુધી રોકી રાખી. તે જેમ તેની સાથે વધારે વાત કરતો તેમ તેણીની હુશીઆરી વીગેરેથી તે વધારે ખુશી થતો જતો, અને તેણીને વધારે વાતમાં રોકી રાખતો; એવામાં માંણેકને અચમુચ યાદ આવી જવાથી તે એક દીલગીરીનાં "ચતચત" સાથે ચમકી ઉઠી કે "અરર, મને તો મારા મંચીપર આવીને તરતજ એક કાગલ લખવાનું હતું, અને મને તો આટલો વાર વેર યાદજ નહીં આવી!"

તે તુમાખી શેઠીઆએ એ સાંભલતાંજ ગુસ્સાના તોરથી હાથ ઉંચો કીધો. "દીકરી," તેણે ઘણીજ ગંભીરતાથી કહ્યું, "મારાં દેખતાં ફરીથી કદી બી તે ભામતાનું નામ લેતી ના."

માંણેકનો ચેહરો આ ઠપકો તે તુચ્છકાર સાંભલી ગુસ્સાથી લાલ થઇ ગયો. તેણીએ કાંઈ બોલવા બી માંગ્યું, પણ તેણીની હીંમત ચાલી નહીં, અને તે ખામોસ રહી!

તેણીના ગુસ્સાની એ હીલચાલ તેણીના જઈફ મમવાએ બરાબર જોએલી હોવા છતાં તે નહીં જોવાના ઢોંગ કીધા, અને તરત વાત ઉડાવી દીધી. તે પછી તે તેણીને પોતાની 'પીકચર ગેલરી' બતાવવા લેઈ ગયો, અને પોતાના માન પામેલા બાપદાદાઓ અને તેમની માનવંત મોહરેદારોની સબીઓ તેણીને બતલાવીને તેણે તેણીનાં મનપર ઠસાવવા માંગ્યું કે તેઓ સૌ પોતપોતાના દરજજાને અનુસરતી રીતેજ પરણેલાં હતાં, અને તે એ બધાંઓની બુલંદ અને રોબદાર પેસાંનીથીજ જોઇ લેવાનું હતું.

માંણેક એખલી પડી. તેણીએ હવે પોતાનાં મનથી આ મોટા મેહલનો પોતાનો નાનો અનુભવ પોતાની કંગાલ ઝુપડીના મોટા અનુભવ સાથે સરખાવવા માંડયો, અને ત્યારે તેને તે ઝુપડીની યાદથીજ ઉબકુ આવવા માંડી! ટુંકમાં, એ કીસમના આચારવીચારોની અછાડપછાડમાં તે આખો દાહડો અને રાત પાસ થઈ જવા પછી છેક સુતી વખતેજ માંણેકે અતવત વચ્ચે પાછું યાદ કર્યું કે "અરે મરરે, મંચીપર એ ચીઠી લખવાનું તો અંતે રહીજ ગયું, પણ ચાલ, કાંઇ નહીં—કાલે લખશ," અને તે સ્પ્રીંગનાં નરમ મખમલી હુંફાલા બીછાણાંમાં આરામ કરીને સુખી સ્વપ્નાઓની મોજ ભોગવતી એકલી સુતી!

પ્રકરણ ૧૨ મું.

એમ ત્રીહાડાઓ ગબડી ગયા. માંણેક તે મોટા મેહેલમાં હવે તદન નવી જુની થઈ ગઇ, અને તે મોટા મેહલની નવાઇઓ અને અજાય-બીઓ વટીક તેની આંખમાં હવે સરેસ્તાની તરીકે ઠરી રહી. એ દર-મ્યાનમાં તેણીના પરણેતર ઉપરથી મનઉતારો કરાવવા માટે તેણીના મ-તલબી મમવાએ કરવામાં કાંઇ બાકી રાખ્યું નહીં, અને તે એ કાવાદા-વામાં એટલી ફતેહમંદીથી ફાવ્યો કે માંણેક પોતે બી હવે ગરીબોને ધી-ક્કારતાં શીખી, અને તેના પોતાના પરણેતર મંચીનો ખ્યાલ વટીક વખત ઓછા અભાવથીજ કરવા લાગી! એ મામલો જોઇને જો કોઇ બી ખરાં દીલથી દલગીર થનાર હોય તો તે પેલો ભલો સોલીસીટર સોહરાબશાહ હતો. "સાહેબ," તે બાજે વખત માંણેકજી શેઠને પુર હીમતથી કેહતો હતો, "મારાં મત મુજબ તમારો અપરાધ જમુન ખુંનનો છે. તમે આએ છોકરીના વરને જાંનથી મારી નાંખ્યો છે એમ કેહવામાં હું ધારૂં છું કે હું કાંઇજ સહસાગાત કરતો નથી."

એના જવાબમાં તે દગલબાજ બુઢો હમેશ ખુશ મીજાજે ખરખર બહુ હસ્તો. "મેં તમોને પેહલેથીજ નહીં કહ્યું હતું કે અહીં એક વખત એ આવશે તો પાછી ફટકવાનીજ નથી?" તે ફતેહની મગરૂરીથી રમુ-જ પામીને કેહતો. "હવે એ ઘેર જવાનું નામ વટીક લેતી નથી, એટ-લુંજ નહીં પણ હું ખાત્રીથી માનુંછ કે એણે આજવેર પોતાના એબલ-ગામના વર ઉપર જુદાઇએ એક કારી લીસોટી બી લખી નથી. એ તો બા દામ કરે કામ અને બીબી કરે સલાંમ!"

માંણેક નવી જીંદગીએ જીવતી હતી. તેને રોઆણીમાં કદી ઝુકીને જોવાનું નહીં હતું, આઇતાં ભોણાં ખાવાનાં હતાં, બંબે ઘોડાની ગાડીઓ-એ ફરવું હરવું હતું, પેહરવાઓઢવા ને ખાવાપીવાની દરેક મોજ હતી, જીવ ચાહે એટલો ખરચવા બલકે ઉડાઉપણાંથી ઉડાવવાને ગાંઠમાં પૈસો હતો, નોકરનફરોનો એક બસ મોટો રસાલો તેણીની આગ્નાનો તલબગાર

તેણીના એકેક હુકમના જવાબમાં સખ્ત તાબેદારીનાં અને ફરમાનબરદારીનાં સર ઝોંકાવતો હતો, પૈસાવાલાઓની ઉંચી અને શોભાઇતી સોસાયતીમાંજ તેણીએ ફરવાનું હતું, અને ટુંકમાં પોતાની આગલી કંગાલ જીંદગીમાં તેણીએ જે કદી અનુભવ્યું કે જાણ્યું ન હતું તે આજે સઘલું તેણીના પગ હેઠલ મોજુદ હતું! તે હવે પોતાના સદાના સાદા મજુરના પોશાકના મંચીનો પોતાની આસપાસના શ્રીમંત સુધરેલા અને એસકા જવાનો જોડે મુકાબલો કરતી, અને ત્યારે તે ગરીબ મીસ—મજુરને માટે મનમાં ને મનમાં બી ઓસકાયા ને કમકમીઆ વગર રહી શકતી નહીં!

અને જ્યારે તેના જઇફ મમાવાએ જોયું કે એ રીતે હવે તેની મતલબ સંપુર્ણ રીતે બર આવી ચુકી હતી, ત્યારે તેણે વધારે હીંમત અને વધારે ખુલાસાથી માંણેક સાથે વાત કરીને ' એક ચણાની બે ફાડ ' કરી નાંખી.

"તુંને જો તારા વરનું જરા બી લાગતું હોય તો બેલાસક તું પાછી જા," તેણે કહયું, "પણ જો તું પાછી જાય તો તારા કે તારા દીકરાના સંબંધમાં મારી એક ખોટી પાઇની બી કદી આશા કરતીં ના; અને જો તું અહીંજ રેહવાનું પસંદ કરતી હોય તો તારો વર મરી ગયો હોય ને તું વીધવા થઇ હોય તે કીસમે તારે તેનું નામ ઓવારનીવાર કરીને તેને સદાનો ભુલી જવોજ જોઇશે."

"મમાવાજી, એ તમારો ઠરાવ ઘણોજ બેહુદો ને ઘાતકી છે," માંણેકે નીચી નજરે ને ગગલતે સાહદે કેહવાની હીંમત કરી.

"તે જે હોય તે; એ મારો ઠેરાવ છે." તે બુઢાએ કહયું, "અને જો તુંને મારી માયા ને મેહેરબાનીની પરવાહ હોય તો તારે તેને તાબેદારીથી માન આપવુંજ પડશે."

અને માંણેકે તેમજ કરયું! તેણીએ પોતાના મમાવાની ખાશ મરજીને માન આપીને કમનસીબ મંચી પર પેહેલું તેમજ છેલ્લું એક ટુંક કાગલ નીચે મુજબ લખ્યું:—

"તમે મારો વાંક કદી બી માફ કરી શકવાનાજ નથી, મીનુ, પણ આપણા રૂસીનાં સુખને ખાતરજ મેં મારા મમાવાજીની મરજીને માન

આપીને તમોને તજી દીધા છે, અને બધા દહાડા હવે હું તો અહીંજ રહેવાની છુ તે મને માફ કરજો, અને ખોદાને વાસ્તે મને ભુલી જજો. હુ પાછી આવતે, પણ અહીં જે જે સુખ મેં જોયું અને અનુભવ્યું છે તે પછી હું તમારાં ગરીબ ઘેરમાં કદી બી સુખથી રહી શકતે નહીં, ને આપણે આગલ જેવાં કદી બી સુખી થઇને રેહતે નહીં. હું આએ બધું બોલાઇ અને ખરાં દીલથી જે છે તે લખુંછું, તેથી જરા બી ગુસ્સો કરતા ના. હું સદા તમારાં ભલામાંજ છું, અને દુરથી બી સદા તમારે વાસ્તે ભલીજ દુવા માંગશ. ખોદા તમોને મદદ કરે."

આ નાતરસ કાગલ તે નાતરસ અબલાએ પોતાના ભરથાર પર મોકલી આપ્યું—એક ભરથાર કે જે પોતાની એ બેવફા પરણેતરને સાચામાં સાચા પ્યારથી ચાહનારો હતો અને જેનો જોડો આ ખોહલી દુન્યામાં બીજો એક બી મલી આવવો મુશ્કેલ હતો! તે એક ભરથાર હતો કે જે આ કમજાત મોહરદારના પગની ખાક વટીક ચુમવાને લખો ખુશીથી સદા તઇયાર હતો, અને એક દેલાવર જાંનફેશાંનીના જાનોનીશાર પ્યારથી જે સદા એ બેવફાને ચાહતો હતો! તેવા એક મોહબતવંતા ભરથારનો પાક અને બુલંદ પ્યાર આ પ્યારની નહીં પણ પૈસાની પુંજારી નાતરસ ઓરત ઉપર, અફસોસ કે, હરામ અકારત અને બરબાદ ગયો!

ઓ ઓરત! ઓરત! ઓરત! તું શું બેવફાઇનીજ મુરતી છે? માહાન કવી શેકસપીઅર ગાય છે કે "ઓરત નામજ બેવફા છે" તે શું એટલું બધું ખરૂં છે? તું શું દીલદાર છતાં બેદીલ છે?

પણ નહીં. મતલબી માંણેક જેવી ફકત એક કમજાત અબલાને લીધે ગરીબાઇમાં કે તવંગરીમાં—સુખમાં કે દુઃખમાં પોતાના પરણ્યા ખાવંદોને ખરી અને ઓસ્તવાર જાંનફેસાંનીથી સદા ચાહનારી નેકજાદ અબલાઓના આખા વર્ગનું અમો લાયબલ કરીશું નહીં. ખુદ અમારી આ નાનકડી વારતા વાંચનારાં માંહેલી નાજુક પંથનીના વર્ગમાંથી, અમોને માનવાને વિશ્વાસ છે કે, એવી કોઇ નિકળશે નહીં કે જે નિચ બુદ્ધિની માંણેકનુ આ અકાર્ય વખાંણે અથવા તેની હીમાયત કરે; અને એજ બાતનો ત્યારે સંતોશ માની લેઇ આપણે આપણી વારતામાં રીતસર આગલ વધશું

પ્રકરણ ૧૩ મું.

" માકાપેસીનો મટલો " રોજબરોજ આતુરતાથી પોતાની મોહર-બ્બરનાં એકાદ પ્યારભર્યા પત્રની ફોકટ રાહ જોતો રહયો ! દીન પર દીન તેણીએ તેને કશું નહીંજ લખવા વિશેનો તેનો ગભરાત અને અજાયબી વધ્યાંજ ગયાં, અને તેનો સબબ કશો સમજ પડી શકયો નહીં. તે ઘણો બેચન રહયો. પુરી ભુખે તે ખાતો નહીં, અને નચીંતની ઉંઘે તે ઉંઘાતો નહીં. એ રીતે લગભગ એક મહીનો પુરો થવા આવેલો હોવાથી તેણે ધારયું કે માંણેક નહીં લખતી તો ખેર, પણ હું પોતે તેને લખીને અતરે પાછી હવે તેડાવી લેઉં; અને જે દીવસે તેણે માંણેકપર એ રવેસે એક કાગલ લખવાનો ઠરાવ કર્યો તેજ દીવસે પેહલી ડીલીવરીમાં તેને પોસ્ટ-મેને લાવીને એક કાગલ આપ્યું.

તે કાગલ પોસ્ટમેને તેને આપ્યો તે ઉલટમંદ ફીસમે તેના હાથ-માંથી તેણે લીધો તે સઘલું ઘરમાં ફેરા આટીનાં કામકાજે રહેલા એક નોકર પોર્યાએ જોયું હતું, અને તે પછી સુમારે કલાકેક બાદ તે જ્યારે કંઇ કામ સારૂ તેજ ઓરડામાં પાછો આવ્યો ત્યારે ઘણા ગભરાત વચ્ચે તેણે જોયું કે તેનો શેઠ મરી ગયો હતો યા તો બેસુધ્ધ થયો હતો !

તે લાંબો છળ થઈ ભોંય ઉપર પડેલો હતો. અને તે પોરયાએ ઘણી જેહમતે તેને સાવધ બનાવ્યો. તેણે ત્યારબાદ ઉઠીને ચાલવાની કોશેશ કરી, પણ એક છાકટા માણસની અદાથી તે કદમે કદમ ઠોકર ખાવા અને લપેરા ખાવા લાગ્યો. "

પોતાનાં આ ભારી અને અસહય દુઃખમાં કોઈ સાહેદ હોવો નહીં જોઇએ એવી મતલબથી હોય તેમ તેણે તે પોરયાને પોતાની હાજરી-માંથી રૂખસદ કરી તરત બાહાર કાઢયો, અને બારણું અંદરથી બંધ કીધું. દેખીતી રીતે ટપાલમાં આવેલા પેલા કાગલે તેને આ અતી કારી જખમ કરીને જમીનદોસ્ત કર્યો હતો. કેહવાની જરૂર છે કે એ કાગલ નાતરસ માંણેકે લખેલો પેસોજ એક ઘાતકી દસ્તાવેજ હતો ? તે વીજ-

લીના ઝટકાથી અથવા લકવાની અસરથી આજેજ અને મેતાકાત થયો હોય તેવોજ તે મિથ્યારાનો સઘલો હાલ હતો!

તેને પોતાની આ અવદશા સમજવીજ મુશ્કેલ થઇ પડી. એક ઓરતમાં એટલો અવીસ્વાસ, એટલી અનીતી, એટલી બધી સાચા પ્યારની ગેરહાજરી થઈ શકે કે નીચ પૈસાના પ્યારને ખાતર તે પોતાના પરણેતરનો પાક પલ્લો એટલી આસાનીથી છોડી દીએ એ ખ્યાલજ તેને અક્કલથી ઉલટો અને આદમીના અને ખોદાના કરેલા કાયદાકાનુનોથી બીલકુલ બેહુદો લાગ્યો. તેણે ખોદા પાસ તેથી હાથ જોડીને ઇનસાફ માગ્યો. પોતાનાં બચ્ચાંને અને પોતાની માહેરદારને તેની માયાવંત બગલમાંથી છીણુવી—બલકે લુટી લેનાર તે ચંદાલ શેઠીઆ ઉપર તેણે બદુવાનો એક કકલતી આંતરડીએ વરસાદ વરસાવ્યો!

તેને માંણેકપર હદવનાનો ધીક્કાર ઉપજ્યો. જે મોત સુધી તેની અને તેની એખલાનીજ હતી, જેણે ખોદાને બાર તેની અને તેનીજ રેહવાના પાક કરારો અને કસમો નોંધાવ્યા હતા, તે કંગાલ ઓરતે ઢીંગલીગુરીઆંનો નાચ હોય તેમ ફકત તેની ગરીબાઇનો લાભ લેઈ અને પોતાના પૈસાની મુસતાફી ઉપર ફુગરાઇને તેની ઉપર છુટાછેડાનું પોતાનુંજ પાકું કરેલું આ હોકમનામું લખી વાલ્યું હતુ એ વાતનો ખ્યાલ કરતાં તે નાલાયક અબલાને જેટલો તે આમલ ચાહતો હતો તેટલો અને તેજ પ્રમાણમાં ધીકકારવા લાગ્યો. "હું એને ખાતર શું નહીં ખમતે?" તેણે મનસે વમાસ્યું. "અને તે છતાં મારા પ્યારને આ તદન નાલાયક ઓરતે ફકત નીચ પૈસાને વાસ્તે આ એક નાતરસ કાગલ લખી ઓવારનીવાર કીધો, તો ઓ ખોદા, મને તારી દયા ને તારા ઇનસાફમાં એવી અજીબ બદમાસીનો એક કીનો લેવાને તું જરૂર એક તક આપજે!"

તેણે કોઈ આગલ એ વાતની કશી ફરીયાદ કીધી નહીં. માંણેક હસ્તીમાંજ નહીં હોય તેમ તેણે એકજ ઠડાવ અને હરરતા કસમથી તેને વીસારી મેલી, અને પોતાનાં કામ ઉપર તે હવે સરેસ્તાનું ધ્યાંન આપવા લાગ્યો. એમછતાં તેના ચેહરામાં, તેના સ્વભાવમાં, તેની તબીયતમાં અને તેના અવાજમાં વટીક તે હીણુભાગ્ય દીવસ પછી જોઇને દયા ઉપજે એવો અને એટલો બધો ફેરફાર થઈ ગયો હતો એ વાત તો ખરી!

તણે જોયું કે જો તે ઉધાર સુધાર થોડાક પૈસા મેલવે તો ધારાથી લડીને તે નાલાયક મોહરદારને પાછી મેલવવાનું કાંઇ ઘણું મુસ્કેલ નહીં હતું. સરકાર અલબત તેની નાલાયક મોહરદારને તેની સોડ સાંધતી તેના પાસ પાછી મોકલે, પણ એવી એક બેદીલ બેવફા ઓરતની ફરીથી સોડ સાંધવા તે પોતેજ કેમ રાજી થાય? તેણે જે ખમ્યું તે ખુદા સીવાયે કોઇએ જાણ્યું નહીં. તે પોતાને મલેલા આ જીવલેણ તુચ્છકારનો એકાંતમાં સદા એકલોજ ગમ કરતો રહયો, અને તે તેના ગમની જાણે કાંઇ સીમાજ ન હતી!

પણ માંણેકે તેને છોડી આપ્યો ત્યારે ખોદાએ તેને છોડી દીધે નહીં. તેને તે કાગલ મલ્યા પછીથીનાં એકજ અડવાડીયાંમાં તેને એક બીજો કાગલ મલ્યો. સાંચાકામમાં ચોક્કસ સુધારાને લગતા જે પેટંટની અનેકવાર તેણે માંણેક આગલ વાત કરી હતી તે અંતે એક મોટી મીલવાલાએ બાહલ રાખ્યું અને તેના એક હજાર રૂપીઆ આપવા કહીને વલી તેઓએ તેને પોતાનીજ નોકરીમાં તેડાવ્યો હતો તેની આ વધાઈ હતી; પણ તે વધાઈ વાંચતાં તેણે પોતાનાં સુનાં, ઉદાસ, ઉજ્જડ, ખાલી ઘેરમાં આસપાસ નજર દોરાવીને જોયું, અને તેની આંખો આંસુથી ભરચક્કર ભરાઇ ગઇ, સબબ તેની એ વધાઇની ખુશીમાં ભાગ લેવા આજે તેની ઓરડુમાં હવે કોઈ આતુર જીવ ઉલટમંદ મોજુદ હતા નહીં!

તેણે તેનાં તે જુનાં માણસને રજા આપી, અને ઘરબાર ઉંચકીસાંચકી કોઇને કશું બી કહયા વના અથવા કોઇને કશી બી પોતાને લગતી બાતમી આપ્યા વના તે છુપાછુપ એક દીવસ નવી નોકરીની સરહદે જઇ રહયો.

જો આસમાનના તારાઓ કહી શકે તો આ એક માણસે કેંવી દુ:ખી રાતો ગુજારી, અને પોતાના ઓરડાનાં એખલાં એકાંતમાં રડીને તેણે કેવા કકલાતની હાય અફસોસ કરી તેની એક ઘણી હૃદયભેદક વાત વેઓ કેહતે!

નસીબદેવીનુ લક્ષણ ઘણું વિલક્ષણ છે. જેઓ પૈસા માગતાં નથી, તેઓ પર ગોયા પૈસાનો વરસાદ આવી પડે છે, અને મંચીનાં બાબમાં કેહવાને અજબ જેવું છે કે, તેમજ બન્યું! તેણે બીજાં બે ત્રણ વર-

સોમાં ધરાધર પરીક્ષાઓ પાસ કરી, અને ઓછાં ધ્યાંનની ઓછી મેહનત છતાં તે એક તડાકે તો "ફરસ્ટકલાસ એનજીન્યર" થયો ! વલી તેનાં પેટંટોએ તેને પ્રખ્યાતી આપ્યાથી થોડાજ મહીનામાં સંચાકામની એક મોટી પેહઢીમાં તે ભાગ્યો થયો, અને ફકત હારલો મારેલો ત્યાં તેણે મોટો સતો કીધો તો તેમાં બી તે બેસુમાર ધન કમાયો અને નેહાલ થઇ ગયો ! ટુંકમાં, હવે તે જેને પોતાનો "જાદુઇ હાથ" લગાડે તે એક ચમતકારથી સોનું થાય એવોજ કાંઇ તેનો તાજુબીભરયો હાલ થઇ ગયો ! તે નવાં નવાં પેટંટો શોધી કાઢતો ગયો, અને બીજાં આંઠ વરસના અરસામાં તો એક મોટા વીદ્વાન અને ધનવાન આદમી તરીકે તેણે પોતાના ધંધાની લાઇનમાં એકાંત જીંદગીએ જીવતાં બી ભારે પ્રખ્યાતી મેલવી ! તે પછી તે પોતાના ધંધાને સર ઠેઠ વેલાત ઉપડી ગયો, અને ત્યારે એક વારના તે ગરીબ કંગાલ મીલ—મજુર "માકાપેસીના મટલા" ની એ રવેસે ગોયા તમામ ધન—નસલ આ ધરતી પરથી નાબુદ થઇ ગઈ!

પ્રકરણ ૧૪ મું.

માણેકે પોતે પોતાના ભરથાર ઉપર લખેલાં તે નાતરસ નાકદર કાગલના જવાબની કાગને ડોલે રાહ જોઈ. મંચી તેના જવાબમાં જરૂર તેના પર કાંઈ બી લખશે ને અગત, કરીને કાલાવાલાથી તેને વીનવીને ઘેર પાછી આવવાની કાકલુદીઓજ લખશે એમ એ હેમક છોકરી પુરા વિશ્વાસથી માનતી હતી; અને એમ માનતી હતી તેથી વલી એવો તેનો જવાબ આવતાં વલતા જવાબમાં તેણીએ તેને શું લખવું તે પણ તેણીએ મનમાં ઘડી ને નક્કી કરી મેલ્યું હતું ! તેણીએ ધારી મેલ્યું હતું કે હું ધસીને નાજ લખશ કે "હવે તમારે અમારે બનેજ નહીં, તેથી તમોને અમારા રામ રામ છે!"

પણ મંચીનો જવાબ તો કાંઈ આવ્યો નહીં ત્યારે તેણીની અજા-

ચળી અને બેચેની જોવા જોગ થઇ પડી. એમ કેમ? મંચી લખ્યા વગર તો રેહજ નહીં. તે તેણીને ચાહતો બંધ પડે તોજ નહીં લખે, પણ તે કે જે તેને આવી દેલાવર જાંનફેસાનીની શીદ્દગીરીથી ચાહતો હતો તે એટલો જલદી તેને ચાહતો બંધ પડે એ વાત તેણીની ટુંક અકકલમાં એકદમ બેસતી આવી નહીં.

તેનો જવાબ કેમ ન આવ્યો એ વાતની તેણીની અજાયબી ને બેચેનીથી તે બેજાર બેજાર થઇ. જવાબ તો આવવોજ જોઇએ? તે તેણીને માટે શું ધારતો હતો તે એ જવાબ આવવાથી ઝટ જણાઈ આવે પણ જવાબ ક્યાં?

પૈસો જે ને જેટલું સુખ મેલવી આપી શકે તે બધાં સુખની તેના પર રેલછેલ હતી, પણ મંચીના પ્યાર જેવા ખરા પ્યાર વનાનુ એ સોનેરી સુખ બી તેને બસ થયુ નહીં! તે મનમાં ધારતી હતી કે તે હવે મંચીને ચાહતી ન હતી, માટે મંચીના પ્યારની ગેરહાજરીનું તેને કશું દુઃખ ન હતું; પણ બાતેનમાં તેનું દીલ મંચીના પ્યારની—તેના ખરા સાચા બુલંદ પ્યારની ગેરહાજરી માટે ગોયા બંદ મચાવી રહ્યું હતું તેની તેને પ્રગટ સમજ પડી શકતી ન હતી!

તેના પર હવે મંચી જેવો ચોખ્ખો બીલોર જેવો સ્વચ્છ અને આપમતલબ અને સ્વાર્થ વગરનો ખરો પ્યાર કરનાર કોણ હતું? ખરી વાત છે કે આજે જો તેનું માથું દુઃખતું તો પૈસાના પ્રતાપે તેના પર તરેહવાર અમરચમર થતી; પણ મંચીને ત્યાં જો તેનું માંથુ દુઃખતું તો મંચીની મોહબતવંતી છાતી પર તે પોતાનું દુઃખતું માંથુ ટેકાવતી, ને તેની લખ્ખો મોહબતવંતી ચુમીઓ ને પ્યારના માંથુ પસવારવામાં તેનુ તે દુઃખ તદન દફે થઇ જતું હતું; તે સુખ આજે કયાં? તે પ્યાર આજે કયાં હતો? તે સધ્યારો આજે કયાં? અને તે સધ્યારા વગર તે માંદી પડી ગઇ. તનની અને મનની એ બેચેનીથી તે સોહરાતી સુકાતી ચાલી અને ટુંકમાં, તેની એ હાલત જોઇને બુઢો માંણેકજી શેઠ બી ગભરાવા લાગ્યો, કેમકે તે તેનો ખરો સબબ તેની બુઢી અને દુરઅંદેશ આંખે તરત જોઇને મનમાં ને મનમાં સમજી શકયો.

તેણે તેથી તેના ઉપાયો લીધા. તે કે જે આગલ જાહેરમાં કદી,

૬૬૧૪

ખેલાતો નહીં તે હવે માંણેકને ખાતર માંણેકને લેઇને પારટીઓમાં, મેલાવડાઓમાં, નાટકોમાં વિગેરે જવા લાગ્યો; વળી પોતાનું વીલ કરીને તેણે માંણેકને અને તેના દીકરાને પોતાનાં વારેસ જાહેર રીતે બનાવ્યાં ને ખોલ્લી રીતે જાહેર કીધાં, એટલે જે ગંજાવર દોલત પેલા તેના ત્રણ મરનાર છોકરાઓ ત્રણ ભાગે વેહચી લેતાં બી મોટા ધનવાંન થતે ને બધી દોલત મીલકત ને અસક્યામતની ભાગ્યશાલી માંણેક એકલી હકદાર માલેક અને વારેસ થઈ !

અને ત્યારે મધ પર પાંખ બનંભન થાએ તેમ તેણીના પડતા બોલના પુંજારીઓ 'ફેશનએબલ સરકલ' માંથી બી ઢગલે ઢગલે ઉભાઇ આવીને બાહેર પડવા લાગ્યા. કોઈ બી મોટો મેલાવડો, કોઈ બી માનપાનની ક્રિયા એવી ન હતી કે જ્યાં માંણેક ગેરહાજર હોય ને તે ગેરહાજરી નોટીસ ન થાએ. તેણીની ભારે ખુબસુરતી ને મોટી દોલતને લીધે માંણેક આગેવાન સોસાઈટીનો હવે "સ્ટાર" (સેતારો) થઈ પડી. તે "માણેક મડમ"ના ઓલકાબથી તેણીની ગેરહાજરીમાં ઓલખાવા લાગી, ને તેણીની સાથ બે વાત કરવા કે તેણીને એકાદ વાર થું દેઇને હસાવામાં બી સેંહેંકડો ધનવાંન જવાંનો માન અને મગરૂબી માંની લેવા લાગ્યા !

આ મામલો જોવાથી બુઢો માંણેકજી શેઠ તે પરણેલી હતી તે માટે બની શકે તો હવે એવડો ખીજવાવા લાગ્યો. મંચીની "એબની તોક" ગલે વલગેલી હોવાથી તે લાયક વર પરણી શકતી ન હતી એ તેનો જાબજા અફસોસ હતો. હવે તો મંચી મરેજ છુટકો હતો. તેણે પોતાના પૈસાનાં જોરે તે ગરીબ આદમીને કચડી નાંખીને તેની મોહરદારથી અલગ ને જુદો કરવાનો પાપી જુલમાત વરસાવ્યો હતો ખરો, મગર તે મોહરદારને જીવતો વર છતાં બીજો વર કરાવાનો ફોજદારી અપરાધ કરવાની આ ધનવાંન ડોસામાં તેની સઘલી દોલતની હકુમત છતાં સત્તા યા હીંમત ન હતી !

એમ વરસોપર વરસો ગબડી ગયાં, અને માણેક એક મનોહર છોકરીની ઉમરમાંથી પાસ થઈ હવે એક દીલકસ ખુબસુરતીની જવાન ચેહેરેનસુન "બઇરી" થઈ, એ વખતે પણ તેણીની લોક—પીછાણ અ-

ને વખાણુમાં તો તે યાહોમ વધતીજ ચાલી. લોક તેના પર મરીજ ફીટવા લાગ્યું. અલબત તેના વરે તેને છોડી દીધી હતી કે તેણે વરને છોડી દીધો હતો તે માટે ખાનગી ગુસગુસોમાં તહરેવાર અટકલો ને ચરચા ચાલી રહી, પણ પૈસાના પ્રકાશમાં એ સૌથી અગતનો સવાલ ઝાંખ મારી જતો, ને લોક તેણીનામાં જે જોતું તે સૌથી સારૂં ને વખાંણુવા જોગુંજ જોતું હતું!

તે પોતાને લગતી તમામ ગઈગુજરી કમકમાત વગર હવે યાદ કરી શકતી નહીં. પૈસામાં પોખાતી ને અલેટયાં મારતી આએજ માંણેક એક ગરીબ મીલ—મજુરની પૈએપૈને માટેની મોહતાજ પરણેતર હતી એ તેણીને પોતાને બી હવે એક સ્વપ્ના સમાન દેખાવા લાગ્યું. આ શું બનવાજોગ હતું કે તે ને તેજ અબલા હાલમાં ધનવાંન માનવંત અને સોસાયટીની આગેવાંન બની નિકલી હતી? આ ભાગ્યોદય કાંઈ જેવો તેવો ભાગ્યોદય ન હતો—એ કાંઇ સાધારણ નસીબનું ખીલવું ને રંગ પકડવું ન હતું. એ તો એક ખોદાઇ મોજેજો હતો, કે જેવા મોજેજા લાખમાં એક જીંદગીએ બી જવલેજ થતા હશે.

પણ એક વાત માંણેકને ઇનસાફ આપવા અતરે ભુલવી જોઇતી નથી, અને તે એ હતી કે આ વરસોની જુદાઈ દરમ્યાંન માંણેક મનથી તેમજ તનથી પોતાના એકજ પરણ્યા ખાવંદને સદા સાચી રહી હતી. પાપભરી અનીતીનો તો એ અબલાએ કોઈ દાહાડે એક ખોટો ખ્યાલ વટીક પોતાનાં મનમાં ઉભો થવા દીધો ન હતો. સંસાર સબંધી નીતીમાં તે હદવનાની પાક હતી. તે કદી ભુલી ન ગઈ કે તેણીના પ્યાર પર એકલા મંચીનોજ પવીત્ર હક હતો, ને તે દુર પડેલા ભરથારના એ પાક હકની તેણીએ અજબ જેવી ઓસ્તવારીથી સદા સમાલ કરી હતી. તેણે પરાયા પુરૂષ તરફથી પ્યારની ગલીચ વાત કદી સાંભલી ન હતી—બલકે તેણીના આચારવિચાર એ વાતમાં એટલા નેક એટલા પાક ને એવા બુલંદ પ્રગટ પડયા હતા કે કોઈએ તેણી આગલ તેવી નાપાક વાત હોડ ફફડાવીને રજુ કરવાની આજ સુધી હીંમત વટીક ન કરી હતી એજ તદન ખરી વાત છે.

વલી તે પાક રહી હતી, કારણ આજવેર પોતાના મંચી જેવો તેણીના પ્યારને પાત્ર તેની નજરે તેને કોઈ બી લાયક પુરૂષ દેખાયો નહીં.

એવા પ્યારને માટે મંચીથી લાયક બીજો કોઈ બી દુન્યામાં હોયજ નહીં ને થઇ શકેજ નહીં એજ તેણીનુ પ્રમાણીક મત હતું. મંચી જેવો ખુબસુરત, સોહામણો, દેખાવલો જવાંન મંચી સિવાય તેની આંખે કદી કોઈ બીજો જોયો નહીં.—અફસોસ માત્ર એજ હતો કે મંચી છેકજ નિર્ધન—એક કામન મીલ—મજુર હતો, અને એ તેની એકજ તકસીરે આ વર વહુનો વીયોગ નિપજાવ્યો હતો;—બાકી મંચીમાં બીજી એબ કે ખાંમી માંણેકની નજરે જોતાં ખરેખર એક બી ન હતી!

પ્રકરણ ૧૫ મું.

હવે કોઈ એક નવો ઉગી નિકલેલો પારસી શેઠયો કે જે જણે જણની બત્રીસીએ ચઢી રહયો હતો તેના તરફ આપણે આપણી નજર ફેરવશું. તે તરતનોજ વેલાતથી આવ્યો હતો, અને આવ્યો ને આવ્યો ઠાઠ કરતોજ આવ્યો હતો. તે અતરેની એક જાંણીતી મોટી મશીનરી (સાંચાકામ) ની યુરોપ્યન પેઢીનો વડો થઇને આવ્યો હતો. તે સપલસાહ વાડયાને નામે પોતાને ઓલખાવતો હતો, અને લોકોમાં "સપલ વાડયો" કેહવાતો હતો.

તે જોતાં જોતાંમાં લોક—પીછાંણમાં વધ્યો ગયો. પૈસો અગત કરીને નામ ને પીછાંણ વધારે છે, અને પૈસો દેખીતી રીતે તેની ગાંઠમાં પુરતો હતો તો પછી તે વધે અને નામાંકીત થાએ તેમાં અજાયબીજ કેવી હોય?

તે વલી એક માહાવક્તા સિદ્ધ થયો. તેણે જુદી જુદી સભાઓ તરફથી તહરેવાર ભાષાંણો આપ્યાં, અને તે ભાષાંણો જો તેના સારને માટે નહીં તો તે બોલનારની જોરાવર છટા ને બલવાન ભાષાને માટે અગત કરીને વખણાયાં. તે પોતે પૈસાવાલો હતો, પણ પૈસાવાલાઓનો તે એક ધિક્કારનાર બલકે હરડતો શત્રુ હોય ને ગરીબોનો તે માહા શુભેચ્છક દોસ્ત હોય તેવા તોરનાં તેનાં એ જોરાવર ભાષાણો હતાં! તે ખાશ કરીને પૈસાની ગરૂરીમાં નિરદોશ બરીબોને કચડી નાંખનારા નીચ

શ્રીમંતોની સખ્ત ઝાટકણી કાઢતો, અને કેહવાને અજબ જેવું છે કે ગમે એ વિષયનું તેનું ભાષાંણ હોય તેમાં બી ફેરવી ફેરવીને તે એ સવાલ એવી આસાનીથી અંદર ધુસાડીને રજુ કરતો, અને એ અને એજ વાત વિષેનો પોતાનો કરડો કેહર અને બલવા એવી જોરાવર જબાનમાં તે કહી સંભલાવતો કે સાંભલનારાં શ્રોતાજણો અજયબીમાં ગીરફતાર બની એકાગ્ર ચિત્તે અને અગાધ ગંભીર અસરની મોજ સાથે તેમે કલાકના કલાકો સુધી બગર હાકવે કે વગર કંતાલવે સાંભલતાં ! અલબત લોક તેનાં એવાં ભાશાંણોથી અજબ બી પણ થતું, અને ચાલાકો ઝટ અનુમાન કરતાં કે આ માણુસ કોઈ અવ્વલ ગરીબીમાંથી વધ્યો હોવો જોઈએ, અને તે ગરીબીમાં કોઈ બી શ્રીમંતને હાથ એણે કાંઇ બી જરૂર કરીને ખમ્યું હોવું જોઇએ.

એક દીવસ તે બેંડસ્ટાંડ પર ફરવા ગયો હતો. તે પોતે અને તેને એક દોસ્ત બંને ઇંગ્રેજી પોશાકમાં ઘોડા ઉપર હતા. આ વેલાએ ગરમીની મોસમ હોવાથી અને ગવરનરનું બેંડ હાજર થયલું હોવાથી, તેમજ વલી એ સાંહજે મુંબાઇમાં આગેવાન સોસાયટી માટે બીજું કોઇ બી 'એનગેઝમેંટ' ન હોવાના સબબે બેંડસ્ટાંડ પર મોટી ધમાલ પડી રહી હતી. ત્યાં દરેક જ્ઞાતનો એક પચરંગી મેલાવડો જમાવ થયો હતો, કે જેમાં અલબત બધે હોય છે ને થાય છે તેમ પારસી તત્વનું પ્રમાણ અતીઘણું મોટું હતું. તેમાં પારસણોનાં પરસ્તાનનું તો પુછવુંજ શું ? પાઉપેઆદાં ને ગાડીમાં તેમના ઢગલે ઢગલા જ્યાં જુઓ ત્યાં ઉભાઇ નિકલતા નજરે આવતા હતા. સાદાઇમાં સુંદર દેખાતા સેહેંકડો ચેહેરાઓ ઉપર જાણે સરસાઈ ચલાવા માંગતી હોય તેમ કોઇક મકાઇબાઉ જેવા ચેહેરાવાલીઓ બી પફ ને પાઉડરનો છુટથી ઉપ્યોગ કરીને ઓપન ક્રોપના પોલકા ને કાપેલા બાલના ઠઠેરા સાથે ભાભરા ભુત જેવીઓ ભભરી નિકલી હતી ! તે બિચારીઓ શું મનથી કાંઇ એમજ સમજતી હશે કે અમારા જેવી ખુબસુરતી આખી ધરતી પર બીજી કોઈ હોવી જોઇએજ નહીં ? ટુંકમાં, અમોએ કહ્યું તેમ સામટી રીતે લેતાં તે એક દીલખુશ, દીલકસ, પચરંગ મનોહર મેલાવડો હતો.

ત્યાં પેલો સપલ વાડીઓ પોતાના એક માનીતા દોસ્ત સાથે ઈંગ્રેજી

બેખાસમાં ઘોડા ઉપર ફરતો ફરતો આવ્યો. એ વખતે બાજુમાં સાઈડ સ-મારી ઉભેલી ગાડીઓમાંની એક સૌથી શોભાયમાન બે લેગ્ઝી ઘોડાની ઈસ્કી વીકટોરયા પર તેઓનું ધ્યાન ખેંચાયું—બલકે તે ગાડીમાં બિરા-જમાન બેઠેલી એક રોબવંતી સોહામણી સુંદરી પર સપલનું તેના ફ્રેન્ડે ખાશ ધ્યાન ખેચ્યું. વે એક સુંદર લાલ ડી; કલરની સાઠીમાં, ગાડીમાં ટકયે અઢેલીને ગરૂરીના તોરમાં ગોઠવાઇને તીરકમાન બેઠેલી એક મનોહર મુરતી હતી. તે ખુશ મિજાજે હસ્તી ગાડીમાં એકલીજ બેઠેલી હતી, અને ગાડીની બાજુમાં ઉભેલો કોઇ એક્કો જવાંન તેને વાત કરાવતો હતો. તેનો કોચમેન કોચબાકસ ઉપર તેવાજ ઠઠેરાના રોબથી હાથમાં લગામ ઝાલી બેઠેલો હતો, અને બે સુઘડ બલકે ઈસ્કી પોશાકના ઘોડા-વાલાઓ ઘોડાઓને પડખે ઉભા રેહી તેમની ચમરી કરતા હતા!

"પેલી રાંડનો તોર જોયો કે, સપલ?" સપલના ફ્રેન્ડે હસીને તેનું ધ્યાન ખેચ્યું.

"કયાં? કોણ?" સપલે બેધ્યાંનપણે પુછ્યું.

"પેલી કામા ખાંનદાનની માંણેક મડમ," તેના ફ્રેન્ડે સપલને ગાડી ભણી આંગલી કરી બતાવ્યું.

તેણે એકજ નજર અનાયસે પડી ગઈ હોય તેમ તે તરફ નાંખી, ને તેના ચેહરાનું તેજ હટી જઇ તે ચેહેરો ફીકકો પડી ગયો. તેનું મુ-ખકમલ કરમાઇ ગયું, અને દુઃખનું એક દચકુ ઘણી જેહેમતે પોતાની છાતીમાં છુપાવી તેણે (સપલે) પોતાનો ઘોડો તરત દરયાની સાઇડે ફેરવી નાંખી ઉભો કરયો.

તેના દોસ્તે તેની એ હીલચાલો જોઈ નહીં કાં જોઇ તો તેનો ભા-વાર્થ તે મુતલગ સમજ્યો નહીં. "પારસી ખુબસુરતીનો એ એક જોવા જેવો નમુનો છે હો," તેના દોસ્તે પોતાનો "પટપટારો" જારી રાખ્યો. "રાંડ ફાંકડી ગાડીમાં બેસે છે તેની બેસવાની લઢણ ને તોરજ હું તો જાણે બે ઘડી જોયા કરૂં: પણ, સપલ, તુને ખબર કે? કેહેજે વરે એને છોડી દીધેલી છે જો?"

"વરે એને છોડી દીધીછ કે એણે વરને છોડી દીધોછ?" સપલે

ગોરસ્તાનમાંથી બોલતો હોય તેવા કાંઇ અજબ જેવાં જાડા ધાડા સાહદે ને કાંઈ હદવનાની ગમગીન અદાએ પુછ્યું.

"તે કોઈ કાંઈ નક્કી કહી શકતું નથી," તે દોસ્તે સમજાવ્યું. "એ સવાલને વાસ્તે બધાં ગુચવાયા કરે છે, પણ એક વાત તો ખરી છે કે એને વાસ્તે કાંઇજ બુરૂં સંભલાતુ નથી. એની નીતીને માટે જ્યાં ત્યાં ઘણુંજ સારૂં બોલાય છે ને સારૂંજ સંભલાય છે. મેં તો એક છુતી અફવા એમ બી સાંભલીછ કે કોઇ હલકે વાંધેના આસામીને એ પરણેલી હોવાથી પછીથી વરને એણે છોડી દીધો."

"હલકે વાંધેનો આસામી?" સપલે તેજ ગમગીન અદાએ પુછ્યું, "તે કવો?"

"કોઈ હલકા—નીચ બુન્યાદનો.

"કદાચ તે પૈસેટકે ગરીબ હશે?"

"તેમજ તો; તેમ નહીં તો વલી કેમ?"

"ત્યારે શું તમો પૈસાવાલાંઓને મનથી બધા ગરીબો હલકા ને નીચ બુન્યાદના છે? પૈસા તે શું નીચપણાંનાં માપનો તમો લોકનો સ્ટેન્ડર્ડ છે?" સપલે લગભગ આંખમાં ખુન લાવીને ગુસ્સાથી ગરમ થતાં પુછ્યું.

"ચાલ, બાપુ, માંડી વાલ," તેના દોસ્તે નાંખતી કરી; "જાંહનમમાં ગીયાં એ વર બૈયર. એ લોકને લીધે આપણે કાંએ અમથા મરાઈ મરીએ? વલી હું તુને છેડીને ક્યાં ઉભો રેહું? તું જો ગરીબોની હીમાયતમાં બોલવા માંડશે તો એક તો ધરચો ધરાવાનો નથી."—અને તે ખુશ મિજાજે ખડખડ હસી પડયો.

"ચાલ, મેહેલ્લી, અહીંથી કોલાબા તરફ જઇએ," હવે સપલે બી નાંખતી કરી કહ્યું.

"કાંએ, અહીંજ થોભ ની?" મેહેલ્લીએ આગ્રહ કરયો. "અહીં આવી સુંદર રચણા જોવાની મુકી દેઇને ત્યાં પુલ તરફ શું ધુલધુમાડો વહી જાએછ જે અહીંથી જવા માંગેછ?"

"મને અહીં નથી ગમતુ," સપરી નારાજ ઢપે કહ્યું; "મારો જીવ જરા ઉશ્કેરાયોછ, ને તેથી હું મારી સ્વારી આગલ લેવા માંગુંછ."

"ત્યારે, ચાલ, જેમ તારી મરજી," મેહેલ્લી તરત એકમત થયો. "કેહ જે વાટ છોરયે પણ સાથ નહીં છોરયે. તું જાએછ ત્યારે તો હું બી આઉં"—અને પછી તરત તેઓ મારતે ઘોડે ત્યાંથી નિકલી ગયા!

પ્રકરણ ૧૬ મું.

લોક જોતું અને કેહતું હતું કે "માંણેક મેડમ" હવે આગલ જેવી ઉલટમંદ કે ખુશાલ રેહતી ન હતી. એ ફેરફાર તેણીનામાં કેમ થયો તે કોઈ કલ્પી શકયું નહીં. તે ઘણી બેચેન, ઘણી ઉદાસ, ઘણી દુ:ખી, ઘણી કાહેલી દેખાવા ને રેહવા લાગી!

તેને હવે મોજમજાહમાં બી કશી મોજ ન મલતી, અને તે કે જે આગલ જાહેર મેલાવડાઓમાં જવાને ઘણીજ હરખભેર ને ઉલટમંદ થતી તે હવે તેને જવાને ફરજ પાડવામાં આવતી ત્યારેજ અને તે બી વલી ઘણી નારાજ ને ઉલટ વગરની જતી!

શું દસ વરસની ધામધુમી મોજમજાહથી એ મીલ—મજુરની રોશન તાલે પરણેતર એટલી વેહલી થકાઇ ગઇ? શું તે કે જે પોતાના પરણેતરના પ્યારથી આલે પૈસાનેજ જાણતી હતી તે પૈસાની પુંજામાં એટલી વેહલી થાકીને પરવારી ગઈ? એ ફેરફાર એ ઓરતમાં એટલો વ્હેલો કેમ થયો?

એક દીવસ તેને કોઇએ ઘણાં માનથી એક ગુલાબ એનાયત કરયો. તે તેણીએ લીધો, ને તે એક ગુલાબે ગમખાર ખ્યાલોની એક હારની હાર તેના મનમાં તાજી કરી. તેણે યાદ કરયું કે મંચીને તેને ખરી મોહબતથી એજ રવેસે રોજ મીલમાંથી તાજાં ગુલાબો લાવીને આપવાની તેહેલ હતી, ને એ યાદ થતાં મંચીનો દુ:ખી ગરીબ નાવારેસ

નાચાર ચેહરે ફરયાદની ઢપે તેની આંખ સામે અચબુચ ખુડો થઈ આવ્યો ! એમ થતાંજ વલી તેણીની આંખમાંથી એક આંસુ ટપકીને તેના હીરાજડીત બ્રેસ્લેટનો સણગાર પામેલા હાથ ઉપર પડયુ ! "મરેરે, એ શુ ?" તે પોતાનાં દુઃખ વચ્ચે ફીકું હસવાની જુઠી કોશેશ કરતાં બોલી; "રહી રહીને આજે બિચારા મંચીને વાસ્તે મને રડું આવેછ કે ?"

અને ખરેખર તેમજ હતું ! તે ના કેહવા માંગતી હતી, પણ તેનું પૈસાથી ધરાઈ ભરાઈ રેહેલું હ્રદય ભિત્તરેથી હવે મંચી માટેનાજ વિલાપની હાય ઉઠાવી હમણાં રડતુ હતુ !

એ એક પરણેતરના મારયા નહીં મરે એવા છાતીમાં ઝડ ઘાલી બેઠેલા ખુદાઈ પ્યારની ખરી ખાલેસ ખુદાઈ અસર હતી—એક અસર કે જે માંણેક જેવી બેદીલ બેવફાને બી પોતાનું જોરાવર બલ બતાવ્યા વના રહી નહી !

તેણીએ તે ગુલાબ ગુસ્સાથી ફેંકી દીધો, પણ મંચીની યાદ અને તે વાતના ગમને તે પોતાની છાતીમાંથી હવે ખેચીને ખખેરીને નાંખી શકી નહીં. તેનો હદવનાનો સાચ્ચો પ્યાર, તેની ખરી કાલજી, તેની આબાદ લાગણી એ બધાંની એક બલવાંન યાદે તેણીને અચબુચ બેજાર કરી મેલી !

એ દસ વરસના લાંબા દરમ્યાંન પછી આજેજ એકાએક એ શું થયું કે મુંચી ને મંચીનીજ યાદે તેણીનાં મનને એટલુ બધું રોકી રાખ્યું ? એ દસ વરસનાં દરમ્યાંનમાં તેનું શું થયુ હસે તેનો આજેજ પેહલી વાર તેણીને ગંભીર વિચાર થયો ! તે મુવેલો હશે કે જીવતો તે વટીક તેને ખબર ન હતી. તે તેજ કંગાલ્યતમાં તેજ કીસમે બિચારો હજી અટવાતો ને અવત્યાં મારતો હોવો જોઈએ એમ માનવાને તો તે જરાએ વેહેમ ખાતી ન હતી, પણ અજાયબીની અજાયબી તો એ હતી કે તેણે તેણીને મનાવા કે પઠાવા કશુંજ કરયું હતું નહીં—કશુંજ લખ્યું હતું નહીં ! તેણે ગુસ્સાના તોરથી તેને એ રવેસે તજી દીધી એ વાતનો વિચાર થતાં તેની છાતી કાંઈક સ્વભાવીક ફીકરથી ધ્રુજી આવી !

અને ત્યારથી—એ હીણભાગ્ય દીવસથી તેણીનાં પાપની ખરી

આજ શરૂ થઈ હોય તેમ તેણીની ધીરજ તદન ઉઠી ગઈ. તે એકરાર બેચેન અને અતીઘણી કાહેલી થઇ ગઈ. તેનું હૃદય મંચી અને મંચીનુ તલપઆર મંચીનીજ છુપી ચીસ પાડતું ! રાત ને દીવસ મંચીનું નામ તેનાં મુખમાં રમી રહયું. મંચી વનાની આ પૈસાવાલી દુન્યા બી હવે તેને સોહા ને સુની લાગી. તે મંચીનાજ સ્વપ્ના જોઈને તેનાંજ પ્યારાં નામના પોકાર સાથ બીહી ઉઠવા લાગી, અને તેના ટકયા તેનાં આંસુઓથી બી જાયલા દેખાતા !

પૈસાને માટેનો તેનો છાકટ પ્યાર લુપ્ત થઇ રેહેવાથી હવે જાંણે તેની ધુંન ઉતરી ગેઇ હતી, જેથી વધારે દાનાવ પ્યાર માટે—પોતાના ભરથારના બુલંદ પ્યાર માટે તેનુ જીગર વલખાં મારતું થયું હતું ! હવે પસ્તાવો તેણીની છાતીમાં ધુમ મચાવી અગન જલાવી રહયો હતો, ને દસ વરસ ઉપરની પોતાની નીચ નાલાયક ચાલ તેની નગ્ન હાલતમાં તે પોતે હવે પ્રગટ જોઈ શકતી હતી. આહા ! તે વેલાનાં તેનાં દુઃખનું શુ બ્યાંન કરવુ ? પોતે એવી આંધલી, એવી હેમક, એવી અપટ થઈજ કેમ શકી કે પોતાને જીવથી જ્યાદા જાંણનાર એક જીવનહાર ભરથારના એવા બુલંદ પ્યારને થોકરે મારી તે પૈસાની પરસ્તાર બની અહીં આવી વસી તેજ તેણીની મસ મોટી અજાયબી હતી !

તમામ દુન્યાની દવાદારૂએ બી તેની એ તનમનની બેમારી હવે દુર થઇ શકી નહીં. "મારી દીકરી, મારી આંખની તાહરક, તુને શું દુઃખ છે ? તું કેમ એટલી નખાતી ને પીલાતી જાય છે ?" તેનો જઈફ મમાવો માંણેકજી શેઠ તેને ખરાં દીલનાં દુઃખથી અવારનવાર પ્યાર થકી પુછતો.

જવાબમાં તે શુ કેહે ? તે શુ જવાબ દીએ ? શુ તે કેહે કે જે મોહા પાપ તેણીએ કરયુ તે કરવાને લલચાવીને તેણીને દોજખમાં ગીરફતાર કરવા માટે તે પોતે જવાબદાર હતો ?

મંચીને જોવા—ફકત એકજ વાર તે સદાના મીઠા માનીતા પ્યારા ચેહેરાપર નજર નાંખવા માંણેક હવે એક અધીરતાંની અસહ્ય તાપથી તપતી હતી. "ઓ મીનુ, મીનુ," તે એકાંતમાં જારબેજાર રડીને હવે તલવતી, "તમે કયાં હોશો ? તમારૂં શું થયુ હશે ?"

કેહવાની જરૂર નથી કે તેણે પોતાના મમાવાની હરસે પોતાનાં ગરીબ રેહેઠાણ તરફ માણસો પ્રેરીને મંચીની ઘણી છુપી તપાસ કરાવી, પણ તે તો જાંણે પાતાલનાં પેટાંમાં ગરક ગયો હોય તેમ તેની ભાળ કશી તેણીને મલી શકી નહીં. અરે અફસોસ, શું તે ગરીબ મીલ-મજુર પોતાની એ હીણાયલી તજાયલી નાવારેસ હાલતમાં અટવાઇને મારગે લાગી ગયો હતો? શું તે ખરેખર મરી ગયો હતો?

તે ગરીબ હતી ત્યારે તેણે શ્રીમંત થવાની ઉમેદમાં અધીરતાનો તાપ ઘણો સેહેવ્યો હતો, પણ મંચીને મલવા ને જોવાનો જે તાપ તે હવણાં સહન કરતી હતી તેને મુકાબલે તેનું કોઇ દુઃખ ન લેખી શકાય. પસ્તાવાનો કીડો તેનું જીગર કોરી કોતરીને અંદરખાંનેથી ખાઇ જતો હતો, ને પસ્તાવાએ તેનાં જીગરમાં તોબા ને અફસોસની એક એવી હાયની જોત સળગત કરી મેલી હતી કે જે બુજાવાને માટે એકે ઇલાજ કોઇને સુજી શકયો નહીં. સુંદર કપડાંચપડાંથી હવે તેને ઉબક આવવા લાગી, હીરા મોતી પરથી તેણે મનઉતારો કરયો, દુનિયા તેણે અકારી ઝેર કરી મેલી, બાહેર જવું આવવું વટીક તેણીએ બંધ કરી નાંખ્યું, ને મંચી ને મંચીનીજ માલા જપતી પોતાના ઓરડાનાં એકાંતમાં પડીને તે સદા સબડયા કરતી હતી!

તેને પોતાના મમાવાના ગુસ્સાની હવે પરવાહ ન હતી. બેહેસ્તનાં સુખ જેવા મીનુના પ્યારને મુકાબલે તે મમાવાનો વારસો ને દોલત ખોહી બેસવાનું તેણીને હવે વધારે ગમવા લાગ્યું, માટે જો મંચીની બાલ મલે તો તે ઉડીને તેની ગોદમાં જાય એમ હતું. તેણીએ ગરીબાઇ ને તવંગરી એ બેઉ જીંદગીઓ અનુભવીને ભોગવી લીધી હતી, ને મંચીના પ્યાર વિના ધનવાંન રેહેવા કરતાં તેના પાક બુલંદ પ્યાર સાથે ગરીબ રેહવામાં લખો પ્રકારનું વિશેશ ને ખરૂં ખુદાઇ સુખ સમાયલું છે એજ હવે તેણીનો પ્રમાણીક અભીપ્રાય હતો!

હવે ગવરનરને ત્યાં એક 'ઇવનીંગ પારટી' હતી તેનાં તેડાં આવ્યાં, અને માણેક જે આ એકાંત સાંધી બેઠી હથી તેને તેના મમાવાએ એ તેડાં બાહાલ રાખવાનો જવાબ લખવાની ફરજ પાડી. એ ફરજની રાહે તે પારટીની રાત્રે તે અસાધારણ ઠઠેરો કરી ઘણુંએ પાણી

એક વાર બાહેર નીકળી.

તે એક મોટો દબદબાભરેલો ભરચક્કર મેલાવડો હતો, ને માંણેકને માન આપતા ને વાત કરાવતા જવાંનો ત્યાં મધમાંખની પેઠે ઉભરાઇ જતા હતા. વલી જ્યાં ત્યાં દેશી તેમજ યુરોપ્યન તેણીનાં ઓલખીતાં પીછાં-ણનાં કુટુંબો નજરે આવતાં, અને માંણેક કોઇને હસીને અમસ્થું ડોક્ફ કરતી તો કોઈના સાથ થોભીને બે વાત કરતી ત્યાં ફરતી રહી હતી.

પણ છેક સાડા દસ થવા પછી એમ ફરતી ફરતી માંણેક એક કદદાર રોબવંતા દેખાવના કોઇ પારસી સાથ લગભગ ધ્યાંનમાં ને ધ્યાં-નમાં અથડી પડી, અને બેઉ એકેકની સભ્યતાને ખાતર માંફ માંગવા થોભ્યાં, અને—અને બેઉ અત્યંત ચોંકયાં!

તે પારસી પેલો સપલ વાડયો હતો. તે બી પેહલી હરોલમાં ચોં-ક્યો તો ખરો, પણ પછી તરત સમયસુચકતા રાખી કાંઇ નવું બન્યુંજ ન હોય તેમ પીઠ ફેરવી ચાલતો થયો.

માંણેકના ડોલા ફાટીજ ગયા! એ કોણ હતો? તેનાજ મંચીની બઢણ, મંચીનુંજ સ્વરૂપ, મંચીનીજ અદા, મંચીનોજ લેહકો, સુધ્ધે મંચીજ!!

શું એ મંચી હોય? મંચી હોય તો બ્રહમાંડ તુટી પડયાં! શું એ મંચી હોય? મંચી ગવરનરને ત્યાંની પારટીમાં! મંચી હોય તો દુન્યાંજ ઉલટાઇ ગઈ! શું એ મંચી હોય? આ રોબદાર કદદાર દમામવાલો દે-ખીતો ધનવાંન શેઠયો તે શું મંચી હોય? મંચી હોય તો, આહા, માંણેકે ખરાં દીલથી ધારયું કે ખુદાની ઇનસાફી લાકડીને ખરેખર અવાજ નથી!

અને મંચી ન હોય તો શું એ મંચીનો ભુત બોલી માંણેકને ભ-માવા એ રવેસે ઠઠેરાબંધ ડ્રેસ કરી અતરે આજે આવ્યો હતો! અરે, પણ વલી તેની ઓલખાંણ પીછાંણ કેટલી? જ્યાં ત્યાં શું પારસી કે પરજાત—શું દેશી કે યુરોપ્યન તેને મલતા, થોબાકતા ને તેના સાથ વાત કરતા! આએ મંચી હોય? મંચીની આએ હાલત હોય? "ઓ ખુદા," માંણેક લગભગ ચીસ પાડી મનમાં પોકરી ઉઠી, "આ ખરો બ-નાવ છે કે મને ભુલાંણીને મારવાનો આ કોઈ ખાલી ખ્રુશીનો ખાબ છે?"

તેણીએ હવે કોઈ પર કશું લક્ષ આપ્યું નહીં. ભલીભલીઓ તેણીને વાતમાં ઉતારવાની વ્યર્થ કોશેશ કરી નાઉમેદ ને મનમાં અજબ થતાં ચાલી જતાં! તે તો ફક્ત પોતાની આંખથી—તનથી—મનથી એ ચાહને મંચી કે એ મંચીના ભુત-પેલા સપલ વાડયા—ની પુઠેપુઠ ફરતી રહી!

એમ કરતાં તેઓ પાછાં એક વાર રૂબરૂ મલી ગયાં, ને માંણેકે પોતાની આતુર ચશ્મો તે ચેહેરા પર બેઅદબ હદ સુધીની ઉશ્કેરણીઓથી ઠડાવી, કે જ્યારે તેણીની ખાતરજમા થઈ કે એ કોઇજ નહીં પણ તેનો મંચી હતો! તે પારસી—સપલ વાડયા—એ એ જોયુ, પણ તેનો ચેહરો તો કરડો, તોરવંત અને મગરૂર હતો. તેણે કશી લાગણીઓ બતાવી નહીં.

અધીરી માંણેક એ ઉપરથી તેની છેક લગોલગ ધસી ગઇ, અને તેને થોબાવી તેના કાન પર પડી બોલી, "મીનુ, મારા મીનુ, શું તમે મને બોલતા નથી?"

"બાનું, હું તમોને પીછાંણુતો નથી," સપલ વાડયાએ ગંભીર દબદબાથી કહયું. "તમો ભુલોછ," અને તે તરત ત્યાંથી ચાલતો થયો!

માંણેકનું હૃદય તેની પછવાડે તણાઈ ગયું; પણ તે શું કરે? તે કાંઇ બી વધારે કરે કે કહે તો તે ભરચક્કર મેલાવડાનું તેમના તરફ ધ્યાંન ખેંચાય ને ચકચાર વધી પડે!

"પેલા ગ્રહસ્થને તમો ઓલખોછ, મી૦ જમસેદજી?" તેણીએ તે પછીથી પાસે ઉભેલા કોઈ એક ઓલખીતા ગ્રહસ્થને સેહજ પુછતી હોય તેમ પુછયું.

"જી હા," તે કોઇ જમશેદજીએ જવાબ દીધો. "એ તો પેલો સપલ વાડયો."

"એવણ કોણ છે?"

"એવણ હમણાંજ થોડું થયું વેલાતથી આવ્યા," પેલાએ સમજાવ્યું. "જોન જોન્સની મશીનરીની જાંણીતી પેઢીના વડા છે. ઘણા બાયડીવાલા આદમી છે. પાંચ પૈસાના જીવથી સુખી છે."

માંણેક આ સાંભલી એક "ઠેંકયુ" સાથ ખસી ગઈ. તેણીની

ખાત્રી થઈ કે આ મંચીજ હતો. મશીનરીની પેઢીનો તે વડો હતો; એજ વાત આ આસામીને તેના મીનુ તરીકે ઓલખાવાનો મોટો પુરાવો હતો. વલી તેની આંખ એ વાતની ના નહીં પાડી શકાય એવી સાહદત આપતી હતી. એ તેનો મીનુ હતો, પણ, અફસોસ, આજે " તેનો મીનુ " ક્યાં હતો?

તેણીનું તનબદન થરથર ધ્રુજ્યું, ને ફરી એકવાર પોતાની હીંમત એકઠી કરી તે તેની પુઠે ઘસડાતી ગેઇ. હાલમાં તે એક મોટું પીકચર જોતો ઉભો હતો. તે તેની આગલ ગેઈ અને પછવાડેથી તેની ખાંધ પર નરમ હાથ મુકી તે બોલી, " મારા મીનુ, જરા મારી ગમ જોવો? જરા મને ઓલખો? હું તમારી પરણી મોહરદાર માંણેક છેઉં."

" બાંનુ," સપલે ભવાં ચઢાવી કહ્યું, " તમે મને શું કામ સતાવોછ? મારી પરણી મોહરદાર કોઇ છેજ નહી,"—અને તે વલી ખસી ગયો, અને આ વેલા તે પાધરો બાહેર ચાલી ગયો ત્યારે બારણાં આગલ ઉભી રેહી માંણેકે રડમસ ચેહરે જોયું કે બાહેરના કાનસ્ટેબલ પાસે તેણે એકદમ પોતાની ગાડી પોકરાવી, અને જરા વારમાં તે એક ઉંચા શોભાયમાન ઘોડાની બ્રોહામ બારણાંમાં આવી તેમાં બેસી તે તરત ને તરત આ ખાનપાનનો મોટો મેલાવડો છોડી ગયો!

પ્રકરણ ૧૭ મું.

માણેકનું આજારી હૈયું ઉછાલા મારી ઓયા તેના ગલાંમાં આવી ખુદ્યું! તેણીને હવે બાલ ભાર વ્હેમ ન રહયો કે આ તેનો મીનુ હતો. તેનો એવો ઉંચ ઉદય, એવો બુલંદ ભાગ્યોદય એકદમ કેમ થયો તે જાણવું માહાલ હતું, પણ તે ઉદય થયો હતો એ તેણીએ જોયું, ને જોયું ત્યારે તેની ગોદમાં એકવાર દબાવા જો બને તો લખો ઘણી વધતી અધીરાઇથી તે અધઘેલી બની ગઈ. તેને હવે ત્યાંની તમામ હવા તે આખો મેલાવડો અતીઘણો અસુખકારક દેખાયો, જેથી જઇને પો-

તાના મમાવાને જોઇ કાઢી બેમારીનું કારણ આપી તે તરત મંચીની પુઠે પોતાને બંગલે જતી રહી.

અને ગાડીમાં તે ગાડીની નરમ પીઠ ઉપર મિસીસ માંથુ નાખી એકવારની પૈસાની પુજારી આ પરણેતર આંસુઓનો એક દરયાવ રડી તે રાત—તે આખી રાત તેણીએ કેવા કલ્લાત અને હાય અફસોસમાં ગુજારી તે વીસતારથી વરણુવવા અંતરે બોલવા જરૂર નથી. બીજી સહવાર રોશન રોજ તલુ થયલો છતાં તેને રાત જેવીજ સાહા લાગી; મંચી વિનાની તેની તમામ દુન્યા હવે સીહા અને સુની હતી!

તેણીએ અંતે એક ઠરાવ કરયો. કોઈ બી જોખમે તેને ઘેર જઇ મંચીને મલવું ને તેના પગપર માંથુ મુકી તેને મનાવવો એવો તેણીએ કસ્દ કરયો, અને તરત ડીરેકટરીમાંથી તેનું એડ્રસ જોઈ કઢાવી ગાડી જોતરાવી તે પોતાના મમાવાને ખબર આપ્યા વના પાધરી સંપઅને બંગલે હંકારી ગઇ!

* * * * *

હવે આપણે વગર અગતે ભેદ સાચવવાના પછાડા મારીશું નહીં. સપલ વાડયો તેજ મંચી હતો એમ વાંચનારને સમજાવવા કે ખાત્રી આપવાની કશી બી જરૂર છે?

તે વેલાતથી નામાંકીત થઇને આવ્યો, અને આવ્યો ત્યારે પોતાનું નામ ખાખસુસ તેણે બદલી નાંખ્યું. તેનો ઉદય કેમ થયો તે તો વાંચનારને રોશન છે, એટલે તે વિષે લાંબુ કરવા કાંઈ જરૂર નથી.

હવણાં તે પોતાના બંગલામાં પોતાના નકસાઓ ને કાગલ્યાંઓના ઢગ સાથ કામમાં રોકાગલો બેઠો હતો, પણ તેનું મન ફરભાગ કરતું હતુ. "મારા મીનુ, હું તમારી પરણી મોહરદાર છું" એ બોલો પાછા ને પાછા તેના કાન પર દમાંણુ ચલાવીને વાગતા હતા, ને એ બોલોએ તેને બેકરાર બનાવ્યો હતો. "એ મારોજ વાંક થયેલ," તે પટપટયો. "મારે એ પારટીમાં જવુંજ ન હતું, પણ એને એકજ વાર લગોલગ જોવાની ઉમેદથી હું ગયો, તો આએ મારી બેકરારી તેની મને સજા છે, ને તે સજા મારે મુગે મોંઢે ખમવી જોઇએ."

તેણે કામ પર ધ્યાંન તો ઘણું આપવા માંડ્યું, પણ તે ન બન્યું. "એને માંફ કરૂં ? હવે ? આવા તુચ્છકાર, આવી હડધુત, આવી બેવફાઈ પછી !" તે મનમાં પાછું બડબડયો. "કદી નહીં."

"સાહેબને કોઈ બાઈ પુછેછ," કોઇ નોકરે તેજ ઘડીએ આવી તેને ખબર આપી.

"આવવા દે અંદર," મંચીએ અરધાં બેધ્યાંનપણે હુકમ આપ્યો—અને બીજી પલે તે ખુરસીમાંથી ચમકી ઉઠયો, કેમકે ફીકકી, ધ્રુજતી માંણેક જોડેલા હાથો સાથે અરજદાર અદાથી અંદર આવી !

તે આવતાં સાથે તેના પગ પર માંથુ નાંખી પડી. "મીનુ, મારા મીનુ," તેણે રડીને કહયું, "જોવો, હું તમારી પરણી મોહરદાર તમારા પગ પર પડી માંફી સોહોધતી આવીછ. મને માંફ કરો, મારા વ્હાલા, મારો એ અઝીમ ગુનાહ મને માંફ કરો, ને તમારા ખરા ખોદાઇ પ્યારની મારા પર પાછી નવાજેશ કરો."

"બાનુ," એક ઝેરી સરપથી કમકમીને હઠી જાય તેમ મંચી તેનાથી તરત દુર ખસી જતાં બોલ્યો,—અને તેનો અવાજ જાબજા દુઃખી, ગમખાર અને કરડો હતો !—"હું તુંને ઓલખવાનીજ વાત સાફ ના પાડુંછું. મારી પરણી મોહરદાર કોઈ છેજ નહીં. એક હતી કે જેને મેં મારો જાંન વટીક સપુરદ કરી દીધો હતો, પણ તે બેવફા ઓરત પૈસાના પ્યારને ખાતર મારો તુચ્છકાર કરી મને વગર દયાના હિકારથી તજી ગેઈ, તે દીવસથી મારી મોહરદાર કોઇ છેજ નહીં !"

"ઓ મીનુ, માંફ કરો, આપણા રૂસીને ખાતર એ મારૂ મોઢું પામ—મારો અજીમ ગુનાહ મને, માંફ કરો, ને તમારો પ્યાર મને પાછો સપુરદ કરો ? મને તમારી બગલમાં ધીરજથી રડીને મારી છાતીને ખલાસી આપવા દેઓ. ઓ મીનું, મારા પર દયાને ખાતર દયા કરો ?"

"મારા પ્યાર વગર તુંને દસ વરસ ચાલ્યું તો રહી રહીને હવે

તું મારા પ્યારની પાછી તલબગાર આવીછ તેનું કારણ શું છે?" મચીએ તુચ્છકારથી પુછયું.

"મારી આંખે પૈસાનો પાપી પરદો ફરી વળ્યો હતો, મારા ધણી," માણેકે કાકલુદી કરી, "જેથી તમારાં મનની મોટાઈ ભુલી જઇ હું બેકદર ને બેવફા થઇ. ઓ મીનુ, તેની સજામાં આએ છેલ્લા એકજ મહીનામાં મેં કેવું જીવતું દોજખ અનુભવ્યું છે તે બસ મારા ખોદાને ખબર છે,"—અને તે અબલા બેઅખત્યાર રડી પડી!

"તું ગેઇ તો ગેઇ પણ તું મારા દીકરાને બી મારી ગોદમાંથી ચોરી ગેઈ?" મચીએ ઘણો ઉશ્કેરાઇને કહ્યું. "તારો તે બચ્ચાં પર હક હતો તે શું મારો નહીં હતો? તેમે તેં ને તારા પાપી બમાવાએ પોતાના નીરદોશ બાપને વગર કારણે ધીક્કારતાં ને તે બાપનાં ગરીબ નામથી ઓશકાતાં ને કમકમતાં શીખવ્યો? એ પાપ શું તું નહાનુસુનું સમજેછ?"

"નહીં, ઓ નહીં, મારા મીનુ," માણેકે ધુજતા તનબદને હાથ જોડી કહયું; "તમો ગુસ્સો કરવામાં તદન વાજબી છેઓ, મને ઠોકડે મારવામાં વાજબી છેઓ, મારૂં પાપ તેજ કીસમનું જબુન છે. હું એ કોઇ વાત ના નથી પાડતી, પણ મારૂં જીગર હવે ચીરઇ ફસઈ જાએછ તેથી મારા પર દયા કરો ને મને માંફ કરો."

"કદી નહીં," મીનુએ જોસથી—કડાવથી કહયું. "કંગાલ ઓરત, મારૂં પ્યારભરયું જીગર ચીરી ફાસી નાંખતાં તેં કેઈ દયા બતાવી જે હવે હું તારા પર દયા કરૂં? તુંને મારા નાવારેસ નાચાર હાલ પર કેઈ રેહેમ આવી હતી જે હું હવે તારા પર રેહમ કરૂં? તારી દયા વગર જે જે મેં ખમ્યુંછ તે હું બધું તુંને કેહવા ને સંભલાવા નથી માંગતો, કેમજે તુંને તે સાંભલી મારી દયા આવે, ને તારી દયા વટીક કબુલ રાખવાને હું કમકમું છું; પણ એ મેં જે ખમ્યું તે દરમ્યાંન ખોદા પાસ હાથ જોડીને તું કમીની ઓરત પર કીનો લેવાની મને તક આપવા મેં દુવાં ગુજારી હતી, ને પાક પરવરદેગારે મારી અરજનો હરફે હરફ સાંભલીને તેની પાક દયામાં મને તેણે પુરો ઇનસાફ આપ્યોછ, તે હવ કીનો લેવાની આએ તક હું જતી મુકવાનો નથી. જા, ઓ નાસજા,

નાલાયક, હું તુંને મારે આશરે લેવા ધીક્કારથી—કમકમાતથી ને દડાવથી ના પાડુંછ."

માંણેક ફોકેફોક રડી. તે રડીને ત્યાંજ તેના પગપર મરી જવા માંગતી હોય તેમજ તેના પગોને વલગીને રડી !

"તું શું મારા પ્યારને રમવાનું રમકડું જાંણેછ, ઓ કમસમજ ઓરત," તેણે તાણાજાંનીનો તે ગગડાત જારી રાખ્યો, "કે તું ચાહે ત્યારે તે પ્યારને છોડી આપે તે તુને ગમે ત્યારે તે પ્યાર પાછો માંગે ને મંજુર કરે ? નહીં. જેવી રીતે મેં તુંને ચાહીછ તેવી રીતે કોઇ મરદ કોઇ ઓરતને કદી ચાહશે નહીં, ને તેવા પ્યારને જો તારી મતલબ હતી ત્યારે તેં ઠોકડે મારયો તો હવે તારી દગાબાજ કાકલુદીઓનાં ખોટ આંસુઓથી હું દગાવાનો કે મનાવાનો નથી."

"અરે, તારૂં મયાલુ દીલ કેમ એટલું સંગદીલ થયું ?" માંણેક રડીને કકલાત કીધો. "કોણે તારી પરનો પ્યાર એટલો બધો ઉલટાવી નાંખ્યો ?"

"તેંજ," મંચીએ જોસ્સાથી કહયું; "જે થયુંછ તે બધુંજ તેંજ કીધુંછ, અને તેથી તારા સાથ અહીં થોભી વધારે વાત કરવામાં બી હું ગુનાહ માંનુંછ,"—અને તે જતો રેહતો હતો.

પણ માંણેક તેને પકડયો: તે તેનાં દીલને બાઝી પડી, અને અંતે મંચીએ એક નરમ આંચકાથી દીલ સખત કરીને તેને દુર કીધી અને તે અબલા જમીન ઉપર એકાંમ પછડાઇ પડી !

મંચીએ મામલો જોઇ તે ઓરડામાંથી નિકલી જતો ઉબર ઉપર એકાદ પલ થોભ્યો. તેણે શું કરવુ ? તેના પર દયા કરવી ? નહીં, બીજી પલે તે પાછું દીલ કઠણ કરી બાહેર જતો રહયો, ને પાસેના એક ઓરડામાં જઇ એક નોકરને હાંક મારી કહયું, "લાયબ્રેરીવાલા ઓરડામાં એક બાઇ મને મલવા આવેલાં અચાનુચ બેમાર થયાં છે. તેવણને ઘણી સંભાલ ને આબરૂથી હોસ્યાર કરીને તેવણની ગાડી સુધી પુગાડી આવ;"—અને નોકર આ અજબ જેવા હુકમ માટે તાજુબ થતો તે બજાવવા બાહેર ગયો પછી તે પોતે તે ઓરડાનું બારણું બંધ કરી બાજુમાંની એક ટેબલ ઉપર માંથુ નાંખી ઉંધે મસ્તક પડયો, ને ફોકેફોક રડયો!

પ્રકરણ ૧૮ મું.

માંણેકની તબીયત એકદમ બિગડી ગઈ, અને ઘેર આવતાં તે ભયભરેલી રીતે બેમાર થઈ! આ ઓચીંતો ફેરફાર ને માંદગી જોઇ બુઢો માંણેકજી શેઠ હેબત ખાઈ ગયો. તે માંણેકનો ઓહરાયલો સુકાયલો ચેહરો ને એટલો બધો લેવાયલો લુટાયલો હાલ જોઇ તદન થથરી ગયો, ને પોતાના વરસાંણુ ખાતા ડાકટરને તેણે ઝટ તેડવા મોકલ્યો. વલી ડાકટર આવે તે આગમચ તેણે પોતે માંણેકને પસવારી પટાવીને એ તેણીની અચાનુચ બેમારીનો સબબ પુછ્યો, ને ત્યારે તે પોતાના શેઠયા મમાવાના ગુસ્સા માટે કશા બી ડર કે દરકાર વના તેણીએ મરતે સાહદે કહયું, "હું મારા ભરથાર વગર ને તેવણના ખરા પ્યારના સહવાસ ને સધ્યારા વગર હવે જીવી શકતી નથી. હું તેવણને ઓહોબતી તેવણની માંફી ચાહતી તેવણના પગપર માંથુ મુકતી તેવણ પાસે જઇ આવી, પણ તેવણે મારી મીનતજારીઓનો તુચ્છકાર કરી તેને ચોકડે મારી. ઓ મીનુ, મીનુ, મારા ખાવદ," તેણીએ એક જીગરફાટ ચીસ પાડીને માતમ કરયું,—અને તે પાછી બેફાંમ થઇ પડી!

આ મામલો જોઇ બુઢો માંણેકજી શેઠ થથરી ગયો ને તે થરથર ધ્રુજવા લાગ્યો! તેણે ખાત્રીથી માન્યું કે માંણેક મરી જાએ છે, અને ત્યારેજ—તે ઘડીએ તેની આંખ ખુલી ગેઈ કે આ છોકરીના કમોહતનો તે અને એકલો તેજ એક ખુની તરીકે જવાબદાર છે અને રેહશે! આ ખ્યાલોએ તેને બેફાંમ બેખબરો બેઆખરો બનાવી દીધો. હવેજ તેને લાગ્યું કે જેમને ખોદાએ જોડું સાંધીને સદાનાં એક ને એકકાં કીધેલાં તેમને પોતાની નજીસ સુગ ને ખાનદાની ગરૂરીને માટે જુલમથી જુદાં કરવાનો તેનો ગુનાહ જબુન ઝેરી અને કારી હતો. તેણે એ ઉપરથી હવે આકાશમાં હાથ ઉંચા કરી તોબા કરી, અને પાક ખુદાની આજેજીથી દયા માંગી! ભલા સોહરાબશાહ સોલીસીટરની દરેક સલ્લાહ તેને યાદ આવી, ને હવે તેટલાજ કારી તીર માસાલે તેની છાતીમાં જખમ કરતી હતી!

માંણેકની બેમારી જોતાં જોતાંમાં વધતીજ ચાલી. તેની તાપ તડકાં પડે તેવી જોરાવર થઇ, ને તે બેજાંની તાપમાં તેના લવારા બકબકારા દરેમ્યાંન તેણે મંચીની ને મંચીનીજ જે ટગર કરી ને પોતાના મમાવાને જે કકલતી આંતરડીનાં લખો કદુવા દીધા—તેના પૈસાને જે શ્રાપ દીધા, ને તેની પાપની શીખવણી ફુરવણીની જે તાપની ઝુમમાં ફરયાદો કરી તે સઘલું સાંભલવું કેવલ ત્રાસદાયક હતું! તે સાંભલવાનુ તે ખાંનદાનની અને પૈસાની ગરૂરીના તોરમાં મરી રહેલા હેમક અને સુગાંત્રા શેઠયાને માટે ખરેખરૂ એક જીવતુ દોજખ હતું! જો એમ કહીએ કે કદમે કદમ તે ડોસો ચાલતાં હાલતાં અધઘેલા જેવો હવે તેથી પોતાનાં એ પાપની તાજેસ ને તોબા તોબા બોલતો રહયો તો તેમાં કશીજ સહેરાગત નથી.

માંણેકની માંદગી મટાડવા કાબેલમાં કાબેલ ડાકટરો ભેગા થયા, ને બધાઓએ ગમનીનીમાં ડોકું હલાવી માંણેકની આશા મુકાવી. તે બાપડી બચે એવું કાંઇજ ન હતુ. "એને આખી દુનીઆની દવા બચાવશે નહીં," મોટા ડાકટરોનું મત હતું. "એની છાતીમાં જે ગમ છે ને એનાં બેજાં પર જે ભાર છે તે જો દુર થાએ--તેનું મુલ કારણ જે હોય તે જો નાબુદ થાએ તોજ એ બિચારી બચશે, નહીં તો એનું એક અઠવાડયું બી આએ હાલતમાં જવાનું નથી."

તે લવતી-બકતી-બોલતી બિછાણાંમાં એકાંમ પડી હતી! ખાવા પીવાનું વટીક કાંઈ ચાલતુ ન હતું. તે બિચારીને તેની આસપાસની દુન્યાની સુદ્ધિજ ન હતી!

એ મામલો જોઈ માંણેકજી શેઠે જે ખરાં દીલથી કકલીને તેવલાત કરયો તેનું શું બ્યાંન કરશું? તેણે ખાવા પીવાનું છોડી દીધું, ને રાતને આરામ વટીક તજી દીધો, જે સઘલું તેની હવે છેકજ જઇફ અને નાતવાંન અવસ્થામાં તે સહન કરી શકે તેથી જ્યાદા ને વિશેષ થઈ પડયું!

એમ કરતાં એક સહવારે માંણેક અચ્ચુચ્ચ અતીઘણી હોસ્યારીમાં આવી—ડાકટરોએ કહયુ કે તે મરતી વખતની છેલ્લી હોસ્યારી હતી!—અને એ હોસ્યારીમાં તેણે પોતાના મમાવાને એકાંતમાં મલવા માંગ્યુ, તેને પોતાની પાસે તેડાવ્યો.

તે ડોસો ધ્રુજતો લખલખતો તેની સામે જઇ ઉભો ! "મમાવાજી," તેને બોતાંજ માંણેકે કહયું. "મને લાગેછ કે હું હવે બચવાની નથી. આજનો હલ્લો મારો છેલ્લોજ છે."

"મારી દીકરી રે, તું એમ ના બોલ," તે ડોસાએ તેની છાતી પર માંથુ નાંખી રડી દેતાં કહયું. "તું મરશે તો હવે હું બચ્ચીત જીવવાનો નથી. અરે અરે, મારા ત્રણ ત્રણ જવાંન દીકરાઓનાં ગમખાર મોહોતના ગમનાં ગરમ આંસુ હજી મારી આંખમાંથી સુકાયાં નથી, તારી માય પીરોજાને વાસ્તેનું માહેતમ કરતો હજી તો હું બંધ પડયો નથી, તેટલાં મારી જીંદગીના એ ચેરાગ, તું તારા મરતા મમાવાને એવી દુવા ના માંગ ! શું હું મારાં દીકરા દીકરીઓને મારી આંખ સામે ટપોટપ મરતાં જોવાની જફાને વાસ્તેજ આ જેહાંનમાં જીવુંછ ?"

"મમાવાજી," માંણેકે ઘણી જેહેમતથી કહ્યું, "તમારી કરણી ખરેખર ઘણી ભુંડી છે. તમેજ મને આવી પાપી ને ગુનેહગાર બનાવી. મારા ગરીબ અસીલ ને રાંક વરથી તમેજ મને લલચાવીને નાહેક જુદી કીધી.હવે હું મરી જાઉંછ તો મને કેહો જે એ મારાં મોટાં પાપને વાસ્તે મારા ખુદા સામે હું શું મોંહું લેઇને જાઉ ? તેના ઈનસાફ વખતે હું મારા બચાવમાં તે સાહેબને શું કેહું ? તેને મનથી તો ગરીબ ને તવંગર બધાં એક પંકતીનાં ને સરખાજ દરજ્જાનાં છે, તો મારા વરની ગરીબીને હેંકારથી હીણીને તેને તજી દેવાનાં તમે કરાવેલાં મોટાં પાપના બચાવમાં હું શું કેહું ?"

વે ડોસાએ કશો જબાબ કરયો નહીં. બસ માંણેકની છાતી પર માંથુ નાંખીને એક બેતાકાત બચ્ચાં પેરે તે બેઅખ્ત્યાર રડતો હતો !

"મમાવાજી," માંણેક તો જાંણે પોતાની મરતી ઘડીએ હવે તેને બી પોતાનાં વેરમાં મારવાજ બેઠી હોય તેમ બોલી, "એ પાપનો ઝુમો મારે એકલીને સર નથી એમ તમે તમારે મોંઢે કેહો, ને ત્યારેજ હું જરા બી સંતોશથી મરશ. એ મારાં પાપના તમે એકલાજ જવાબદાર છેઓ એમ મને તમો તમારેજ મોંઢે મારી મરતી ઘડીએ કેહીને મને સધ્યારો આપો ?"

"દીકરી, મને માંફ કર," તે દોસાએ પોતાના ધ્રુજતા ને જોડેલા હાથ પાછા ઉચે આકાશ ભણી ઉંચા કરતાં કહયું. "હું જોઉછ કે હું ખરેખર તારો ને તારા વરનો અપરાધી છેઉં. હુ ઘણો ગુનેહગાર છેઉં. અફ્સોસ કે મેં સોહરાબશાહનું બી કાલાવાલાથી કહેલું માન્યું નહીં. હું તારો ને તારા વરનો ખુંની છેઉં, ને તેથી તું કહેં તે તોજેસ કરવા હું તૈયાર છેઉં, મારી દીકરી!"

"ત્યારે તો, વ્હાલા મમાવાજી, તમે હજી બી એક પુનનું ને ઇનસાફનું કામ કરો," માંણેકે માંગી લીધું. "મારા ડોલા છે તેટલાંજ તમે મારા મીનુ પાસે આજે દોડતા જાઓ ને તેની માંફ માંગો, ને મારી મરતી વેલાની મારાં સાચાં દીલની તેનાં ભલાંને માટેની હાથ જોડીને કરેલી દુવા બંદગી તમે તેને કેહી ને પુગાડી આવો! તમો આવશો ત્યાં સુધી મને જીવાડવાની ખુદા દયા કરશે.",

તે બુઢાએ પોતાનાં પસ્તાતાં જીગરની જબજા ઉશ્કેરણીઓ હેઠલ આ વાત એકે બોલે કબુલ કરી. તે બુઢાએ માંણેકનો મીલ—મજુર ભરથાર મીનુ હાલમાં કેવો મોટો માણસ થવા પાંમ્યો હતો—હાલમાં તે કેવો પૈસાવાલો ને સુખી થઈ ગયો હતો તે સઘલા અજબ જેવા સમાચાર અજાયબીથી દાંતમાં આંગલાં પકડીને સાંભલ્યા. તેને એ વાતમાં બી કાંઇજ નહીં પણ ખુદાની દયા ને તેના નીરમલ ઇનસાફ્નોજ અગત કરીને ભાસ થયો. તેનું પોતાનું પાપ ખુદા વટીક ખમી શકયો નહીં તેથીજ તેણે એ ગરીબ મીલ—મજુરની દયાથી એટલી બધી દાદ લીધી, ને તેને શ્રીમંત ને નામાંકીત બનાવ્યો એમજ તેની ખાત્રી થઇ. આથી તે બની શકે તો વધતો ધ્રુજયો—વધતો ગભરાયો, ને તરત ગાડી જોતરાવી માંણેક પાસ તેનું નામ નિશાંણુ મેલવી લેઇ તેની માંરી રાહોધતો ને તેને મીનતજારીથી મનાવતો તે મલવા ગયો!

* * * *

ફરી એકવાર મંચીને તેના નકસાઓ ને તેના સંચાઓ સાથના અભ્યાસમાં ખલલ થઇ, અને બીજી પલે તે સુગાંત્રો શેઠયો તેની સામે આવી એક અરજદાર કીસમે ઉભો!

તેઓ રૂબરૂ મલ્યા,—તે હીણુનાર અને તે હીણાયલો ગરીબ! તે હુંકારી અને હેંકારનો ભોગ! તેને ગરીબ જાણી તે હીણુનાર હેંકારી પોતે ચાલીચલાવીને પોતાના હેંકારની સજામાં તે હીણાયલાને પગે પડવા આવ્યો, પોતાની જઇફ અવસ્થા અને મુરબીના દરજજ્ન છતાં તે લાયક જવાંનની માંફ માંગતો ને માંફી સોહોધતો આવ્યો એમાં, પ્રિય વાંચનાર, શું ખુદાઇ ઇનસાફ પ્રદીપ પ્રગટ પડતો નથી?

મંચીને તેની મોહરદારની માંદગીની કશી ખબર ન હતી. તે તેણીની સાથની છેલ્લી મીલાકાત પછી જેમ બને એમ જલદી મુંબાઈ છોડી જવાની તૈયારીમાં હતો, તેટલાં પોતાની મોહરદારના મમાવા જઇફ માંણેકજી શેઠ સાથ આ નહીં ધારેલી તેની એક રૂબરૂ મીલાકાત થવા પાંમી! તે તેને જોતાને પોતાની ખુરસી પરથી તે સુગાંત્રા શેઠ્યાની જઇફીને માન આપતો અદબથી તરત ઉભો થયો, અને ઉદાર સભ્યતાથી તેણે તેને બાહારમન પોતાની પાસે એક ખુરશી ખેંચી બેસાડયો.

અને બેસતાં બેસતાં માંણેકજી શેઠ સેકન્ડમાં પોતાનો હાથ લાંબો કીધો. "હું તમારો ઘણો તકસીરવાર છું, મી○ મંચેરજી," તેણે ઘણી ગમખારીથી કહયું. "મેં તમારૂં ખરેખર ઘણું બુરૂં કીધું છે, અને હું અતીઘણી ઓજરખાહી સાથે તમારી પાસ માંફ માંગતો આવ્યો છું."

"સાહેબ," મંચીએ રોબવંતા તોરથી કહ્યું, "વરસોના દરમ્યાંનમાં તમે મારૂં એટલું બુરૂં કીધું છે કે તે માંફ માગવા ને માફી બક્ષવા જેવો અપરાધજ નથી. મેં મારીમોહરદારને જે કીસમના પ્યારથી ચાહી છે તે કીસમે કોઇ મરદ કોઈ ઓરતને કદી ચાહી શકવાનો નથી. તે છતાં તે મોહરદારને ફક્ત તમારા પૈસાની ગરૂરીમાં મને ગરીબ જાણીને કચડી નાંખીને તમે વગર દયા અને વગર ઇનસાફે લુટી લીધી, એટલુંજ નહીં પણ મારાં બચ્ચાંને વટીક મારી ગોદમાંથી તમોએ છીનવી લીધું, અને મારી લાગણીઓની બલકે મારી જીંદગીની બી ફક્ત હું ગરીબ હતો તેથી હેંકારીનાં તુચ્છકારમાં તમે એક લેશભાર પરવાહ કીધી નહીં."

તે જઇફ માણસે અત્યંત ગમખારીની નામોસીમાં ફક્ત પોતાનું સર નમાવ્યું!

"હું ઘણો મગરૂર માણસ છેઉં, દીકરા," તેણે પછીથી કહ્યું, "અને મારા માનવત બાપદાદાઓએ કે મેં આજવેર આવી ફીસમે કોઈની માંફ કદી માંગી નથી. તું આજે તો ઘણો ધનવાંન થયલો છે, પણ મારાં પાપની ગીરફ્તારી જોવા ને જાંણુવા પછી આગલ જે મીસકીન ઝુંપડીમાં તું હતો ત્યાં બી આજે તું હોતે તોબી હું તારી આએજ ફીસમે ત્યાં આવીને માંફ માંગતે ! જો, હું મારી પાઘડી ઉતારીને તારા પગ પાસે મુકીને માંફ માંગુછું,"—અને એમ કેહતાં તે તાસ્લંત અને સદાના સુગાંત્રા શેઠીઆએ—પોતાનાં માનપામેલાં કુટુંબનાં નામની નોંક જાલવવાના ગરૂરીભરયા ચડીઆસમાં મરીચરી રહેલા તે ધનવાન લખોપતીએ પોતાને માંથેની પાઘડી ઉતારીને મંચીના પગ ઉપર મુકી !

મંચીએ તે ઉપાડીને તેને પાછી આપી.

"દીકરા, તું જાણુતો નથી," તે બુઢાએ ફોકેફોક રડી દઈને કહ્યું, "કે માણેકને તારી પાસ આવી ગયા પછીની ભેજાંની સખત તાપ લાગુ પડી છે, અને તે બીચારી હાલમાં મરવા સુતી છે."

"ખરેખર?" મંચીએ અજાએબીમાં ફાલ ખાઈને ચમકી ઉઠતાં કહ્યું.

"હા, ખોદા સાહેદ છે કે હું ખરૂં કેહુંછું," તે ડોસાએ ઘણાં દુ:ખથી કહયું. "તે બીચારી કાલનો સુરજ જોવા જેટલું બી જીવવાની નથી એમ ડાકટરો મત આપી ચુકયા છે."

"ત્યારે મોતમાં માંફીની મના હોવી ને રેહવી જોઈએ નહી," મંચીએ ઉશ્કેરાઈને એકદમ દડાવથી કહયું. "ચાલો, હું આવુંછું; મને માંણેક આગલ લઈ જાવો;"—અને તે તૈયાર થવા જતો હતો, પણ માંણેકજી શેઠે તેનો હાથ પકડી તેને રોકયો.

"તુ એક વખત મને કેહ, દીકરા, કે તેં મને માફ કીધું છે," તેણે માંગી લીધું. "હું તારી માફીનો તલબગાર છેઉં."

"હું તમોને માંફ કરૂંછું," મંચીએ દુ:ખી—ધીમે—ગલગલતે સાદે કહયું,—અને પછી મરવા સુતેલી માંણેકને છેલ્લીવાર મલવા જવા તે આંખોમાં આંસુ સાથે તૈયાર થવા ગયો !

પ્રકરણ ૧૯ મું.

તે માંદગીના—બલકે મોહનના ઓરડામાં મરવા સુતેલી માણેકનાં બીછાણાંની ઓરડમાં તે એકાંમ પડેલી અથવા ઉંઘતી અબલાના સોહ-રાયલા સુકાયલા ચેહરા ઉપર આતુરતાથી ટીકતો મંચી એકલો ઉભો હતો! તેઓ ત્યાં આવ્યા પછીથી તે વરબાઇએરને એખલાં મેલવવાના દાનાવ હેતુથી તે જાઇફ શેઠીઓ બધાંને બાહર મોકલીને પોતે બી તરત બાહર ગયો હતો, અને તેથી તે વિયોગી વર વહુ આ એકાંતમાં ભેગાં મ ળ્યાં હતાં.

મંચી તેના ચેહરા તરફ દુઃખી આતુરતાથી ટીકતો ઉભો હતો, અને તેવામાં તેને લાગ્યું કે જાઇએ તે કરતાં તે તેના જોડે અતીઘણો વધારે સખત થયો હતો. તેણે પોતે જે ખમ્યું હતું તે સર્વ તે ભુલી ગયો, અને ફકત માંણેકને માટેનો તેનો સર્વોપરી પ્યાર પાછો તેનાં મન ઉપર સરસાઇ મેલવવા લાગ્યો. તેણે એમ જોયું કે પૈસાથી અ-જાણને માંણેક તેને તજી ગઇ હતી ખરી, પણ તે વખતે તે તદન બા-લક અને નાદાન હતી. વલી વધારે જોસથી તો તેણે એ યાદ કર્યું કે કોઈ બીજાના ગલીચ કે પાપી પ્યારને વાસ્તે તે તેને તજી ગઈ ન હતી, એટલુંજ નહીં પણ છેકના છેડા સુંધી તે ફકત તેના અને તેનાજ પ્યા-રને વફાદાર અને સાચી રહી હતી, અને તેજ પ્યારને વાસ્તે જ્યારે તેણે તેને મના ફરમાવી, ત્યારે હવે તે એકદમ મરવા સુતી હતી! પૈ-સાના પાપી લોભની પોતાની એકજ ભુલના બદલામાં તેના પ્યારને ખાતર માંણેક પોતાનો જાન વટીક હવે તેનાપર સદકે કરતી હતી; અને ત્યારે તેણે એથી અધીક તે તેણીથી શું આશા રાખવી જોઇએ? એટલામાટે તેની નજર ઉઘડી કે તે માંણેક સાથે વગર જરૂરે હદવ-નાની સખતાઇથી વરત્યો હતો, અને ત્યારે હદવનના બલાપા અને પસ-તાવા વચ્ચે તેણે વાંકો વલીને ઉંઘતી માંણેકનાં ફીકાં ઠંડાં કપાલ પર પ્યારની એક ચુમી લીધી!

એ ચુમીથી ચોંકીને તે મરવા સુતેલી અબલા જાગી ઉઠી, અને

તેણુ તરત આંખ ઉઘાડીને જોયું! "ઓ મારા, મીનુ! મારા મીનુ!" તેણે મંચીને ઓળખી તાકી તાકી અને અતીશય અચરજમાં આવીને પુછ્યું.

"હા, પ્યારી, હુંજ છઉં," મંચીએ તરત ધીરજ આપી, "અને હવે હું પોતે માફ માંગવા ને સલાહ કરવા તારી આગલ આવ્યો છું."

"ઓ મીનુ, ઓ મારા મીનુ," તે પાછી પટપટી,—અને પછી તેહીની નબલી પડી ગયલી આંખો તરત પાછી વીંચાઇ ગઈ!

શું તે મરી ગઇ? ના! તે પાછી બેફામ થઈ હતી! આ હદવનાતી ખુશાલી તેની નાકૌવત ને નબલી હાલતમાં તે ખમી શકે તેથી જ્યાદા થઇ પડવાના સબબે તે હરખથી આનેજ થઇને બેફામ બની ગઈ!

છેલ્લે, હવે કેહવાનું શું રહ્યું છે? મંચીના પાછા સપુરદ થયલા પવાલ પ્યારે તે મરવા સુતેલી અબલાને જાનથી જતી બચાવી! તેઓએ અરસપરસ માફ માંગીને એકમેકને માફ કીધું, અને દસ વરસનો એક દયાંમણો દરામણો ખાબ જોઇને તેઓ જાગી ઉઠયાં હોય તેમજ ખુશીની હસીમાં હસતાં, સંપના આશીરવાદ પામેલાં પવીત્ર સુખ સાથે તેઓ પાછાં એક થયાં! ફરક માત્ર એટલોજ હતો કે તેઓ એ ખાબની આગમચ પૈસેટકે તમામ નીરધન અને કંગાલ હતાં, અને દસ વરસે એ ખાબમાંથી પાછાં જાગ્યાં ત્યારે પૈસેટકે સુખી અને આબાદ હતાં!

મંચીની બરદાસ્તભરી દેખરેખ હેઠલ માંણેકની તબીયતમાં મનમાનતો સુધારો રોજ બરોજ થતો ચાલ્યો. ઉપર કેહવા મુજબ મોટા ડાકટરોએ અવલથી જે મત આપ્યું હતુ તેજ માત્ર ખરૂં પડયુ, ને તેનાં મનની બેમારીનું મુલ કારણ દુર થઇ જવાથી તેનો જાંન આંસાંની સાથે બચાવી શકાયો!

તે રીસાયલાં વરબૈયર એકઠાં થયાં ત્યારે મુકતાદના પવીત્ર દીવસોનો હીંગામ હતો, અને એ ધરમ અને ખેરાત કરવાના તે યોગ્ય ને પવીત્ર અવસરનો લાભ લેઇને પોતાની ભુલ બલકે પોતાનાં અઝીમ પાપ માટે પસતાતા માંણેકજી શેઠે પોતાની પુંજીમાંથી પચાસ હજાર રૂપીઆની એક ઉદાર રકમ જુદાં જુદાં ધરમખાતાંઓમાં તેમની હાજત

અને અગત પ્રમાણે મોકલી આપી. વળી માંણેકની જીંદગી બચવાની અને તે રીસાયલાં વરબૈયર ખરાં સુખમાં પાછાં એકઠાં મળવાની ખુસાલીમાં પોતાને ત્યાં બીજી અનેક ચાહગાર ધામધુમો તેવણે કીધી, કે જે તેઓની નેક હીલચાલોમાં હવે બારે સંતોષ પાંમીને ખરાં દીલથી ખુશી થાતા તેમના પેલા અતી ભલા અને લાયક સોલીસીટર સોહરાબશાહે પોતાની દીલસોજ મદદનો ખુશાલ હીસ્સો આપ્યો. ત્યાર પછી નઉરોઝ (પટેટી?) નો સુભાગ્ય દીવસ આવ્યો, કે જે બખ્તાવર દીવસે પોતાના વ્હાલા ભરથારનો મોહબતવંતો ટેકો લેઈને માંણેક પેહલવેહેલ્લી પાછી ટેબલ ઉપર જમવા આવી, અને તે અને તે પછીના દીવસો મંચી અને માંણેક તેવાંજ બુલંદ સુખમાં અને ખરા સંપમાં ગુજાર્યા, કે જેનું એક ખુશાલ ચિત્ર પોતાની ચતુર ચશ્મોમાં કલ્પી લેવાનું કામ અમારાં સુજ્ઞ વાંચનારાંઓનેજ સોંપી, આ નવાં બેસતાં વરસની એક મુબારક હમાજોર સાથે તેમને સઘળું ભલું મુબારક ને ચાહતાં અમો હવે અમારી અદના પેન બાજુ મુકી તેમનાથી રૂખસદ લેઈશું.

સમાપ્ત.

જાહેર ખબરો.

હારવર અને સન.

પ્રજાને જાણીતા અને ખાતરીદાર મરી, મસાલો, ચા, કાફી સરકો, અચાર, વિગેરે વિગેરે પુરૂં પાડનારા વેપારી.

કારખાનું—ધોબીતલાવ.

બ્રાંન્ચ—કોટ, તરકારી બજાર; તેમજ વાચ્છાગાંધી બીલ્ડીંગ્સ, બજારગેટ. પૈસા ખરચી જેને જોઇએ તેવો માલ હરકોઈ આદમી ખરીદી શકે છે, પણ જેટલા પૈસા ખરચો એટલો મુલનાં પ્રમાણમાંજ માલ મલ્યો કે નહીં તે જાણવાને માટે ઘણાજ થોડા દરકાર કરે છે. હવે અમારે ત્યાં જે બી માલ લેશો તે પુરેપુરાં દામનો જરૂરજ મલબાની ખાત્રી રાખવી. એક વાર અજમાવી જોશો તો તુરત ખાતરી થશે. અમારી જાંણીતી બ્રોકન મીકશચરનું ગોવાળી લેબલનું કીટલી છાપનું પડીકું દરેક જણ વાપડી સંતોષ પામ્યું છે. કીમત. ફકત રૂ ૦ાા. વધુ માટે પ્રાઈસલીસ્ટ જોવાં.

કાગલ પત્રો—ધોબી તલાવ પોલીસની પાસે મુખ્ય કારખાને લખવાં. હમારૂં કારખાનુ એનજીન બલથી ચાલે છે, જે એકવાર નજરે જોવાને દરેક કદરદાંન ઘરાકોને અરજ કરવામાં આવે છે.

હારવર અને સન,
ચા, કાફી, વિગેરેના વેપારી,
મુંબઇ.

ક્યાની કું.

કોટ,-ઈંગ્રેજ-બજાર,—મુંબઈ.

કારખાનું,-સ્વીટ્ઝરલાંડમાં,—લોદક્ા.

હમે અનેક જાતનાં અને અનેક કીમતનાં ઘડીઆળો બનાવીએ છીએ, અને આખાં હીન્દુસ્થાનના એક છેડેથી બીજે છેડે સુધી ઘણ-એક વપારી તથા ઘડીઆળીઓને પુરાં પાડીએ છીએ. તેમાં હલકી, મધમ, ભારી, ઉંચી, તથા અતી ઉંચી ઇ. અનેક જાતનાં અને અનેક કીમ્મતનાં ઘડીઆળો છે, પણ તેમાંથી આ નીચલી જાતોની હમે ખાસ ભલામણ કરી શકીએ છીએ.

મેટલનું, ઓપનફેસ, જાડા કાંચ તથા જાડા કાંટા અને આંકડાવાળું કીલેસ, સીલીડરનું Rockfort "રૉકફૉર્ટ વૉચ" સુંદર. મધમ કદનું એનામ્લ્ડ એટલે કોડીની ડાયલ તથા નાના સેકંડના કાંટા સાથનું. અંદર બાજુએ રેસમી સાટીનથી મઢેલા ડાબડા સાથે	દર નંગ રૂ૦ ૭)
ઉપલાંનાં જેવુંજ પણ લીવરનું અને વધુ મજબુત Hardy "હારડી વૉચ,"-ઉપલાંના જેવાજ ડાબડામાં.	રૂ૦ ૯ાા
ઉપલાંનાં જેવુંજ લીવરનું પણ ૧૯ લાઇનનાં મોટાં કદનું અને અતી મજબુત તથા બહુજ ખારીદાર Pantoon "પનટુન વોચ" સેકંડના કાંટા સાથનું, ખાસ ઉંચી બનાવટનું આ ઘડીઆળનો જોડીયો એની સવાઇ કીમ્મતે પણ મળનાર નથી.	રૂ૦ ૧૨ાા

એ ઉપરાંત બીજા અનેક કીમ્મતનાં મેટલનાં,-રૂપાંનાં,-તથા સોનાનાં ઘડીઆળો રૂ. ૩ થી તે રૂ. ૩,૦૦૦) સુધીનાં.

એક પોસ્ટ કાર્ડ લખી મોકલવાથી મુંબઇમાં ઘર બેઠાં પોંહચતો કરવામાં આવશે. દેશાવર ખાતે વી. પી. (*V. P.*) થી ટપાલ મારફતે મોકલવામાં આવશે. ન પસંદ પડે તો જો બે દીવસની અંદર, પાછું મોકલે તો ઘડીઆળ પાછું રાખી લઇ પૈસા પાછા આપવામાં આવશે, પણ એવી રીતે પાછું મોકલવા અગાઉ ઘડીઆલ ખીસામાં મુકી વાપરેલું અથવા ઘસા પાડેલું અથવા કાંઇબી રીતે ખરાબ કરેલું હોવુ ન જોઈએ.

જરથોસ્તીઓને અગત્યનું પુસ્તક!

ખોરદેહ—અવસ્તા—ગુજરાતી—બેતોમાં.

જેમાં યથા, અશેમ, સઘલી ગેહો, નીઆયસો, નમસ્કારે, પતેત, તથા જરૂરીઅત ભણવામાં આવતી છ યશતો સારી રૂચનાથી રચાયલી બેત બાજીમાં નાહનાં કદની ચોપડીમાં છપાઈ છે.

નસરવાનજી ધનજીભાઇ સુરતી,
ચોપડી વેચનાર—બોરાબજાર, કોટ. મુંબઈ.

મોતીના દાગીના.

અમારે હસ્તક મોતીનાં રાયફુલો, બાંગડી, યરીંગ, બાલી, બુતી નથ, નેક્લેસો, વીગેરે તમામ જણુસો આઈતી તૈયાર મલશે, અથવા, આરડર મુજબ ઘણીજ કીફાયતથી તૈયાર કરી આપવામાં આવશે. મોતી તમામ ચોખ્ખું અને વેલાત બરનું આવ્યું છે. અમોએ છેલ્લાં બે ત્રણ વરસમાં હીંદુ તેમજ પારસી ટેસ્ટને અનુસરતો એ કીસમનો હજારો રૂપીયાનો માલ મુંબાઈ તેમજ દેશાવર ખાતામાં વેચ્યો છે, અને માલનાં મુલ તેમજ જાત (Quality) વીશે સર્વ લેનારાઓને સંપુર્ણ સંતોષ મલ્યો છે.

વેચાંણનાં સંબંધમાં સરત એ છે કે કીંમતનાં પુરાં નાણાં લઇને માલ ચાર દીવસ સુધી પતીજ અને પરીક્ષા કરાવી લેવાના મતલબથી લેનારાઓને ધીરવામાં આવે છે, અને માલ મુલ પ્રમાણે ન અંકાય તે તે મુદતમાં લેનારની મરજી થતે માલ પાછો લઈ કીંમતનો અવેજ તેમને પાછો આપવામાં આવે છે. ચાર દીવસ થઈ જવાથી સાદું પાકું થયલું સમજાશે.

છુટું મોતી, ગામ સહી તેમજ વેલાત બરનું, જોઇએ તેવી કીંમતનું એજ કરારથી અમારે હયાં મલી શકશે.

એ સઘલો માલ મુલનાં પ્રમાણમાં અતી ઘણો સસતો ને કીફાયત છે, જે વીશે તે નજરે જોવા યા કીસબી ઝવેરીઓ મારફતે અંકાવી લેવાથી તુરત ખાત્રી થશે. રાયફુલ બાંગડીઓ વીગેરે દાગીના પારસી ટેસ્ટને પેશ પડતા તે ઘણાજ શોભીતા બનાવ્યા છે કે, જે કીસમની કીફાયત ને ખાત્રીપુર્વક ખરીદીની તક કાંઇ વારંવાર હાથ આવી શકતી નથી.

બહમનજી નવરોજજી કાબરાજી,

૭૧, ફ્રીઅર રોડ કોટ.

પરચુરણ ઘર સંસારી સામન.

અમારે ત્યાં વેલાતી દવાઓ, સીલોન, કલકત્તા તથા ચીનાઈ ફરમાસુ ચા, ચોખી આખી તેમજ દળેલી કાફી, સુખડ, લોબાન, અગર, પુનાનો સોજ્જો ગુલકંન, તથા દરેક કરીઆણાની જણસો વિગેરે વિગેરે અતીઘણા કીફાયત ભાવે મળશે.

ઘરાકોને અમો નમ્રતાપુર્વક અરજ કરીએ છીએ કે ફકત એક વખત અમારી દુકાનની ભેટ લઈ પોતાની ખાતરી કરવી.

લેહેરચંદ સરૂપચંદ,

નંબર. ૧૧૨, ગનબાવા સ્ટ્રીટ, કોટ, મુંબાઈ.

☞ બાહાર ગામના ઓરડરો ઉપર ખાસ સંભાલ ને તાકીદનું ધ્યાંન આપવામાં આવશે.

વેનીલાનો હલવો.

નામ વાંચીને લેજો !

આખાં મુંબઈ શહેર તથા હિંદુસ્તાનમાં જાણીતી થયલી ગોવંદજી વસનજીની મીઠાઈની દુકાને આવો, કે જ્યાં સર્વ મીઠાઈ સોજાં ઘીની તથા દુધની ફરમાસુ મલે છે.

અમારી દુકાન માટે "જામે"–"રાસ્ત"–"કયસર" "ગુજરાતી"–"સત્યમિત્ર"–"ફુરસદ"–"માસિક" વગેરે દેશી છાપાએ ઉત્તમ મતો આપ્યાં છે.

એકજ વખત તસ્દી લેવાની અરજ કરવામાં આવે છે.

બાહેરગામ વાલાઓએ પૈસા ઓરડર સાથે મોકલવા.

ગોવીંદજી વસનજી,

ગીરગામ રોડ, નાના શંકર શેઠના ઘર પાસે.

જતો રહે છે:—

માથાનો દુખારો! પછી તે ગમે એવો સખતમાં સખત હોય તો પણ **“ઇન્સટંટ હેડ-એકક્યુર”**નાં **વેફર** ખાધાથી તુરત દફે થાય છે. એ દવા બીલકુલ કડવી લાગતી નથી, [illegible] **પીત્તવીકાર,** હીસ્ટીરીઆ, નબળાઇ, માંદગી યા બીજા કોઇ **પણ કારણથી થતા** માંથાના દુખારાને તાબરતોબ દફે કરે છે. ૧૨) વેફરનાં **પેકના રૂ** ૦ાા.

જોઇએ છે:—

ખાવીંદો, કે જેઓને પોતાની મોહરદારના બાલ **હમેશાં** કાલા, સુવાલા અને ચલકતા **રહે તેની કાલજી** હોય. તેઓએ પોતાની મોહરદારને જેમ્સ કું. નું “ટ્રોપીકલ હેર બ્રુશ” જરૂરજ અપાવવું જોઇએ. એ લગાડવાથી બાલ રેશમ જેવા નરમ અને ગોલાબ જેવા પમરતા થઇને ઘણા વધે છે; ઉપરાંત ખોરો તેમજ માથાંનો દુખારો દફે થાય છે. જેમ ઘેરનો સંગાર સ્ત્રી છે તેમજ સ્ત્રીનો સંગાર બાલ છે.સીશી નો રૂ ૧)

“સેનીટાસ ડીસઇનફેક્ટંટ.”

એક પાઇંટ પાણીમાં બે ચમચા સેનીટાસ રેડીને ઓરડામાં, મોરીમાં, ગટરમાં ઇ. ઠેકાંણે છાંટવાથી કોઈ પણ જાતનાં ઝેરી જંતુઓ તેમજ તેમનાં બીઆં અને અસર જડમુળથી નાશ પામે છે; ગમે તેવો ખરાબ વાસ દુર થાય છે, અને મચ્છર વગેરેનો ઉપદ્રવ સદંતર નાબુદ થાય છે.

કીં૦ એક ગ્યાલનના લોખંડના દબાની રૂ ૨. સીશીના રૂ ૦ાા

જેમ્સ મેન્યુફેક્ચરીંગ કું., કેમીસ્ટ કં૦,

કાલબાદેવી રોડ,—**મુંબઇ.**

ભવિશ ! ભવિશ ! ભવિશ !

યુરોપના ધોરણે તથા દક્તા સાયનસથી ભવિશ જોવાની ઓફીસ; બાહારકોટ અબદુલરેહેમાન સ્ત્રીટમાં ડાકટર ડાયસની સામેના ઘેરમાં, બીજે માલે. આડે દાહડે કલાક ૪ થી ૫॥ સુધી અને રવીવારે ૨. થી ૪ વાગા સુધી પુછવું. ઘણાંક વરસો સુધી અજમાવ્યા પછી છેલ્લાંમાં છેલ્લી સોધ પ્રમાણે યુરોપના જોતીશથી ટપકાએ અથવા વગર ટપકાએ તમારાં ભવિશમાં બનતા બનાવો કેહેવામાં આવશે. જેના ટપકા બરાબર નહીં હશે તે શુદ્ધ બનાવી આપવામાં આવશે. નાણાં સંબંધી અથવા વેપાર સંબંધી કે કજીયા સબંધી કાંઈબી પ્રકારની ગુચવણમાં આવનારાંઓએ વગર વખત ખોહવે હમારી સહલા લીધાથી તેઓનો ઘણો બચાવ થશે, કેમકે તેઓનો ભવિશનો સારો તેમજ ખરાબીનો વખત તરત કહાડી આપવામાં આવશે. ઘણું લંબાણ થવાના સબબથી અતરે ફકત થોડાક સવાલો ટાંકી બતાવીશું:—જીંદગીની ઉમરનો બાયગસાલી ભાગ, નાણાં સંબધી મુશકેલીનો, મીલકતની ખરીદીનો, વારસાનો, લગન સંબંધી, છોકરાંને લગનો, વેપાર કીધો તેમાં નફો થશે કે? ઉછીનું નાણું મલશે કે? પરીક્ષા પસાર થશે કે? કોઈ બી જાતનાં વાંધાનો અથવા દરદાવાનો શું નીકાલ આવશે, મારૂં કાગજ આવવાનું છે તે કીયે દાહાડે આવશે, કોઈબી માણુસ પોતાનાં ઘેરમાં છે કે? તથા મેડીકલ એસતરોલોજીથી કોઈબી આજારી માણસને શું દરદ છે તે તથા તે સારો થશે કે, તે હાલના દાકટરની દવાઈથી સારો થશે કે? વગેરે. અતીયાર સુધીમાં જે લોકોનાં કામો થઈ ગયાં છે તેની સરતીફીકેટો જોવા માંગવાથી બતાવવામાં આવશે. દેસાવરથી કાગજ લખનારાંઓએ જવાબ સારૂ તીકીત બીડવી. રૂ. ૫-૩-૨-૧-૦॥ સવાલોની અગત પ્રમાણે લીધામાં આવશે.

ર. ર. એદલજી.

જાહેર ખબર.

હમો સરવે ખાસવઆમને જાહેર કરીએ છીએ કે હમો **હરસ** તથા **મસા** અંદરના તેમજ બહારના વગર અગન બલવે તથા સેહેજબી ઈજા વગર ફકત દવા લગાડીને ખેરવી નાખીએ છીએ, તેમજ બીજા બીકટ દરદો જેવાં કે **નાશુર, ભગંદર, કંથમાલા, પાથાં**, તથા **ગરમીથી** થતાં અનેક **બુરાં દરદો** તેમજ કોઇપણ રીતનું **ધાતુનું જવું** તથા **કમજોરી** તથા એ વગેરે બીજી અનેક બીમારીઓનો ઈલાજ કરવામાં આવે છે જે માટે એક વખત મુલાકાત લેવાથી ખાતરી થશે.

" ગોનોકયુરા " નામની ખાસ અકસીર દવા.

આએ દવાની એક શીશી વાપરવાથી લાંબા વખતનું ખરાબ દરદ તથા તેનાથી થતી અનેક વેદનાઓ ફકત સેહેજ વખતમાં નરમ પડે છે. એ દવાથી સેંકડો દરદીઓને આરામ થયો છે. અને લાંબા અનુભવ પછી એ દવા બહાર પાડી છે. તેથી જેઓ એ દરદથી પીડાતાં હોય તેઓને હમો સખત ભલામણ કરીએ છીએ કે તેઓએ જરૂર હમારી " ગોનોકયુરા " નામની દવાની અજમાએસ લઇ ખાતરી કરવી. તેની કીમત સરવેને સવલ પડે માટે ફકત રૂ. ૧) રાખી છે.

હરસ તથા મસાને માટે ખાસ થંડો મલમ.

આએ મલમથી હરસ તથા મસામાંથી પડતું લોહી બંધ થઈ સફરામાં ચીરા પડે છે તેને રૂજવી અકરસાત તથા સોજો નરમ પડી હરસ તથા મસા ચીમરાઈ જાએછે અને દરદીને સેહેજમાં લાંબો વખત સુધી આરામ રહે છે. જેની ખુબી એક વખત વાપરવાથી માલમ પડશે.

ઉપલી દવા મેસર્સ એદલજી બ્રધસને ત્યાંથી મારકીટમાં જુમા મસીદની સાંમેથી તથા હમારા પોતાના દવાખાંનામાંથી મળશે. હમારો મેલાપ સવારના ૭ થી ૧૨ અને સાંજના ૩ થી ૭ સુધી કાલબાદેવી ભાંગવાડીની સાંમે હમારા દવાખાનામાં થશે.

રૂસતમજી એદલજી હકીમ.

મી૦ બહમનજી નવરોજજી કાબરાજી કૃત.

નીચલી ચોપડીઓ વેચવાની છે:—

"દેલજગ દલેર." (વારતા) વધારેલી	કીંમત	રૂ૦	૨
"સીપાહબચ્ચાની સજ્જની." "	"	રૂ૦	૧।
"ધીરજનું ધન." (વારતા) ......"	"	રૂ૦	૨
"કાવલાની કાંહાંણી"—ભાગ ૧ લો (વારતા)	કીંમત	રૂ૦	૨।।
" —ભાગ ૨ જો (")	"	રૂ૦	૧।।
" —ભાગ ૩ જો (")	"	રૂ૦	૧
" —ભાગ ૪ થો (")	"	રૂ૦	૨।।
"એક પથ્થરના પ્રતાપ!" (વારતા)	કીંમત	રૂ૦	૧।।
"સંસાર." "	"	રૂ૦	૧
"સદગુણી શીરીનનાં સંકટો,"-ભાગ ૧ લો વધારેલી	કીંમત	રૂ૦	૧।
" —ભાગ ૨ જો	"	રૂ૦	૧।
" —ભાગ ૩ જો	"	રૂ૦	૧।।
" —ભાગ ૪ થો	"	રૂ૦	૨
"રસીકવારતા સંગ્રહ."—ભાગ ૧ લો	"	રૂ૦	૧।।
"ભુલનો ભોગ." (વારતા)	"	રૂ૦	૦।।
"કાચા કાનની ખરાબી." (નાટક) વધારેલી	કીંમત	રૂ૦	૧
"વફા પર જફા!" (નાટક)	"	રૂ૦	૦।।
"ગામરેની ગોરી." (નાટક)	"	રૂ૦	૦।।
"જુગાર." (નાટક) વધારેલી	"	રૂ૦	૧
"ભોલી ગુલ યાને ગુલની ભુલ."(નાટક)	"	રૂ૦	૦।।
"કલજુગ." (નાટક)	"	રૂ૦	૦।।
"બેહરા બેહેલાકાકા!" (ફારસ)	"	રૂ૦	૦।
"ભુલો પડેલો ભીમભાઇ." (ફારસ)	"	રૂ૦	૦।
"સુખલાજીનાં સંકટો." (ફારસ)	"	રૂ૦	૦।
"ખુશરો પરીચેહેરે" નાટકનાં ગાયણો.	"	રૂ૦	૦)=
"જુગાર નાટકનાં ગાયણો.	"	રૂ૦	૦)=
"એક પરણેતરનો પ્યાર (વારતા)	"	રૂ૦	૦।।

એ સઘલી ચોપડીઓ ઘણીજ રસીલી, નીતીમાન, અને વાંચવા જોગ છે, અને તે સઘલી તેના બનાવનાર પાસેથી કોટમાં ફ્રીઅર રોડ ખાતેનાં તેઓનાં ઘરમાં લખવા અથવા મંગાવાથી મલશે, તેનજ અતરેના સર્વ જાંણીતા બુકસેલરોને ત્યાંથી બી મલશે.

ફેંટા ! ફેંટા !! ફેંટા !!!

ખાસ વ આમ જરથોસ્તી સાહેબોને માનપુર્વક અરજ કરવામાં આવે છે જે હમોએ વીલાતના નામીચા કારખાંનાવાલાઓને વધુ દામ આપી ફેંટાઓના બાબમાં સુધારો તથા વધારો કરી ખાસ ઓરડરમાં માલ મંગાવ્યો છે. જે ખુદ નજરો નજર જોવાથીજ ખાતરી થશે. વલી રીંગ તથા તોપ એકજ સરખાં મેચ થતાં અને ફેશનએબલ તથા માલ મજબુત અને તકાઉ મંગાવ્યો છે, જે એકવાર જોઇ જવાની માનપુર્વક અરજ કરૂંછું.

☞ હમારા ફેંટા વીશે હમુનો ઘણા સદગ્રહસ્થો તરફથી સરતીફીકેતો મલી છે તે અમો સઘલી બાહેર ન પડતાં ફકત એકજ બસ સમજીએ છીએઃ—

"મારી પેહેલી સરતીફીકેત લખી આપીયા પછી ગુજરેલાં ત્રણ વરસમાં ભાઇ હોરમજી જમસેદજી મુલ્લાંએ ફેંટાઓ બનાવવાના પોતાના ધંધાને હુન્નરમાં જે સુધારો વધારો કીધો છે તેની ફરી એકવાર આ નોંધ લઉંછું. મારા ફેંટા ઉપરનાં કપડાંની ફાસીન હું સરેસતાની કપડાંની કાપલીઓ કરતાં જુદીજ તરાંહની લેવાડું છું, ને એ બાબદમાં ભાઇ હોરમસજીએ પોતાની ખંત ઉદયોગ અને ચાલાકીથી મને પુરતી ખાતરી આપી છે, તથા મારા ફેંટાની જોઈતી તરાંહ અને ભાતનું કપડું બજારમાં નહી મલવા છતાં પોતાની કલ્પના બુદ્ધીથી બનાવીને એવણે મને રાજી કીધો છે."

સહી. કેખુશરો નવરોજજી કાબરાજી.
"રાસ્ત ગોફ્તાર," તા. ૩૧મી મેહે ૧૮૯૬.

સરકેસીઅન હેર ઑઇલ.

ઓરતોની ખુબસુરતીનું મુખ્ય કારણ લાંબા, કાલા ને ચલકતા બાલ;

ત્યારે જી. એ. રોઝ એન્ડ કંપનીનું બનાવેલું સરકેશીઅન હેર ઓઇલ કેમ નથી વાપરતાં ? કે જેમાં નીચે પ્રમાણે ફાયદાઓ છે. આ તેલ તડકાંમાં ફરનારાઓ તથા જેઓને મગજ સાથે હરદમ કામ પડતું હોય તેઓને ઘણુંજ ફાયદાકારક છે. એ તેલ હમેશાં લગાડવાથી માથાનાં દરદને તથા ભેજાંની કમતાકાતને દુર કરી મગજને તરાવત આપે છે. તે ઉપરાંત માથામાં થતો ખોરો તથા જુને અટકાવે છે અને બાલને લાંબા, કાલા ચલકતા અને નરમ કરે છે. નજલાથી સફેદ અને કોઇબી કારણથી ખરી જતા બાલને અટકાવે છે, અને બાલની જડને મજબુત કરે છે. એ તેલ લગાડવાથી બાલ ચીકણા થતા નથી, તેમજ એ તેલ ખુશબોદાર છે.

જેઓને એ તેલ વીશે ખાતરી કરવી હોય તેઓને અરજ કરીએ છીએ કે એક વખત વાપરીને ખાતરી કરવી.

કીંમત શીશી એકના ૧૦ આના.

વેપારીઓને સારૂં કમીશન આપવામાં આવશે.

જી. એ. રોઝ એન્ડ કંપની,

જથાબંધ તથા પરચુરણ દવા બનાવનાર અને રચનાર.

ઠેકાણું—અબદુલરેહમાન સ્ટ્રીટ, જુની મછીબજાર, મુંબઈ.

જીંદગીનો ખરો હીમાએતી.

તાવ—એ એક સાધારણ રોગ છે પણ જ્યારે તે વિક્રાળરૂપ ધારણ કરે છે ત્યારે કોઈ દવા કારગત ન થતાં માણસનો જાન જોખમમાં આવી પડે છે. રોજીંદો તાવ, આંતરીયો તાવ, ચોથીયો તાવ, ટાઈફોઈડ ફીવરઉલટતો તાવ યા ફાટી નીકલતો તાવ, ટાઢીયો જુનો તાવ રીમીટંટ ફીવર મરકીનો તાવ, રાતો તાવ, જંગલનો ઝેરી તાવ—

આ તાવોમાંથી ગમે તેવો તાવ હોએ તે સરવેને દુર કરવાની શકતી આ ગુણકારી દવા ધરાવે છે, કારણ કે એમાં સરવે જાતના તાવને નરમ કરી નાખી તેને દુર કરનારા અકસીર વસાણાઓની મેલવણી કરેલી છે, એટલુંજ નહી પણ હાલની છેલી સોધ અને ખોલથી જાહેર થએલી ઘણી કીમતી દવાઓ એ મધે આવેલી છે, અને એ વસાણા ગુણગારા હોવા સાથ મુદલ કોઇ બીજી રીતે અડચણ કરતાં નથી અને મેલવણી એવી સંપુરણ અને છેલી શોધ પરમાણે સુચવેલી રીતી મુજબ કરવામાં આવેલી છે, કે જેથી બીજી દવાઓ માફક એ દવા પાચન શકતીને નુકશાન કરતી નથી તેમજ બીજી દવાઓ પીધ પછી પેટમાં આગ ઉઠે છે તેમ એમાં થતું નથી અને હમો હમાર લાંબા વખતના અનુભવપરથી કહીએ છીએ કે આ અસરકારક દવ ઉપર કહેલા તાવોમાંના કોઈ બી તાવપર માત્ર ત્રણજ ભાગ પીધાથી ફાએદો કરે છે. આએ ગુણકારી દવાની વધુ સીફારસો કરવા કરતાં એક વખતજતી અનુભવ મેળવ્યાથી પુરતી ખાતરી થશે.

કીમત શીશી ૧)ના આના ૧૦

જી. એ. રોઝ. એન્ડ કું.

ઇંગરેજી તથા ગામથી બનાવટની દવાઓ તેમજ બધી જાતના શરબતો વગરે જથાબંધ તથા છુટક વચનાર.

અબદુલ રહેમાન સ્ટ્રીટ, જુની મછીબજાર, મુંબઇ.

જાદુના ખેલો કરવા શિખવું છે કે ?

ખાનગી કુટુંબોમાં, કલબોમાં, જાત્રા, મેલાવડામાં તેમજ જાહેર રીતે નાટકશાલામાં જાદુના ખેલો કરવા શિખવું હોય તો હમારી પાસે જાદુના ખેલોનો તૈયાર સામાન વેચાતો મળે છે તે ખરીદ કરવો. તે સામાનને ચીત્રવાલો કયાટલાગ જોઈએ તો ચાર આનાની પોસ્ટની તીકીત મોકલી મંગાવજો.

એ સામન સિવાય જાદુના ખેલોનાં નીચે પ્રમાણે પુસ્તકો પણ હમારી પાસે છાપેલા તૈયાર છે. એ પુસ્તકોપર નામીચા વિદ્વાન લોકોના સારા અભીપ્રાય આવેલા છે. વધુ ખુલાસા માટે પોસ્ટની તીકીટ મોકલવાથી હેંડબીલ મોકલવામાં આવશે.

પંજાબી લાગબાજી—એમાં જરબ કામ કરનારા રફ્‌ઈ લોકો જે લાગબાજીના ચમત્કારો કરે છે તેની ક્રીયા સહિત ખુલાસો ઘણાં ચીત્રો કાઢી કીધો છે, જેમકે—કબુતર કાપી છુટા કીધેલાં ધડને શીર પાછુ લગાડતાંજ જીવતું થઇ ઉડી જવું ! કબુતરની પીઠમાંથી પેટમાં છરી આરપાર ભોંકી ટાંગી રાખવું ! કબુતરના પગને મોટો પથર બાંધી લટકાવવો ! બે માણુસનું માથું, હાત, પગ, વિગેરે શરીરના જુદા જુદા કટકા કરી દેખાડવા ! વચમાં અધર ટાંગી રાખેલી **ઘડીયાલ** બેદકપર માણુસનું માથું કાપી રાખવું ! માણુસની પાંસળીઓમાં આરપાર તરવાર ભોકીને અધર ટાંગી રાખવો ! માણુસને **કાપી** અધર લટકાવવો ! બે માણુસોની પીઠમાંથી પેટમાં ભાલો આરપાર ભોંકી તે પરજ સુવાડી રાખવા ! પોતાની જીભને ભોક પાડી તેમાંથી રૂમાલ આરપાર કાઢવો ! લોઢાંની સળી જીભમાં આરપાર ભોકવી, ગાલમાંથી છરી આરપાર મોકલી માણુસનાં પેટમાં અને કમરમાં છરી ભોકવી ! માણુસનુ નાક કપાવું !

કેળું, રીંગણું, પાનનું બીડું એઓને પાણી ભરેલો ઘડો અથવા મોટો પથ્થર લટકાવી રાખવો ! કેળના પાનને માણસ લટકાવી રાખવો ! મોતી, એલચી વિગેરેને મોટો પથ્થર લટકાવી રાખવો ! પેટમાં તથા પીઠમાં ભોકેલી બે છરીમાં કબુતર લટકાવી રાખવું ! આંખમાં સળી ભોકવી, વિગેરે. આવી જાતના ૨૫ ખેલો છે. દરેક ખેલનો ખુલાસો ઘણાં ચીત્રો કાઢી કીધા છે. કીંમત રૂ. ૨, ટપાલ ખર્ચ આના બે.

જાદુના અદ્દભુત કાર્ડ.

આમાં પાંચ જાતના ખાસ રીતે બનાવેલા કાર્ડનાં પાંચ બંડલો છે, તેથી પાંચ જાતનાં ઘણાજ અજાએબ અને હેરત ભરેલા પાંચ બંડલો સામે ખેલ કરવાની વિગતના પુસ્તકની કીંમત રૂ. ૧. ટપાલ ખર્ચ ૧ આનો.

એ પુસ્તકો નીચલે સરનામે વેચાતાં મળે છે.

પ્રો. જી. એમ. કાર્લેકર.

ઠે૦—બહારકોટ, ડંકન રોડની પછવાડે પંચમુખી મારૂતીની કાપડ ગલીમાં, ઘર નં. ૨૩, ગીરગાંમ પોસ્ટ,—મુંબઇ.

એક પરણેતરનો પ્યાર–પૈસો?

એક વારતા.